# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
સોનાક્ષીનાં લગ્નમાં બંને ભાઈઓ કેમ હતાં ગાયબ...?





પેજ-09
ગેબ્રિયલના બે ગોલની મદદથી આર્સેનલે ક્રિસ્ટલ પેલેસને 5-1થી હરાવ્યું


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 24.00 | 16.00 |
| વડોદરા | 26.00 | 17.00 |
| સુરત | 27.00 | 18.00 |




પેજ 5 — પરિવહન સરળ : થ્રી વ્હીલર ડીઝલ વાહનોની જગ્યા ઈવી લઈ લેશે, વેચાણ...


**24 DECEMBER-2024 TUESDAY**


કોણ છે શ્રીરામ કૃષ્ણન જેને ટ્રમ્પે સોંપી મોટી જવાબદારી, શ્રીરામ વ્હાઈટ... — પેજ 10




**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 78540.17 ▲ | 498.58 |
| નિફ્ટી | 23753.45 ▲ | 165.95 |
| સોનું | 76,267.00 ▲ | 153.00 |
| ચાંદી | 89,139.00 ▼ | 747.00 |


વર્ષ-14 । અંક-037 । વિક્રમ સંવત-2081 । માગશર વદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## બરફની પાટ બન્યું શ્રીનગરનું દાલ લેક



**બદ્રીનાથમાં ધોધ જામી ગયો, ઝાડ અને ઝરણાં પર જામ્યા બરફના થર**

ચિલ્લાઈ કલાનના ત્રીજા દિવસે દાલ લેક પણ થીજી ગયું હતું. અહીં તળાવના પાણીમાં બરફનો અડધો ઈંચ જાડો પડ જામી ગયેલો જોવા મળે છે. બદ્રીનાથ ધામ પાસે ઉવર્શી ધારાનું ઝરણું સતત પડી રહેલાં હિમવર્ષાના કારણે આખેઆખું જામી ગયું છે. હવામાન વિભાગે 23 28 ડિસેમ્બર વચ્ચે મધ્યપ્રદેશમાં વરસાદ અને કરા પડવાની ચેતવણી જાહેર કરી છે. આજે રાજસ્થાનમાં પણ વરસાદની સંભાવના છે.

## રોજગાર મેળામાં 71000 યુવાઓને આપ્યા નિમણૂક પત્રો

# PM મોદીએ યુવાઓને આપી મોટી ભેટ

(એજન્સી) નવીદિલ્હી । તા. 23

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે દેશના 45 સ્થળોએ આયોજિત રોજગાર મેળામાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 71 હજાર યુવાનોને જોઈનિંગ લેટરનું વિતરણ કર્યું હતું. 2024ની લોકસભા ચૂંટણી પછી વડાપ્રધાન મોદીના ત્રીજા કાર્યકાળનો આ બીજો જોબ ફેર છે. પીએમ મોદીએ કહ્યું- અમારી સરકારમાં છેલ્લા દોઢ વર્ષમાં લગભગ 10 લાખ કાયમી નોકરીઓ આપવામાં આવી. અગાઉની સરકારોએ આવું કર્યું ન હતું. આજે યુવાનો માટે નવી તકો ઊભી થઈ રહી છે. રોજગાર મેળો ઓક્ટોબર 2022માં શરૂ થયો હતો. અત્યાર સુધીમાં 14 મેળામાં 9.22 લાખથી વધુ યુવાનોને નોકરી આપવામાં આવી છે. આ પહેલા 29 ઓક્ટોબર 2024ના રોજ છેલ્લો રોજગાર મેળો યોજવામાં આવ્યો હતો, જેમાં 51 હજારથી વધુ લોકોને જોઈનિંગ લેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**આજે આપણે** વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયા છીએ અને ભારત ત્રીજા નંબરની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ધરાવે છે. ભારતે તેના અવકાશ અને સંરક્ષણ ક્ષેત્રોમાં નીતિઓ બદલી છે અને ઉત્પાદન પર ભાર મૂક્યો છે. ભારતના યુવાનોને તેનો લાભ મળ્યો. તે નવા આત્મવિશ્વાસથી ભરેલો છે. તે દરેક જગ્યાએ પોતાનો ધ્વજ લહેરાવે છે.



**22 ઓક્ટોબર 2022થી થઈ હતી શરુઆત :** રોજગાર મેળાની શરુઆત 22 ઓક્ટોબર 2022ના રોજ થઈ હતી. હાલમાં જ સંસદના શિયાળુ સત્રમાં સરકારે જણાવ્યું હતું કે, અત્યાર સુધી રોજગાર મેળા દ્વારા લાખો યુવાનોને નોકરી આપવામાં આવી છે.ભારતે 2047 સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવાનું વચન આપ્યું છે. અમને આ સંકલ્પમાં વિશ્વાસ છે અને ધ્યેય હાંસલ કરવાનો વિશ્વાસ છે, કારણ કે ભારતના પ્રતિભાશાળી યુવાનો ભારતની દરેક નીતિ અને દરેક નિર્ણયના કેન્દ્રમાં છે. આજે દેશના લાખો યુવાનોને નોકરીઓપૂરી ઈમાનદારી અને પારદર્શિતા સાથે આપવામાં આવી રહી છે. કોઈપણ દેશનો વિકાસ તેના યુવાનોની મહેનત, ક્ષમતા અને નેતૃત્વથી થાય છે.

### છેલ્લા દોઢ વર્ષમાં 10 લાખ યુવાનોને કાયમી નોકરી આપી

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, છેલ્લા 10 વર્ષથી સરકારના વિવિધ મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓમાં સરકારી નોકરીઓ આપવાનું અભિયાન ચાલી રહ્યું છે. આજે પણ 71 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્ર આપવામાં આવ્યા છે. છેલ્લા દોઢ વર્ષમાં સરકારે લગભગ 10 લાખ યુવાનોને કાયમી સરકારી નોકરી આપી છે. ભારતના યુવાનો આજે નવા આત્મવિશ્વાસથી ભરેલા છે. તે દરેક ક્ષેત્રમાં પોતાનો નામ સ્થાપિત કરી રહ્યો છે.

### દેશભરમાં 40 સ્થળોએ રોજગાર મેળાનું આયોજન

આ પહેલા ગત ઓક્ટોબર મહિનામાં વડાપ્રધાન મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રોજગાર મેળામાં યુવાનોને 51,000 થી વધુ નિમણૂંક પત્રો આપ્યા હતા. દેશભરમાં 40 સ્થળોએ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેસૂલ વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગૃહ મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય જેવા વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં ભરતી કરાયેલા લોકોએ તેમાં ભાગ લીધો હતો.

# ઉત્તરપ્રદેશમાં એન્કાઉન્ટરમાં 3 ખાલિસ્તાની આતંકવાદી ઠાર

## પીલીભીતમાં STF અને પંજાબ પોલીસનું ઓપરેશન, ગુરદાસપુરમાં પોલીસચોકી પર ગ્રેનેડ હુમલો કર્યો હતો

(એજન્સી) પીલીભીત । તા. 23

યુપીના પીલીભીતમાં એન્કાઉન્ટરમાં 3 ખાલિસ્તાની આતંકવાદી માર્યા ગયા છે. STF અને પંજાબ પોલીસે સોમવારે વહેલી સવારે આ ઓપરેશન હાથ ધર્યું હતું. માર્યા ગયેલા તમામ આતંકીઓ ખાલિસ્તાની કમાન્ડો ફોર્સના હોવાનું કહેવાય છે. તેમણે પંજાબના ગુરદાસપુર જિલ્લામાં પોલીસ ચોકી પર ગ્રેનેડ હુમલો કર્યો હતો. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી બે એકે-47 રાઈફલ, બે ગ્લોક પિસ્તોલ અને મોટી માત્રામાં કારતૂસ મળી આવ્યાં છે. આ એન્કાઉન્ટર પીલીભીતના પુરનપુર કોતવાલી વિસ્તારમાં થયું હતું. માર્યા ગયેલા આતંકવાદીઓ ગુરદાસપુરના રહેવાસી ગુરવિંદર સિંહ, વીરેન્દ્ર સિંહ ઉર્ફે રવિ અને જસપ્રીત સિંહ ઉર્ફે પ્રતાપ સિંહ છે. એન્કાઉન્ટરમાં ગોળી વાગ્યા બાદ તમામને પુરનપુર સીએચસીમાં લાવવામાં આવ્યા હતા. ત્યાં તબીબોએ તમામને મૃત જાહેર કર્યા હતા.



### આતંકવાદીઓએ 30 મિનિટમાં 100 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું

એન્કાઉન્ટર ટીમના એક અધિકારીએ જણાવ્યું - આતંકવાદીઓ પાસે AK-47 હતી. પંજાબ પોલીસને પહેલેથી જ અંદાજ હતો કે આતંકીઓ પાસે મોટા હથિયારો છે. તેથી, પીલીભીત પોલીસના એસપી અવિનાશ પાંડેએ જવાનોને લાંબા અંતરના હથિયારો સાથે લીધા હતા.પોલીસને ઘેરાયેલી જોઈને આતંકવાદીઓએ પોલીસ પર ગ્રેનેડ ફેંક્યા હતા.

### આતંકવાદીઓ ઘેરાઈ ગયા ત્યારે તેમણે પોલીસ પર ગોળીબાર કર્યો : SP

પીલીભીતના SP અવિનાશ પાંડેએ કહ્યું- સોમવારે સવારે પંજાબની ગુરદાસપુર પોલીસની ટીમ પુરનપુર પોલીસ સ્ટેશન પહોંચી હતી. જાણકારી મુજબ થોડા દિવસો પહેલા ગુરદાસપુરમાં બક્ષીવાલ પોલીસ ચોકી પર ખાલિસ્તાની આતંકવાદીઓએ ગ્રેનેડ હુમલો કર્યો હતો. તેઓ પુરનપુર વિસ્તારમાં છુપાયા હોવાની માહિતી મળી હતી. સમગ્ર જિલ્લામાં તાત્કાલિક નાકાબંધી કરી દેવામાં આવી હતી. ચેકિંગ શરૂ કરાયું હતું. આ દરમિયાન ખબરિયા પોઈન્ટ પર તહેનાત પોલીસે માહિતી આપી હતી કે એક બાઈક પર ત્રણ શકમંદો જોવા મળ્યા હતા. તેમની પાસે કેટલીક શંકાસ્પદ વસ્તુઓ છે. તે બાઈક પર પીલીભીત તરફ ગયા હતા. પંજાબ પોલીસ અને પુરનપુર પોલીસે તેમનો પીછો કર્યો હતો.

# હવે નાપાસ વિદ્યાર્થીઓને ઉપરના ધોરણમાં નહીં મળે પ્રમોશન

## કેન્દ્રનો મોટો નિર્ણય

(એજન્સી) નવીદિલ્હી । તા. 23

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે શિક્ષણ પોલિસીમાં મોટો ફેરફાર કર્યો છે. મંત્રાલયે 'નો ડિટેન્શન પોલિસી' ખતમ કરી દીધી છે. આ નિર્ણય મુજબ હવે ધોરણ-5 અને ધોરણ-8ના અસફળ થનારા વિદ્યાર્થીઓને નાપાસ કરવામાં આવશે. આ વિદ્યાર્થીઓને પોતે જે ધોરણમાં હતા, તે ધોરણ પાસ કરવા માટે વધુ એક તક અપાશે. આ નવી પોલિસીનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓની શીખવાની ક્ષમતામાં અને શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો કરવાનો છે.

■ **ધો.5 અને 8ની વાર્ષિક પરીક્ષામાં અસફળ રહેનારા વિદ્યાર્થીઓને ફેલ કરાશે :** કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો લાવવાના આશયથી 'નો ડિટેન્શન પોલિસી' બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ પોલિસી અંગે ઘણા વર્ષોથી ચર્ચાઓ ચાલતી હતી, જોકે હવે નવા નિયમ મુજબ ધોરણ-5 અને ધોરણ-8ની વાર્ષિક પરીક્ષામાં અસફળ રહેનારા વિદ્યાર્થીઓને ફેલ કરવામાં આવશે.

■ **વિદ્યાર્થીઓના ભણતરમાં વધુ સુધારો કરવા નિર્ણય લેવાયો :** શિક્ષણ મંત્રાલયના સચિવ સંજય કુમારે કહ્યું કે, વિદ્યાર્થીઓના ભણતરમાં વધુ સુધારો થાય તે હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે બાળકોમાં શિખવાની ક્ષમતામાં ઘટાડો રોકવા માટે આ નિર્ણયને યોગ્ય ગણાવ્યો છે.

### વિદ્યાર્થીઓને બીજી તક અપાશે

ધોરણ-5 અને ધોરણ-8 માટેના નવા નિયમ મુજબ, નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે મહિનાની અંદર ફરી પરીક્ષા આપવાની તક અપાશે. આ પરીક્ષામાં પણ નાપાસ થશે તો તેમને આગામી ધોરણમાં પ્રમોટ કરવામાં નહીં આવે. આ સાથે સરકારે એવું પણ કહ્યું છે કે, 'ધોરણ 8 સુધી કોઈપણ વિદ્યાર્થીને શાળામાંથી કાઢી મૂકવામાં આવશે નહીં.' મંત્રાલયના આ નિર્ણયથી કેન્દ્રીય વિદ્યાલયો, નવોદય વિદ્યાલયો અને સૈનિક શાળાઓ સહિત 3000થી વધુ કેન્દ્ર સરકાર સંચાલિત શાળાઓને અસર થશે.

## બાંગ્લાદેશ સરકારનો ભારતને પત્ર

# શેખ હસીનાને પાછા મોકલો, અમારે કેસ ચલાવવો છે

(એજન્સી) ઢાકા । તા. 23

બાંગ્લાદેશે ભારતને પત્ર લખીને પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પ્રત્યાર્પણની માંગણી કરી છે. બાંગ્લાદેશના વિદેશ બાબતોના સલાહકાર તૌહીદ હુસૈને જણાવ્યું હતું કે, અમે ભારત સરકારને અપીલ કરી છે કે બાંગ્લાદેશ સરકાર શેખ હસીના ન્યાયિક પ્રક્રિયા માટે બાંગ્લાદેશ પરત ફરે તેવુ ઈચ્છે છે. સોમવારે જ ગૃહ બાબતોના સલાહકાર જહાંગીર આલમે જણાવ્યું હતું કે 'અમારા મંત્રાલયે વિદેશ મંત્રાલયને પત્ર લખીને ભારતમાંથી પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાને પરત લાવવાની માંગ કરી છે. બાંગ્લાદેશનું વિદેશ મંત્રાલય ભારત પાસે શેખ હસીનાના પ્રત્યાર્પણની માંગ કરી રહ્યું છે.' ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પ્રત્યાર્પણ સંધિ રાજકીય કેસ સિવાય ગુનાઓમાં સામેલ વ્યક્તિઓના પ્રત્યાર્પણની મંજૂરી આપે છે. જોકે, બાંગ્લાદેશના પૂર્વ પીએમ શેખ હસીના પર સામૂહિક હત્યા, લૂંટ અને બનાવટના આરોપો લગાવવામાં આવ્યા છે.



## ધર્મનું અધૂરું જ્ઞાન અધર્મ તરફ દોરે છે

# ધર્મની યોગ્ય શિક્ષા મળે : મોહન ભાગવત

### પૂરતી સમજણ ન હોવાના લીધે દુનિયાભરમાં અત્યાચાર થયા

(એજન્સી) અમરાવતી । તા. 23

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે કહ્યું કે ધર્મને સમજવો ખૂબ જ મુશ્કેલ છે. ધર્મના નામે થતા તમામ અત્યાચાર ગેરસમજ અને ધર્મની સમજના અભાવને કારણે થયા છે. મહારાષ્ટ્રના અમરાવતીમાં મહાનુભાવ આશ્રમના શતાબ્દી સમારોહમાં બોલતા ભાગવતે કહ્યું- ધર્મ મહત્ત્વપૂર્ણ છે અને તેને યોગ્ય રીતે શીખવવો જોઈએ. ધર્મનું અયોગ્ય અને અધૂરું જ્ઞાન અધર્મ તરફ દોરી જાય છે. મોહન ભાગવતે 19 ડિસેમ્બરે પુણેમાં એક નિવેદનમાં પણ કહ્યું હતું કે મંદિર-મસ્જિદ વિવાદને દરરોજ ઉઠાવવો યોગ્ય નથી. કેટલાક લોકો એવું વિચારે છે કે આમ કરવાથી તેઓ હિન્દુઓના નેતા બની જશે.



### ભાગવતના નિવેદનના મહત્ત્વના મુદ્દા

- » ધર્મ હંમેશા અસ્તિત્વમાં છે અને દરેક વસ્તુ તેના અનુસાર કાર્ય કરે છે અને તેથી તેને સનાતન કહેવામાં આવે છે, સૃષ્ટિની શરૂઆતથી અંત સુધીની સંહિતા સનાતન ધર્મ છે.
- » ધર્મ એ સત્યનો આધાર છે. તેથી ધર્મનું રક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે. સંપ્રદાય ક્યારેય લડવાનું શીખવતો નથી, તે હંમેશા સમાજને એક કરે છે. તે સત્ય, અહિંસા, શાંતિ અને સમાનતાની ભાવનાને જાગૃત કરે છે.
- » ધર્મને સમજવા માટે સંપ્રદાયો જરૂરી છે, કારણ કે તેમના વિના કોઈ માર્ગ આગળ વધી શકતો નથી. બાબાએ સમજાવ્યું છે, આના માટે બુદ્ધિની જરૂર છે. જેની પાસે બુદ્ધિ છે તેને આપણે સંપ્રદાય કહીએ છીએ.

## કેન્દ્ર સરકાર પર ભડક્યા પ્રિયંકા ગાંધી

# નોકરીના ફોર્મ પર 18% GST, પેપર લીક, યુવાઓના નાણાં ડૂબ્યાં

(એજન્સી) નવીદિલ્હી । તા. 23

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પરીક્ષાના ફોર્મ પર જીએસટી વસૂલવા મામલે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે દાવો કર્યો છે કે, 'કેન્દ્ર સરકાર પરીક્ષાનું ફોર્મ પર જીએસટી વસૂલી રહી છે. જે માતા-પિતાએ પોતાના બાળકોની પરીક્ષાની તૈયારી માટે એક-એક પૈસા બચાવ્યા હતા, તેઓના સપનાને કેન્દ્ર સરકારે આવકના સોર્સમાં બદલી નાખ્યો છે.' કેરળની વાયનાડ બેઠકના સાંસદ પ્રિયંકા ગાંધીએ સોશિયલ મીડિયા એક્સ પર સુલ્તાનપુરના કલ્યાણ સિંહ સુપર સ્પેશિયાલિટી કેન્સર ઈન્ટીટ્યૂટનું પરીક્ષા ફોર્મ શેર કર્યું છે, જેમાં પરીક્ષાના ફોર્મ પર 18 ટકા જીએસટી નાખ્યું હોવાનું જોવા મળી રહ્યું છે. તેમણે એક્સ પર પોસ્ટમાં લખ્યું છે કે, 'ભાજપ યુવાઓને નોકરી આપી શકતી નથી, પરંતુ પરીક્ષાના ફોર્મ પર 18 ટકા જીએસટી લગાવી તેમના ઘા પર મીઠું ભભરાવવાનું કામ શરૂ કરી રહી છે. જો ફોર્મ ભર્યા બાદ સરકારની નિષ્ફળતા અથવા ભ્રષ્ટાચારના કારણે પેપર લીક થાય તો યુવાઓના નાણાં બરબાદ થઈ જાય છે.'



# સંસદમાં ધક્કામુક્કી : પોલીસે માંગ્યા CCTV ફૂટેજ, ઘટના રીક્રિએટ કરાશે

(એજન્સી) નવીદિલ્હી । તા. 23

સંસદના મકર ગેટ નજીક ભાજપ અને કોંગ્રેસ વચ્ચે થયેલી ધક્કામુક્કી મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. દિલ્હી પોલીસ હવે આ મામલે તપાસ આગળ ધપાવી છે અને સંસદ સંકુલના સીસીટીવી ફૂટેજ એકત્રિત કરશે. સૂત્રોના જણાવ્યાનુસાર, દિલ્હી પોલીસે આ અંગે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા પાસે મંજૂરી પણ માંગી છે. 19મી ડિસેમ્બરે સંસદની બહાર વિપક્ષના પ્રદર્શન દરમિયાન ધક્કામુક્કી થઈ હતી. જેમાં ભાજપના બે સાંસદ પ્રતાપ સારંગી અને મુકેશ રાજપૂત ઈજગ્રસ્ત થયા હતા. આ ઘટના પછી ભાજપે આરોપ લગાવ્યો હતો કે આ બંને સાંસદોને રાહુલ ગાંધીએ ધક્કો માર્યો હતો. 19મી ડિસેમ્બરની સાંજે ભાજપના સાંસદ હેમાંગ જોશી, અનુરાગ ઠાકુર અને બાંસુરી સ્વરાજ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે પોલીસે ભારતીય ન્યાયિક સંહિતા (BNS)ની કલમ 109 (હત્યાનો પ્રયાસ) હટાવીને અને ફરિયાદમાં આપવામાં આવેલી અન્ય તમામ કલમો ઉમેરીને કેસ નોંધ્યો હતો.

**પોલીસ રાહુલ ગાંધીને નોટિસ મોકલવાની તૈયારીમાં :** સૂત્રોના જણાવ્યાનુસાર, દિલ્હી પોલીસ ઘટનાસ્થળ પર રીક્રિએટ કરી શકે છે. આ ઉપરાંત પોલીસ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને તપાસમાં જોડાવા માટે નોટિસ મોકલવાની તૈયારી કરી રહી છે. ઈજાગ્રસ્ત સાંસદોના નિવેદન લીધા બાદ અને ફૂટેજ મેળવ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે જઈને ઘટનાસ્થળ પર રીક્રિએટ કરી શકે છે.

**આટલો બધો હંગામો કેમ થયો :** રાજ્યસભામાં બંધારણ પર ચર્ચા દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ડો. આંબેડકર પર ટિપ્પણી કરી હતી. આ અંગે વિપક્ષ ખૂબ જ આક્રમક મૂડમાં આવી ગયો હતો. કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષોએ આ નિવેદનને લઈને સંસદના બંને ગૃહોમાં ભારે હોબાળો મચાવ્યો હતો. ગૃહમંત્રી અમિત શાહે માફી માંગવી જોઈએ અને પોતાના પદ પરથી રાજીનામું આપવું જોઈએ તેવી વિપક્ષે માંગ કરી હતી.

# રામ મંદિર નિર્માણમાં સંઘની કોઈ ભૂમિકા નથી ભાગવત હિન્દુ ધર્મ વિશે નથી જાણતા: રામભદ્રાચાર્ય

(એજન્સી) નવીદિલ્હી । તા. 23

મંદિર-મસ્જિદનો વિવાદ દિવસેને દિવસે વધી રહ્યો છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે આ અંગે શરૂ થઈ રહેલા નવા વિવાદોને લઈને ટિપ્પણી કરી હતી. મોહન ભાગવતે કહ્યું હતું કે રામ મંદિરના નિર્માણ પછી કેટલાક લોકોને લાગે છે કે તેઓ નવી જગ્યાએ સમાન મુદ્દા ઉઠાવીને હિન્દુઓના નેતા બની શકે છે. જે અસ્વીકાર્ય છે. એવામાં હવે રામભદ્રાચાર્યની આ અંગે પ્રતિક્રિયા સામે આવી છે અને સંઘ અને ભાગવત પર ગંભીર આરોપો લગાવ્યા છે. રામભદ્રાચાર્યએ પણ રામ મંદિરને લઈને ઘણી મહત્વપૂર્ણ વાતો કહી છે. તેમણે કહ્યું કે રામ મંદિર નિર્માણમાં સંઘની કોઈ ભૂમિકા નથી. સંઘ ન હતો ત્યારે પણ હિન્દુ ધર્મ હતો. રામમંદિર આંદોલનમાં તેમની કોઈ ભૂમિકા નથી, ઈતિહાસ આનો સાક્ષી છે. અમે જુબાની આપી, તેમજ અમે 1984થી સંઘર્ષ કર્યો, આમાં સંઘની કોઈ ભૂમિકા નથી. સંભલમાં શરૂ થયેલા મંદિર-મસ્જિદ વિવાદ પર રામભદ્રાચાર્યએ કહ્યું કે, 'અમને અમારો ભૂતકાળ જોઈએ છે, સહઅસ્તિત્વનો અર્થ એ છે કે દરેક વ્યક્તિએ તેમના ધર્મનું પાલન કરવું જોઈએ.

### મોહન ભાગવત એક સંસ્થાના સંચાલક છે, હિન્દુ ધર્મના નહિ: રામભદ્રાચાર્ય

મોહન ભાગવતે કહ્યું હતું કે, 'દરરોજ એક નવો મામલો સામે આવી રહ્યો છે. આને કેવી રીતે મંજૂરી આપી શકાય? આ ચાલુ રાખી શકાતું નથી.' તેના પર રામભદ્રાચાર્યએ કહ્યું છે કે, 'મોહન ભાગવત એક સંસ્થાના સંચાલક છે, તેઓ હિન્દુ ધર્મના સંચાલક નથી. મોહન ભાગવતના નિવેદનો દુરંદેશી નહિ પરંતુ વ્યક્તિગત હોય શકે છે. મોહન ભાગવત પોતાની રાજનીતિ કરે છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને ભાવનગરના બગદાણા ખાતે ખેડૂત દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને આજે ભાવનગરના બગદાણા ખાતે રાષ્ટ્રીય ખેડૂત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બજરંગદાસજી સીતારામ સનાતન સંસ્થાન-બગદાણા દ્વારા આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ખેડૂત દિવસની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, આ ધરતી પર સૌના પેટ ભરવાનું કામ ખેડૂતો કરે છે, ખેડૂતો સૌથી મોટા પરોપકારી છે. તેમણે આવનારી પેઢીના ભલા માટે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાની અપીલ કરી હતી. તેમણે બજરંગદાસ બાપાને યાદ કરી તેમની પરોપકારી વૃત્તિની પણ સરાહના કરી હતી. બાળકોને



ઉચ્ચ શિક્ષણ અપાવવા તેમણે ખાસ અનુરોધ કર્યો હતો. રાજ્યપાલએ કહ્યું કે, ખેડૂતોને એ વાતનો ડર હોય છે કે, રાસાયણિક ખાતર નહીં વાપરીએ તો ઉત્પાદન ઘટી જશે. પરંતુ પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ઘટતું નથી, બલ્કે વધે છે. પ્રાકૃતિક ખેતીમાં ગાયનું છાણ અને ગૌમૂત્ર વરદાનરૂપ હોવાનું જણાવી તેમણે કહ્યું કે, પ્રાકૃતિક ખેતી માટે રાજ્ય સરકારે અભિયાન ચલાવ્યું છે. જેના પરિણામે આજે રાજ્યમાં લાખો ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, હિમાચલ પ્રદેશમાં પ્રાકૃતિક ખેતીને સફળ બનાવવામાં મહિલાઓનું બહું મોટું યોગદાન છે. ગુજરાતમાં પણ પ્રાકૃતિક ખેતી માટે બહેનો આગળ આવે એ માટે તેમને તાલીમ આપવામાં આવી રહી છે. પ્રાકૃતિક કૃષિ સખી તરીકે ગામની અન્ય મહિલા ખેડૂત બહેનોને તાલીમ આપનાર બહેનોને દર મહિને મહેનતાણું પણ આપવામાં આવશે. રાજ્યપાલએ ખેડૂતો સાથે સંવાદ સાધતાં કહ્યું કે, પ્રાકૃતિક ખેતી કરતા ભાવનગરના ખેડૂત શ્રી નારસંગભાઈ એક વીઘા જમીનમાંથી વર્ષે ત્રણ લાખની આવક મેળવે છે જ્યારે કચ્છના ખેડૂત શ્રી રતિભાઈ એક એકર જમીનમાંથી આઠ થી દશ લાખની આવક મેળવે છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું હતું કે, આપણા ઋષિ- મુનિઓએ વેદોમાં પણ 'ગાવો વિશ્વસ્ય માતરમ્' કહ્યું છે.

## જીલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા 27 ડીસેમ્બર 2024ના રોજ રોજગાર ભરતીમેળાનું આયોજન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

જીલ્લા રોજગાર વિનિમય કચેરી,ગાંધીનગર દ્વારા તા.૨૭/૧૨/૨૦૨૪નાં રોજ સવારે ૧૦:૩૦ કલાકે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ધો. ૧૦ પાસ,ધો ૧૨ પાસ,ડીપ્લોમાં (હોટલ મેનેજમેન્ટ) તથા ગ્રેજ્યુએટ ઉમેદવારો હાઉસ કીપિંગ એસોસિયેટ ની ખાલી જગ્યાઓ માટે ભાગ લઇ શકશે. શારીરિક સશક્ત પુરૂષ અને સ્ત્રી ઉમેદવારો ભાગ લઇ શકશે.ઉપરોક્ત યોજાનાર રોજગાર ભરતીમેળામાં જીલ્લાના પાત્રતા ધરાવતા તમામ રોજગારવાન્છું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા જણાવવામાં આવે છે. આ ભરતીમેળામાં રોજગાર ક્ચેરીમાં નામ નોંધણી કરાવેલ અને નોંધણી વગરના માત્ર ગાંધીનગર જીલ્લાનાં જ રોજગારવાંચ્છુ ઉમેદવારો ભાગ લઇ શકશે એમ જીલ્લા રોજગાર અધિકારી દ્વારા જણાવાયું છે. રોજગાર ભરતી મેળા મા ભાગ લેવા લીંક https://forms.gle/w9ZzucyqTJVCdJcE8 મા રજીસ્ટ્રેશન કરવું અને રૂબરૂ હાજર રહેવું.

## અંબાજી મંદિર ગિયોડ, ગાંધીનગર ખાતે યોજાયેલા કૃષિ સંવાદમાં વિવિધ જિલ્લા માંથી આવેલા 550 ખેડૂતોએ ભાગ લીધો



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

તા.૨૨-ડિસેમ્બરના રોજ, અંબાજી મંદિર ગિયોડ, ગાંધીનગર ખાતે આત્મનિર્ભર ગૌ પ્રાકૃતિક કૃષિ ગ્રુપ ગાંધીનગરના રજીસ્ટર્ડ થયેલા તમામ ખેડૂતો મળી કુલ ૫૫૦ ખેડૂતો હાજર રહ્યા હતા.આ કાર્યક્રમ દિલીપભાઈ સંઘાણી -ચેરમેન ગુજકોમાસોલ અને ઈફકો અધ્યક્ષતામાં યોજાયો હતો.જેમાં, હિતેન્દ્રભાઈ પટેલ-પ્રમુખ ગુજરાત રાજ્ય પ્રાકૃતિક ખેતી ફેડરેશન અને પ્રવક્તા ગુજરાત પ્રદેશ ભાજપ, ગોપાલ સુતરીયા- સંસ્થાપક બંસી ગીર ગૌશાળા અને ગોતીર્થ વિદ્યાપીઠ અમદાવાદ અને નિશા પાંડે મેડમ- નિયામક ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ-ગોતા અમદાવાદ સહિત મહાનુભાવો સાથે તમામ તાલુકાના ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન તથા ડાયરેક્ટરઓની ઉપસ્થિતિમાં સમયની માંગ પ્રમાણે ખેડૂતોને ઉત્પાદિત થયેલી વસ્તુઓ અને વેચાણ માટે વધારે સરળતા રહે તે માટે ચર્ચા કરવામાં આવી હતી.

# નવીનતા અને કૃષિને એકસાથે લાવવું ધાનુકા એગ્રીટેકનો કિસાન દિવસ

(એજન્સી) ગાંધીનગર । તા. 23

કિસાન દિવસ નિમિત્તે દેશના ખેડૂતોનું સન્માન કરવા માટે, ધાનુકા એગ્રીટેક લિમિટેડે પલવલ ખાતેના ધાનુકા કૃષિ સંશોધન અને ટેકનોલોજી કેન્દ્ર (DART) ખાતે ખેડૂત દિવસ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય જ્ઞાનની વહેંચણીને સરળ બનાવવા અને અગ્રણી વૈજ્ઞાનિકો સાથે ભારતીય કૃષિના ભાવિ અંગે ચર્ચા કરવા માટે આધુનિક ખેતીની તકનીકોમાં આંતરદૃષ્ટિ પ્રદાન કરવાનો હતો. આ કાર્યક્રમમાં ખેડૂતોના સશક્તિકરણ અને ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે



ધાનુકાની અતૂટ અને સતત પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી. તેમાં ખાસ કરીને ઘઉં, શાકભાજી અને સરસવ જેવા રવી પાકો પર કેન્દ્રિત પ્રદર્શન અને તાલીમ સત્રોનો સમાવેશ થાય છે. ખેડૂતોને અદ્યતન તકનીકો શીખવાની અને કૃષિ ક્ષેત્રના નિષ્ણાતો સાથે જોડાવવાની અનન્ય તક હતી. મુખ્ય અતિથિ શ્રી વિપુલ ગોયલ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી, શહેરી સ્થાનિક સંસ્થાઓ અને નાગરિક ઉડ્ડયન, કેબિનેટ મંત્રી, હરિયાણાએ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું.

## રાજુલા 65 ગામો માટે પાણીનો પ્રશ્ન દુર કરવા RWSS યોજનાનું ખાતમુહર્ત કરાયું

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

રાજુલા તાલુકાના ૬૫ ગામો માટે આશીર્વાદ રૂપ પાણીની યોજનાનું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું.જેમાં આજુબાજુના સરપંચો ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આજરોજ રાજુલા તાલુકાના ૬૫ ગામના પાણીના પ્રશ્ન નિરાકરણ માટે RWSS યોજના હેઠળ (૧૨ MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ) જેમાં સંપ,ઊંચી ટાંકી,પંપ હાઉસ આરસીસી રોડ તેમજ ૬૫ ગામની પાણીની પાઈપ લાઈન રૂ.૪૨,૬૨,૯૧,૧૪૧ કરોડના ખર્ચે મંજૂર થતા જેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું .રાજુલા મતક્ષેત્રમાં વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના પ્રશ્ને બાબત ગુજરાત સરકાર દ્વારા આ યોજના મંજૂર કરવામાં આવતા આ તકે ગુજરાત સરકારનો ગામજનો દ્વારા હૃદયથી આભાર માન્યો હતો આ તકે પ.પૂ મહેશ બાપુ, પીપાવાવ મહંતશ્રી જિલ્લા પંચાયત સદસ્ય વિક્રમભાઈ શિયાળ,પ્રતાપભાઈ પીપાવાવ ધામ, સાવજભાઈ લાખોણોત્રા ,ગૌતમભાઈ ગુજરિયા, ભેરાઇ ના સરપંચ વાલાભાઈ રામ,ભગાભાઈ રામ, બાબુભાઈ પીપાવાવ ધામ શિવમભાઈ મકવાણા, ભાઈ પાણી પુરવઠા ના ઢાકેસા કોન્ટ્રાક્ટર પી દાસ મિલર જેવી વહીવટ કરતા કિલ્લુભાઈ શુક્લા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# સિવાના સેવા સમિતિ, અમદાવાદનો સ્નેહ મિલન સમારોહ ખૂબ જ આનંદ સાથે સંપન્ન થયો

(એજન્સી) અમદાવાદ । તા. 23

રાજસ્થાન પ્રાંતના ગઢસિવાના શહેરના જૈન સમાજના પ્રવાસી ભાઈઓની સંસ્થા સિવાના સેવા સમિતિની સ્નેહમિલન સમારોહ નું આયોજન મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા તીર્થ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં સિવાના નાં પ્રવાસી પરિવારજનો ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમિતિના સચિવ મુકેશ આર. કંકુચૌપડાએ જણાવ્યું હતું કે સર્વપ્રથમ મહાવીર સ્વામીજીના ચિત્ર સમક્ષ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ કાર્યક્રમના અતિથિ વિશેષ હિમાંશુભાઈ શાહ (જીતો એપેક્સ વાઈસ ચેરમેન)



ગૌતમચંદ ચૌધરી (મેનેજિંગ ડિરેક્ટર સેનસ્ટાર ગ્રુપ) ) ડો. હસમુખ ભાઈ અગ્રવાલ (ડિરેક્ટર રેશમ બાઈ હોસ્પિટલ) સ્નેહમિલનના લાભાર્થી બાબુલાલજી સોનમલજી બાલડ , સિવાના સેવા સમિતિ અમદાવાદના પ્રમુખ અમીત બાલડ, આઉટગોઈંગ પ્રેસિડેન્ટ: દિનેશ શ્રીશ્રીમાલ, ટ્રેઝરર રણજીત કાનુંગા, કન્વીનરો: પરાગ બાગરેચા, લલિત રાંકા, નરેન્દ્ર જીન્નાનીએ દીપ પ્રાગટ્ય કર્યું અને મંચ મા તેમનું સ્થાન લીધું. અને નમસ્કાર મહામંત્રથી કાર્યક્રમની શરૂઆત થઈ.

## યંગ સાયન્સ લીડર - 2024 વિજ્ઞાન મોડેલ બનાવવાની સ્પર્ધામાં ટિમ્બર થવા સ્કૂલ બીજા ક્રમે

સુશીલ પવાર : ડાંગ

એલ. એન્ડ ટી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, નાયક ચેરીટેબલ ટ્રસ્ટ, અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, એલ. એન્ડ ટી. લી., હજીરા તથા જીલ્લા પ્રાથમિકશિક્ષણ અધિકારીની કચેરી, નવસારી અને ડાંગનાં સંયુક્ત ઉપક્રમે ડાંગ જીલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળામાં "યંગ સાયન્સ લીડર - ૨૦૨૪" વિજ્ઞાન મોડેલ બનાવવાની સ્પર્ધા ૨૦ અને ૨૧ ડીસેમ્બર,૨૦૨૪ નાં રોજ યોજવામાં આવી હતી.આ સ્પર્ધા માં ડાંગ જિલ્લાની ૬૫ જેટલી કૃતિઓ પસંદ કરવામાં આવી હતી તેમાંથી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળા ટીમ્બરથવાની કૃતિ સ્માર્ટ ગૅસ સ્ટવ એ બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. શાળાનાં બાળકો નરેન, વિજય અને રિકેશ એ શાળાના સ્ટાફ મિત્રો તેમજ ગણિત વિજ્ઞાનના શિક્ષક રોશનભાઈ અને અંકિતભાઇના માર્ગદર્શન હેઠળ તેમજ N Power team દિપકભાઈના માર્ગદર્શન માં તૈયારી કરવામાં આવી હતી .શાળાના મુખ્ય શિક્ષક ગણેશભાઈ બી. માવચી શાળાના બાળકો તેમજ શિક્ષકોને આવા દરેક કાર્યોમાં સતત માર્ગદર્શન, પ્રોત્સાહન તેમજ મદદકર્તા રહે છે. શાળાના બાળકોએ YSL Program માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી,બીજો નંબર પ્રાપ્ત કરી શિક્ષકો તેમજ ગામ અને શાળાનુ નામ રોશન કર્યુ છે.

## લકઝરી બસના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા બસ બાજુના ખાડામાં ઉતરી પડી

કિશન રોહિડા | જરોદ

હાલોલ થી વડોદરા તરફ ના મુખ્ય ધોરીમાર્ગ પર ના જરોદ ગામના એન ડી આર એફ કેમ્પ ની સામે આવેલ ઝાયડસ કંપની સામે ગત રાત્રીના રાજસ્થાન થી મુંબઈ તરફ જતી લકઝરી બસના ચાલકે એકાએક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા મુસાફરો ભરેલી લકઝરી બસ બાજુ ના ખાડા માં ઉતરી પડી હતી લકઝરી બસ માં સવાર 14 જેટલા મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચતા નજીક ની રેફરલ હોસ્પિટલમાં સારવાર બાદ સૌને રજા આપી દેવામાં આવી હતી અકસ્માત ની જાણ જરોદ પોલીસ સહિત ટોલ રોડ કંપની ને થતાં ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરાતાં લકઝરી બસ માં સવાર મુસાફરો બસ પલટે તે પહેલાં બારી માં થી કુદીને બહાર પડતાં સામાન્ય ઘવાયેલા મુસાફરો ને જરોદ રેફરલ હોસ્પિટલ માં સારવાર બાદ અન્ય વાહનો ના મારફતે મુંબઈ તરફ રવાના કરી સ્થાનિક વહીવટીતંત્ર એ રાહતનો દમ લીધો હતો એકંદરે અકસ્માત લકઝરી બસ નો હોય આજુબાજુ નાં રહીશો તેમજ રોડ પરથી પ્રસાર થતાં વાહન ચાલકો નો મેળાવડો કડકડતી ઠંડીમાં જામ્યો હતો સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા રોડ પર થયેલ ટ્રાફિક જામ ને હળવો કરી રાજ્ય ધોરીમાર્ગ ખુલ્લો કર્યો હતો.

# ઇકો સેન્સિટિવ ઝોન પ્રોજેક્ટ રદ કરવા અંગે કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રીને સંબોધીને ડાંગ કલેકટરને આવેદનપત્ર

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિએ વાંસદાના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં ઇકો સેન્સિટિવ ઝોન પ્રોજેક્ટ રદ કરવા અંગે કલેક્ટર મારફતે મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. ત્યારે આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર,ડાંગ જિલ્લો સંપૂર્ણ આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો છે. અને અનુસુચિત - 5 હેઠળ નો વિસ્તાર છે. અને સરકાર દ્વારા વારંવાર આદિવાસી વિસ્તારોમાં નિતનવા પ્રોજેક્ટ લાવી આદિવાસી સમાજનું અસ્તિત્વ અને સંસ્કૃતિ જોખમમાં મૂકવાનું રીતસરનું કાવતરું કરવામાં આવે છે. જેથી આદિવાસી સમાજે વારંવાર આંદોલન કરવા મજબૂર થવુ પડે છે. કારણ કે આવા પ્રોજેક્ટોના કારણે



ગરીબ આદિવાસી સમાજ પરિવાર વિહોણા, જમીન વિહોણા તેમજ તેમનું અસ્તિત્વ ને ખતમ કરવા માટે અને આદિવાસી સમાજને વધુ ગરીબ તેમજ મજૂર બનાવવા માટેનું આ ષડયંત્ર છે. અને આગામી વર્ષોમાં આવા પ્રોજેક્ટ ખુબ જ નુકશાન કારક છે. અને આવા પ્રોજેક્ટ લાવી ધનવાન પરિવારો માટેના હરવા ફરવા તેમજ ઔધોગિક એકમો માટે ધંધા માટે આ પ્રોજેક્ટ છે.આમાં આદિવાસીઓને કોઈપણ પ્રકારે ફાયદાકારક નથી. પરંતુ નુકશાનકારક છે. તો આવા પ્રોજેકટને તાત્કાલિક રદ કરવામાં આવે એવી આદિવાસી સમાજ તેમજ ડાંગ જીલ્લા કોંગ્રેસ સમિતિની માંગ છે.જો આ ઈકો સેન્સિટિવ ઝોન પ્રોજેકટ રદ કરવામાં નહીં આવે તો ઉમરગામ થી અંબાજી સુધી આદિવાસી સમાજ ને સાથે રાખી ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર વિરોધ કરવામાં આવશે.

## અંબાજી પાનસા નજીક દર્શન કરી રાત્રીના સમયે પરત ફરતાં ખાનગી લકઝરી બસ પર પથ્થર મારો કરી લૂંટવા નો પ્રયાસ કરાયો

અંબાજી : અંબાજી ધાટી વિસ્તારમાં અનેક વખત વાહનચાલકો લૂંટવા નાં બનાવો બન્યા છે ત્યારે ફરી એક વખત અંબાજી પાનસા નજીક દર્શન કરી રાત્રીના સમયે પરત ફરી રહેલી ખાનગી લકઝરી બસ પર પથ્થર મારો થયો હતો આ અગાઉ ૧૩ નવેમ્બર નાં રોજ અને ૩ નવેમ્બર નાં રોજ પણ આ પ્રકારના બનાવ બન્યા છે જે ઘટનાઓ અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી ત્યારે ફરી એક વખત ખાનગી લકઝરી બસ પર પથ્થર મારો થયો હતો એટલે પોલિસ વધું તપાસ હાથ ધરી છે આ બનાવ અંગે મળતી વિગતો મુજબ અંબાજી દર્શનાર્થે મહેસાણા થી ખાનગી લકઝરી બસ માં દર્શનાર્થીઓ આવ્યા હતા ત્યારે અંબાજી દર્શન કરી રાત્રીના સમયે મહેસાણા પરત જવા નીકળ્યા હતાં ત્યારે પાનસા નજીક અસામાજિક તત્વો દ્વારા બસ ને લૂંટવા નાં ઈરાદા સાથે બસ પર પથ્થર મારો કર્યો હતો જેથી બસનાં આગળ નાં કાચ તૂટી ગયાં હતાં સદનસીબે યાત્રાળુઓ ને કોઈ પણ પ્રકારની ઈજા પહોંચી નથી સમગ્ર ધટનાની જાણ પોલીસને થતા તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી હતી અને અસામાજિક તત્વો ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે દર્શનાર્થે આવતા યાત્રાળુઓ તેમજ સ્થાનિક અંબાજી નાં લોકો ની માંગ મુજબ રાત્રીના સમયે પોલીસ પેટ્રોલીંગ વધારવામાં આવે જેથી અવારનવાર આવી ધટનાઓ નાં બને અને અસામાજિક તત્વો ને ઝડપી કડક કાર્યવાહી કરવામાં આવે.

## નવા વર્ષ માટે પાર્ટીઓના આયોજનમાં વિદેશી દારૂની માંગ વધી : નર્મદા પોલીસ દ્વારા ખાસ ચેકીંગ

ભરત શાહ : નર્મદા

25 ડિસેમ્બરે નાતાલ પર્વ છે. અને આગામી 31 ડિસેમ્બર નવા વર્ષના વધામણાં કરવા ઠેર ઠેર પાર્ટી ડિનર નું આયોજન થતું હોય છે. ગુજરાતમાં ભલે દારૂબંધી પરંતુ સૌથી વધુ દારૂ આવા તહેવારો માં પીવાતો હોય, લોકોને દારૂ પહોંચાડવા બૂટલેગરો પણ સક્રિય થઈ દારૂ ની હેરાફેરી વધારી દેતા હોય જેમની માટે રાજ્યમાં દારૂની હેરફેરી અટકાવવા નર્મદા પોલીસે કડક ચેકીંગ શરૂ કરી દીધુ છે. જેમાં સાગબારા ધનસેરા ચેકપોસ્ટ, LCB, SOG સહિત જિલ્લામાં 200થી વધુ પોલીસ જવાનો સુરક્ષા માટે બોર્ડરો પર ખડકી દેવાયા છે, અને કડક ચેકીગ પણ પોલીસ અધીક્ષક પ્રશાંત સુમ્બેની સૂચનાથી પોલીસ કર્મીઓ ઠેર ઠેર તૈનાત કરી દેવામાં આવ્યા છે. નર્મદા જિલ્લો



ગુજરાત ની બોર્ડર પર આવેલો જિલ્લો છે. હાલ 25 મી.ડિસેમ્બર નાતાલ નો પર્વ હોય, જ્યારે આગામી 31 ડિસેમ્બર નો નવા વર્ષની ઉજવણી નો પર્વ હોય ગુજરાત માં વિદેશી દારૂને ઘુસાડવા માટે બૂટલેગરો સક્રિય બની મથામણ કરી રહ્યા છે. ત્યારે રાજ્યની મહત્વની સાગબારા ની ધનસેરા ચેકપોસ્ટ પર નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે એ કડક સૂચના આપી અને કડક ચેકીંગ કરવા LCB, SOG ની ટીમોને કામે લગાડી સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે.કોઈ દારૂ કે કોઈ કેફી પીણું ગુસાડવામાં ના આવે એ માટે ચેકપોસ્ટ પર કડક ચેકીંગ કરવામાં આવી રહી છે. આ બાબતે પોલીસ અધિક્ષક નર્મદા પ્રશાંત સુંબે એ જણાવ્યું હતું કે હાલ નવા વર્ષની ઉજવણી ને લઈને રાજ્ય ના શહેરો અને અન્ય ગામોમાં પાર્ટીઓનું યોજન થતું હોય છે. અને બુટલેગરો સક્રિય બનતાં હોય નર્મદા જિલ્લો ગુજરાત ની બોર્ડર છે.

## આદર્શ વિદ્યાલય વડગામ ખાતે 69 વિદ્યાર્થીઓને મળ્યું RIASEC ટેસ્ટ અને કેરિયર કાઉન્સેલિંગ

(માહિતી બ્યુરો,પાલનપુર)

જિલ્લા રોજગાર કચેરી, પાલનપુર દ્વારા આદર્શ વિદ્યાલય વડગામ ખાતે કેરિયર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધોરણ 10 અને 12ના કુલ 69 વિદ્યાર્થીઓએ RIASEC ટેસ્ટ આપ્યો હતો.

RIASEC ટેસ્ટ એક વ્યક્તિની રુચિઓ, કુશળતા અને વ્યક્તિત્વના આધારે તેના માટે યોગ્ય કેરિયર પસંદ કરવામાં મદદ કરતો એક સાધન છે. આ ટેસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને પોતાની શક્તિઓ અને નબળાઈઓને સમજવામાં મદદ મળે છે અને તેઓ પોતાના માટે યોગ્ય ક્ષેત્ર પસંદ કરી શકે છે. આ કાર્યક્રમમાં જિલ્લા રોજગાર કચેરીના કેરિયર કાઉન્સેલર નિમિષા પરમાર અને ગોકુલભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને ધોરણ 10 અને 12 પછીના વિવિધ અભ્યાસક્રમો અને કેરિયર વિકલ્પો વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત, તેમણે વિદ્યાર્થીઓને RIASEC ટેસ્ટના પરિણામોના આધારે કેવી રીતે કેરિયર પસંદ કરવું તે અંગે માર્ગદર્શન પણ આપ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરણ 10 અને 12ના કુલ 69 વિદ્યાર્થીઓએ RIASEC ટેસ્ટ આપ્યો હતો.

કાર્યક્રમના અંતમાં, કેરિયર કાઉન્સેલરોએ દરેક વિદ્યાર્થી સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરીને તેમને કાઉન્સેલિંગ આપ્યું હતું. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થયો છે અને તેમને પોતાનું ભવિષ્ય બનાવવા માટે એક નવી દિશા મળી છે.

**નામ બદલેલ છે**

મારુ નામ વેકરિયા ખ્યાતિબેન મેહુલકુમાર હતુ તે બદલીને વેકરિયા ખ્યાતિ મેહુલરાખેલ છે.
સરનામું:- ડી-૩૦૪, સૃષ્ટિ એપાર્ટમેન્ટ, વોક હાર્ટ હોસ્પિટલ સામે, કાલાવડો રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.

**નામ બદલેલ છે**

મારુ નામ વેકરિયા મેહુલકુમાર છગનલાલ હતુ તે બદલીને વેકરિયા મેહુલ છગનલાલ રાખેલ છે.
સરનામું:- ડી-૩૦૪, સૃષ્ટિ એપાર્ટમેન્ટ, વોક હાર્ટ હોસ્પિટલ સામે, કાલાવડો રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.

## બાંદ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલ ટ્રેનનું ગાંધીધામ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ

(એજન્સી) અમદાવાદ । તા. 23

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે, ટ્રેન નંબર 09473/09474 બાંદ્રા ટર્મિનસ-ભુજ સુપરફાસ્ટ સ્પેશિયલને ગાંધીધામ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. ઉપરોક્ત ટ્રેનની વિગતો નીચે મુજબ છે: 25મી ડિસેમ્બર, 2024ના રોજ ભુજથી ઉપડનારી ટ્રેન નંબર 09474 ભુજ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ગાંધીધામ સ્ટેશને ઉભી રહેશે. આ ટ્રેન ગાંધીધામ સ્ટેશને 16:50 કલાકે આવશે અને 17:10 કલાકે ઉપડશે.

## અબડાસા તાલુકાના નલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં અપૂરતી સુવિધાઓને તાત્કાલિક અશરથી પૂરી કરાવવા માટે બહુજન આર્મી દ્વારા નલિયામાં ધરણા આંદોલન કરાશે: લખન ધુવા

મહેશ એલ. સોની : નખત્રાણા

બહુજન આર્મીના સંથાપક લખન ધુવા દ્વારા હાલ જ બે ચાર દિવસ પહેલા નલિયા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્રની વિઝીટ કરવામાં આવી હતી. જેના અનુસંધાને લખન ધુવાએ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ને રૂબરૂ મુલાકાત કરી હતી અને લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરી હતી કે સામુહિક આરોગ્ય કેન્દ્ર નલીયા ટાઈપ (એ) માં આવે છે, અને નવી સ્ટાફ પેટર્ન સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે મંજુર થઈ છે, જે પ્રમાણે ત્રણ (3) મેડીકલ ઓફિસર અને પાંચ (5) સ્પેશિયાલિસ્ટ હોવા જોઈએ, જ્યારે સામુહિક આરોગ્ય કેન્દ્ર નલિયામા એક પણ કાયમી તબીબ



નથી જે વહેલી તકે તબિબોની ઘટ કાયમી પુરી કરવામા આવે અને એમ્બ્યુલન્સ પણ નથી તે પણ કાયમી બે (૨) એમ્બ્યુલન્સ આપવામાં આવે. અને સોનોગ્રાફિ તથા એક્ષરે જેવી સુવિધાઓ પણ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવામાં આવે તેમજ લેબોરેટરી વિભાગને કાયમી શરૂ રાખવામાં આવે ઉપરાંત નલિયા સામૂહિક કેન્દ્રનું બાંધકામ ૪૮ વર્ષથી જૂનું છે.તોડીને નવેસરથી બનાવવામાં આવે જેવી માંગો લખન ધુવાએ કરી છે. જો માંગો તાત્કાલિક પૂરી કરવામાં નહિ આવે તો અબડાસા તાલુકાનાની જનતાની સાથે રહી માંગો પૂરી કરાવવા માટે આંદોલન કરાશે તેવી ચીમકી પણ અપાઈ છે.

## સાંસદ ગેનીબેન ઠાકોરના અધ્યક્ષસ્થાને જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ (દિશા) સમિતિની બેઠક યોજાઇ

માહિતી બ્યુરો,પાલનપુર

કલેક્ટર કચેરી સભાખંડ,પાલનપુર ખાતે બનાસકાંઠાના સાંસદશ્રી ગેનીબેન ઠાકોરના અધ્યક્ષસ્થાને જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ (દિશા) સમિતિની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં'દિશા'બેઠકના અધ્યક્ષ અને સાંસદશ્રી ગેનીબેન ઠાકોરએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને ગુજરાત સરકારશ્રીની તમામ યોજનાઓ છેવાડાના વ્યક્તિઓ સુધી પહોંચે, લાભાર્થીઓને ઘર આંગણે જ વિવિધ સેવાઓનો લાભ મળે તથા વિશેષ ગ્રામ્ય કક્ષાએ વિવિધ વિકાસના કાર્યો થાય તે જરૂરી છે. આ દિશા બેઠકમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત થયેલ કામગીરી બાબતે ચર્ચા કરાઈ હતી. આ બેઠકમાં સાંસદ ગેનીબેન



ઠાકોરએ જિલ્લા વહીવટી તંત્રની સારી કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. બેઠકમાં તેમણે ખાસ કરીને દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધે તથા મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભર બને તે દિશામાં કામ કરવા સૂચન કર્યું હતું.આ સાથે ગ્રામીણ વિકાસ વિભાગ, કૃષિ ખેડૂત અને કલ્યાણ વિભાગ, પંચાયત રાજ, આવાસ અને શહેરી વિભાગ, જળ સંસાધનો નદી વિકાસ અને ગંગા સંરક્ષણ, પશુપાલન અને ડેરી, મહિલા ને બાળ વિકાસ, આરોગ્ય, પેય જળ અને સ્વચ્છતા વિભાગ, ભૂમિ અને સંસાધન, શિક્ષણ, પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ, ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન, સડક પરિવહન અને રાજમાર્ગ, ખાણ મંત્રાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ, લઘુ ને મધ્યમ ઉદ્યમ મંત્રાલય, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ જેવા વિભાગો અંતર્ગત ચાલતી વિવિધ યોજનાઓની સમીક્ષા કરી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## માતાજીનાં દર્શન કરી મહેસાણા જતી 3 લક્ઝરી બસ ઉપર પથ્થરમારો, અસામાજિક તત્ત્વોને પકડવા પોલીસે ટીમ બનાવી

# અંબાજી પાસે યાત્રિકોની બસ ઉપર પથ્થરમારો

અંબાજી | શક્તિપીઠ અંબાજીમાં માતાજીનાં દર્શન કરવા માટે હજારોની સંખ્યામાં ભક્તો દરરોજ આવે છે. હાલ થોડા સમયથી અંબાજીની આજુબાજુમાં વાહનો પર પથ્થરમારાની ઘટનાઓ જોવા મળી રહી છે. ગત રાત્રે (22 ડિસેમ્બર) અંબાજી નજીક યાત્રિકો ભરેલી ખાનગી લક્ઝરી બસ પર પથ્થરમારાની ઘટના બની હતી. અંબાજી આવતા તમામ માર્ગો પહાડી વિસ્તારથી ઘેરાયેલા છે. ત્યારે તેનો ફાયદો ઉઠાવી કેટલાંક અસામાજિક તત્ત્વો પથ્થરમારો કરી નાસી જાય છે.

પાનસા ગામ નજીક ગતરાત્રે અંબાજીથી મહેસાણા જતી 3 લક્ઝરી બસ ઉપર પથ્થરમારો થયો હતો. ભક્તો માતાજીનાં દર્શન કરીને પરત જતા હતા તે સમયે પથ્થરમારાની ઘટના બની હતી. કેટલાંક અસામાજિક તત્ત્વોએ બસના આગળના કાચને પણ તોડી નાખ્યા હતા. આ ઘટનામાં સદનસીબે તમામ યાત્રિકોનો આબાદ બચાવ થયો છે.

આ મામલે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટના બાદ પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને દર્શનાર્થીઓની બસ પર કોણે પથ્થરમારો કર્યો તેને લઈને વધુ તપાસ હાથ ધરી છે. તો સાથે સાથે પોલીસ પેટ્રોલિંગ વધારવા પણ લોકોએ માગ કરી છે. અવારનવાર બનતી પથ્થરમારાની ઘટનાઓને લઈને યાત્રિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.



### 13 નવેમ્બરના આબુરોડ ઉપર ગુજરાત ટ્રાવેલ્સની બસના કાંચ તૂટ્યા હતા



અગાઉ 13 નવેમ્બરે આબુ જતા યાત્રિકોની બસ પર અસામાજિક તત્વોએ પથ્થરમારો કર્યો હોવાની ઘટના ઘટી હતી. ગુજરાતની સૌથી મોટી ટ્રાવેલ્સ એજન્સી ગુજરાત ટ્રાવેલ્સની બસ પર વહેલી સવારે પથ્થરમારાની ઘટના બની હતી. જેમાં ગુજરાત ટ્રાવેલ્સની એસી બસના 2 મોટા કાચ તૂટ્યા હતા. ગુજરાતનાં લોકો સૌથી વધુ આબુ ફરવા જાય છે ત્યારે એવી ઘટનાઓથી પ્રવાસીઓમા ભયનો માહોલ છવાઈ રહ્યો છે. રાજસ્થાનની સરહદ ઉપર પથ્થરમારાની ગંભીર ઘટના બની હતી.

અગાઉ 3 નવેમ્બરના રોજ આજ જગ્યાએ ત્રણ કાર પર પથ્થરમારાની ઘટના બની હતી. જેમાં એક મહિલાને ઈજા થઈ હતી.

# વડોદરામાં હપ્તાનું રાજકારણ! : ઓરસંગ નદીના પટમાંથી રેતી ખનન માફિયાઓ વચ્ચે લોહીયાળ જંગ, બેને ઈજા...!

(એજન્સી) વડોદરા | તા. 23

ડભોઇ તાલુકામાંથી પસાર થતી ઓરસંગ નદીના પટમાંથી રેતી ખનનનું વ્યવસ્થિત કૌભાંડ ચાલી રહ્યું છે. આ રેતી ખનન કૌભાંડમાં હપ્તાનુ રાજકારણ હોવાનું મનાય છે. રવિવારે ડભોઇ નગરપાલિકાના કાઉન્સિલર અને તેના સાગરીતોએ રેતી ભરીને જતી ટ્રકોને રોકી હતી અને ધમકી આપી ટ્રકચાલક પાસેના રૂપિયા 10 હજારની લૂંટ ચલાવી હોવાનો આક્ષેપ કરતી ફરિયાદ નોંધાઇ છે. તો સામે કોર્પોરેટરે રેતી ભરીને જતી ટ્રકના ચાલક અને તેના સાગરીતોએ હથિયારોથી હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરી એટ્રોસિટીની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં હુમલામાં બેને ઈજા પહોંચી હોવાનું જણાવ્યું છે. સામસામે નોંધાયેલી આ ફરિયાદો અંગે ડભોઇ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

ડભોઈ પોલીસ મથકમાં નોંધાયેલી એક ફરિયાદ મુજબ, ડભોઇ તાલુકાના નવી માંગરોળ ગામમાં રહેતા અક્ષય હસમુખભાઈ પાટણવાડીયા તેમજ અન્ય બે વ્યક્તિ સંજય અને જગદીશ રોહિત ઓરસંગ નદીમાંથી ટ્રકોમાં રેતી ભરીને કરનેટ ગામના કાચા રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન વેરાઇ માતા વસાહતમાં રહેતા અને ડભોઇ



નગરના કાઉન્સિલર અજય નરસિંહ રાઠવા, ઉજમ ભઈલાલ રાઠવા, વિજય કનુ તડવી સહિત છ વ્યક્તિએ ટ્રકને રોકી હતી અને ટ્રકની ચાવી કાઢી લઈ રેતી ખનન ચોરીનો આક્ષેપ મૂકીને મારી નાંખવાની ધમકી આપી હતી. તે સાથે અક્ષય પાટણવાડીયા પાસેથી રૂપિયા 10,000ની લૂંટ ચલાવી ટોળકી ફરાર થઈ ગઈ હતી.

આ લૂંટના બનાવો અંગે અક્ષય પાટણવાડીયાએ ડભોઇ પોલીસ મથકમાં ડભોઇ નગરપાલિકાના કોંગ્રેસના કાઉન્સિલર અજય નરસિંહ રાઠવા, ઉજમ ભઈલાલ રાઠવા (રહે. વેરાઈ માતા વસાહતા, ડભોઇ) અને વિજય કનુ તડવી (રહે. શાંતિનગર, ડભોઇ) સહિત છ વ્યક્તિઓ સામે લૂંટની ફરિયાદ નોંધાવી હતી. ડભોઇ પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

**બીજા પક્ષે નોંધાવેલી ફરિયાદ...**

તો બીજી બાજુ ડભોઇ નગરપાલિકાના કોંગ્રેસના કાઉન્સિલર અજય રાઠવાએ ડભોઇ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ ડભોઇ નગરપાલિકાના નદીના પટમાં આવેલા ફ્રેન્ચવેલ ખાતે વિઝીટમાં ગયા હતા. તે દરમિયાન રેતી ભરેલી ટ્રકો પસાર થઈ રહી હતી. તેઓને રોકીને રેતી ખનનની ચોરી કેમ કરો છો? તેમ પૂછતા અક્ષય પાટણવાડીયા, સંજય જગદીશ રોહિતે તેઓના ટ્રક માલિકોને ફોન કરીને બોલાવ્યા હતા.

## 8 કિમી લાંબી લાઈન : ચેરમેન સહિતની હાજરીમાં વાહનોનો ક્રમબધ્ધ પ્રવેશ

# રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળી અને મગફળીની મબલખ આવક જોવા મળી

(એજન્સી) રાજકોટ | તા. 23

રાજકોટ માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે જણસીની ખરીદી ચાલી રહી છે. દરમિયાન આજે વહેલી સવારથી જ ખેડૂતો તેમની વિવિધ જણસીઓ લઈને ઉમટી પડયા હતા. જેમાં ડુંગળી અને મગફળીની ભરપૂર આવક થતા માર્કેટિંગ યાર્ડ બહાર 900 કરતા વધુ વાહનનો ખડકલો જોવા મળ્યો હતો. યાર્ડ બહાર 8 કિલોમીટર લાંબી વાહનોની લાઈનો લાગી હતી. યાર્ડ ચેરમેન સહિતના અગ્રણીની હાજરીમાં વાહનોને યાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. જેમાં ડુંગળીની 1,00,000 કટાની જ્યારે મગફળીની વધુ 75,000 ગુણીની આવક નોંધાઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, ગુજરાત સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી સહિતની વિવિધ જણસીઓની ખરીદી કરાઈ રહી છે. ત્યારે આજે સવારથી જ મોટી સંખ્યામાં ખેડૂતો મગફળી, કપાસ અને ડુંગળી સહિત જણસીઓ ભરીને રાજકોટ બેડી માર્કેટિંગ યાર્ડ ખાતે આવી પહોંચ્યા હતા. જેને લઈ મગફળી અને ડુંગળી ભરેલા વાહનોની 8 કિમી લાંબી લાઈનો જોવા મળી હતી. અંદાજે 800 કરતા વધુ વાહનોમાં ડુંગળી અને 600 જેટલા વાહનોમાં મગફળી આવતા ચેરરમેન સહિતનાની હાજરીમાં માર્કેટિંગ યાર્ડમાં ક્રમવાર વાહનોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

### ડુંગળીનો ભાવ ઘટતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા

ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી ડુંગળીની આવકમાં મોટો વધારો થતાં ભાવો સતત ઘટી રહ્યા છે, જેને લઈને ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. જ્યારે બીજીતરફ ચાલુવર્ષે ખુલ્લી બજાર કરતા ટેકાના ભાવ ઉંચા હોવાથી ખેડૂતો પોતાની મગફળી ટેકાના ભાવે વેંચી રહ્યા છે. ચાલુ વર્ષે સરકારના નિયમ મુજબ વધુમાં વધુ બે હેક્ટર 200 મણ મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે. જોકે આ માટે એક બારદાનમાં 36 કિલો મગફળીની ભરતી હોવી તેમજ 200 ગ્રામ મગફળીમાં 140 ગ્રામ દાણા નીકળવા જરૂરી છે.

# સુરત બબાલમાં શખસોએ યુવકને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી...

(એજન્સી) સુરત | તા. 23

સુરતના વડોદ ગામના બાપુનગર વિસ્તારમાં હત્યાની ચોંકાવનારી ઘટના બની છે. જેમાં 36 વર્ષીય રાજ ઉર્ફે માલ્યા નામના વ્યક્તિની અજાણ્યા શખસોએ સામાન્ય ઝઘડામાં તીક્ષ્ણ હથિયારના ગળા, પેટ અને પગના ભાગે ઘા મારતા મોત નીપજ્યું છે. હાલ આ મામલે પોલીસે ગુનો નોંધીને આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

પાંડેસરા પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર, રાજ ઉર્ફે માલ્યાનો અજાણ્યા શખસો સાથે કોઈક કારણસર ઝઘડો થયો હતો. ઝઘડાનું પરિણામ એ આવ્યું કે, અજાણ્યા શખસોએ તિક્ષ્ણ હથિયાર વડે રાજને ગળા, પેટ અને પગના ભાગે ગંભીર ઘા મારી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

આ હુમલામાં રાજ ગંભીર રીતે ઘાયલ થતા પરિવારજનો અને સ્થાનિકોએ તાત્કાલિક રાજને નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર




દરમિયાન તેણે દમ તોડી દીધો હતો.

મૃત્યુના સમાચાર મળતા પાંડેસરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. જેમાં પોલીસે અજાણ્યા હુમલાખોરો સામે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. હાલ આ ઘટના બાદ બાપુનગર વિસ્તારમાં શોક અને ભયનું વાતાવરણ છવાયું છે. રાજ ઉર્ફે માલ્યાના પરિવારજનો અને નજીકના લોકો આ અણધારી ઘટનાથી હચમચી ગયા છે. પોલીસે જણાવ્યું છે કે, ઘટના પાછળનું સાચું કારણ અને આરોપીઓને ઝડપથી પકડી પાડવા માટે તપાસ ચાલી રહી છે.

## ગુજરાતમાં ધુમ્મસની ચાદર છવાઈ...

# સુરતમાં બીજા દિવસે પણ મનાલી જેવાં દૃશ્યો જોવા મળ્યાં...

(એજન્સી) સુરત | તા. 23

રાજ્યમાં ઠંડીનું જોર છેલ્લા ત્રણ દિવસથી ઘટ્યું છે. રાત્રિ દરમિયાનના લઘુતમ તાપમાનમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં ઘટાડો નોંધાયો છે, પરંતુ કચ્છના નલિયામાં હજુ પણ ઠંડીનું જોર યથાવત્ છે. આ ઉપરાંત અરબ સાગર તરફથી આવતા ભેજવાળા પવનોને કારણે ગુજરાત ઉપર જાણે ધુમ્મસની ચાદર છવાઈ હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ખાસ કરીને દરિયાકાંઠાના નજીકના જિલ્લાઓમાં ગતરોજ દિવસ દરમિયાન અને આજે વહેલી સવારથી જ સૂર્યોદય બાદથી ધુમ્મસની ચાદર છવાઈ છે.

સુરતમાં બે દિવસથી ગાઢ ધુમ્મસની ચાદર પથરાતાં દિવસ દરમિયાન પણ વાહનચાલકોએ લાઈટ ચાલુ રાખવાની ફરજ પડી હતી. તો સાથે એરપોર્ટ પર પણ વિઝિબિલિટી 200 મીટરથી ઓછી થઈ જતાં ગતરોજ 6 ફ્લાઈટ 5 કલાક સુધી મોડી પડી હતી. તો આજે પણ સવારના ભારે સ્મોગ વચ્ચે દિલ્હી, હૈદરાબાદ, ચેન્નઈની ફ્લાઈટને લેન્ડ થવામાં મુશ્કેલી પડી હતી.

રાજ્યના દરિયાકાંઠાના જિલ્લાઓમાં 80% કરતાં પણ વધુ ભેજનું પ્રમાણ નોંધાયું છે. આ ભેજ ઠંડીમાં વધારો થવા દેતું નથી. તથા દિવસ



દરમિયાન પણ સૂર્યનાં સીધા કિરણો જમીન પર ન આવતા દિવસ દરમિયાનનું મહત્તમ તાપમાન ઓછું નોંધાઈ રહ્યું છે. જ્યારે રાત્રિ દરમિયાન લઘુતમ તાપમાન વધુ રહેતા ઠંડીનું જોર ઘટ્યું છે. એટલે કે, મહત્તમ તાપમાન ઘટી રહ્યું છે અને લઘુતમ તાપમાન વધી રહ્યું છે, જેથી ઠંડીમાં રાહત મળી છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા પણ આગામી પાંચ દિવસમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

સુરતમાં બે દિવસથી ધુમ્મસનું વાતાવરણ જોવા મળ્યું હતું. ગતરોજ બપોર બાદ પણ રસ્તા ઉપર ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઓછી જોવા મળતા વાહનચાલકોએ મુશ્કેલી અનુભવી હતી. તો આજે પણ વહેલી સવારથી ધુમ્મસનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. વાહનચાલકોને 20થી 25 ફૂટ દૂરનાં વાહનો પણ ન દેખાય તે પ્રકારની સ્થિતિ જોવા મળી હતી.

# 'પૈસા નીકાલો વરના સબકો કાટ ડાલુંગા': સુરતથી નવસારી આવતા બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ઓપરેટર સહિત પાંચ સાથે લૂંટ, ગ્રામ્ય પોલીસ દોડતી થઇ

નવસારી | નવસારી જિલ્લાના વેગામ પિંજરામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કામ કરતા ઓપરેટર સહિત પાંચને સુરતની રિક્ષાચાલક ગેંગે લૂંટી હાઈવે પર ઉતારી નાસી ગયા હતા. ઓપરેટરે નવસારી ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ આપતા ગ્રામ્ય પોલીસ મથકની બે ટીમ આરોપીઓને ઝડપી પાડવા રવાના થઈ. ઘટના કંઈક એવી છે કે ફરિયાદી જનાર્દન તિમરાજ ગુર્જર નવસારી જિલ્લાના વેગામ પિંજરા ખાતે બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં પાવર હાઉસ બનાવવાના કામમાં ઓપરેટર તરીકે ફરજ બજાવે છે, આ પ્રોજેક્ટમાં વધુ લેબર ની જરૂર પડતા કોન્ટ્રાક્ટર દ્વારા તેમને યુપી થી માણસો લાવવા માટે કહ્યું હતું જેથી તેઓ દ્વારા પાંચ જેટલા માણસોને પોતાના ગામથી બોલાવ્યા હતા જેવો સુરત રેલવે સ્ટેશન આવતા 21મીની તારીખના રાતના 12:00 વાગે તેઓ લેબરને લેવા માટે સુરત રેલ્વે સ્ટેશન ગયા હતા ત્યાં સ્ટેશનની બહાર ઉભેલી એક રીક્ષાને તેમણે ગણદેવી આવવા માટે 700 ના ભાડું નક્કી કરી રવાના થયા હતા, આ રીક્ષામાં ફરિયાદી જનાર્દન ગુર્જર અને તેના પાંચ લેબર બેસ્યા હતા રીક્ષા થોડી દૂર ગઈ અને રીક્ષા ચાલકના અન્ય બે સાગરીતો આગળ તરફ બેસી ગયા હતા રાત્રિના આશરે 2:45 વાગ્યા દરમિયાન પલસાણાથી આગળ નદી પાસ કરતા જ રીક્ષા ચાલક કે રીક્ષા ધીમી કરી દીધી અને તેમાં બેસેલા બે ઈસમો પૈકી એક માણસે કહ્યું કે ચલો અપના કામ શરૂ કરતે હૈ તેમ કહેતા બે માણસોએ છરી બતાવી જણાવ્યું કે જલ્દી જલ્દી પૈસા નીકાળો વરના તુમ સબકો કાટ ડાલુંગા, રીક્ષા ચાલક અને તેના સાગરીતોએ લેબર અને ફરિયાદી પાસેથી કુલ મળી 12900 લૂંટી લઈ રીક્ષા લઈને નાસી ગયા હતા. લૂંટની ઘટના નવસારી ગ્રામ્ય પોલીસ મથકમાં નોંધાતા પોલીસે બે ટીમ બનાવી રીક્ષા ચાલકને શોધવા માટે તપાસ શરૂ કરી છે. સુરતથી અમે નીકળ્યા હતા જેમાં 700 રૂપિયા નક્કી કરી ગણદેવી જવા રવાના થયા હતા રાતના બે વાગ્યે પલસાણા થી નદી પાસ કરતા જ રીક્ષા ચાલકો રીક્ષા રોકી છરી બતાવી અમને લૂંટી લીધા હતા.

# પ્રેમીપંખીડાએ ઝેરી દવા ગટગટાવી : રાજપર ગામે પ્રેમીપંખીડા રૂમ બંધ કરીને સજોડે ઝેરી દવા પીધી..

(એજન્સી) મોરબી | તા. 23

મોરબી તાલુકાના રાજપર ગામે રહેતા પ્રેમી પંખીડાને વતનમાંથી યુવાનનો ભાઈ લેવા માટે આવ્યો હતો. જેથી યુવાન અને તેની પ્રેમિકાએ રૂમનો દરવાજો અંદરથી બંધ કરીને સજોડે ઝેરી દવા પી લીધી હતી. જેથી તે બંનેને સારવાર માટે મોરબીની સિવિલ હોસ્પિટલે લઈને આવ્યા હતા અને ત્યાં તેઓને સારવાર આપ્યા બાદ આ બનાવની હોસ્પિટલ મારફતે મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે બનાવની નોંધ કરી આગળની રાબેતા મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકાના રાજપર ગામે ઓરડીમાં રહેતા અને મજૂરી કામ કરતા હિંમતભાઈ રામસિંગ (30) અને ઉષાબેન ગબ્બરસિંહ (22) બન્ને રૂમનો દરવાજો અંદરથી બંધ કરીને સજોડે ઝેરી દવા પી લીધી હતી. જેથી તે બંનેને તાત્કાલિક સારવાર માટે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા અને ત્યાં તેઓને સારવાર આપવામાં આવ્યા બાદ આ બનાવની હોસ્પિટલ મારફતે મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે બનાવની નોંધ કરી આગળની રાબેતા મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હિંમતભાઈ રામસિંગ અને ઉષાબેન ગબ્બરસિંહને પ્રેમ સંબંધ હતો. જેથી તેવો પોતાના વતનમાંથી અહીંયા મોરબી રહેવા અને કામ કરવા માટે આવી ગયા હતા અને તેઓ રાજપર ગામે રૂમમાં રહેતા હતા. દરમિયાન હિંમતભાઈનો ભાઈ તેના વતનમાંથી ત્યાં આવી તે બંનેને સાથે વતનમાં લઈ જવાની વાત કરી હતી. જો કે, તે બંનેને વતનમાં ન જવું હોવાથી રૂમ અંદરથી બંધ કરીને હિંમતભાઈ તથા ઉષાબેને ઝેરી દવા પી લીધી હતી.

જેથી તે બંનેને સારવાર માટે મોરબીની સિવિલ હોસ્પિટલે લઈને આવ્યા હતા અને વધુમાં મળતી વિગત પ્રમાણે ઉષાબેનના અગાઉ લગ્ન થયા હતા જોકે, ત્યાંથી તેના છૂટાછેડા થઈ ગયા છે અને હિંમતભાઈ સાથે તેને પ્રેમ સંબંધ હોય તે બંને મોરબી આવ્યા હતા અને તેઓને વતનમાં પરત લઈ જવા માટે થઈને હિંમતભાઈનો ભાઈ આવ્યો હોવાથી આ પ્રેમીપંખીડાએ આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

# લગ્નની લાલચ આપી શખ્સ 13 વર્ષની સગીરાને ભગાડી જતાં પોલીસ ફરિયાદ નોંધાઇ



જામનગર | જામનગર નજીક દરેડ GIDC વિસ્તારમાં રહેતા એક પરપ્રાંતિય શ્રમિક પરિવારની 13 વર્ષની સગીરાનું તેણીના ઘેરથી અપહરણ થઈ ગયું છે, અને નજીકમાં જ રહેતો અને મજૂરીકામ કરતો પરપ્રાંતીય શખ્સ લગ્ન કરવાના ઈરાદા થી ઉઠાવી ગયો હોવાની પોલીસમાં જાહેરાત થઈ છે. જામનગર નજીક દરેડ GIDC વિસ્તારમાં એક કારખાનામાં રહીને મજૂરી કામ કરતા મૂળ મધ્યપ્રદેશના વતની પરપ્રાંતિય શ્રમિક પરિવારની 13 વર્ષની સગીરાનુ બે દિવસ પહેલા અપહરણ થઈ ગયું હતું. જેની પરિવારજનો અને પોલીસે શોધખોળ શરૂ કરતાં માલુમ પડયું હતું કે તેના પાડોશમાં જ રહેતો શખ્સ લગ્ન કરવાના ઈરાદે સગીરાને ઉઠાવી ગયો હોવાનું ધ્યાનમાં આવતાં સગીરાના પિતા દ્વારા જામનગરના પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં પોતાની પુત્રીનું અપહરણ કરી જવા અંગે પરપ્રાંતીય શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને પંચશી બી. ડિવિઝન ના પોલીસ સ્ટાફે તેની શોધખોળ શરૂ કરી છે.

## ઝિમ્બાબ્વેની બે યુવતીઓએ બ્રોકરને ધમકાવ્યો..

# ભાડાના મકાનમાં બે મહિના રહ્યાં બાદ મકાન માલિકની જગ્યાએ બ્રોકર પાસે પૈસા માગ્યા

(એજન્સી) વડોદરા | તા. 23

વડોદરા શહેરની ખાનગી યુનિવર્સિટીમાં ઈજનેરીનો અભ્યાસ કરતી ઝિમ્બાબ્વેની વિદ્યાર્થિનીઓએ આજવા રોડ ખાતે રીયલ એસ્ટેટનો ધંધો કરતા યુવકની ઓફિસે જઈ રૂપિયાની ઉઘરાણી કરી ટીવી તથા પ્રિન્ટરની ચોરી કરી હતી. આ સમગ્ર ઘટનાના CCTV સામે આવ્યા છે. જેમાં બંને વિદ્યાર્થિનીઓ ઓફિસનો દરવાજો તોડતી દેખાય છે અને ત્યારબાદ ટીવી અને પ્રિન્ટર ચોરી કરીને ભાગતી પણ જોવા મળે છે. કપુરાઇ પોલીસે આ મામલે બંને વિદ્યાર્થિનીઓ સામે ગુનો નોંધીને બંનેની અટકાયત કરી છે.

વડોદરા શહેરના આજવા રોડ પર આવેલા કમલાનગર તળાવ અમરદીપ હેરિટેજમાં રહેતા 25 વર્ષિય રાહુલ કમલેશભાઈ વૈષ્ણવ આજવા નીમેટા રોડ અનંતા સમૃદ્ધીમાં શર્મા રીયલ એસ્ટેટ નામની ઓફિસ ચલાવે છે અને ઝિમ્બાવે દેશની એક યુવતી જે વડોદરા ખાતે બ્રોકર તરીકે ધંધો કરે છે, તેણે રવિવારે રાહુલને ફોન કરીને જણાવ્યું હતું કે, તું અન્ય એક યુવતીના રૂપિયા આપી દે નહીં તો હું તારી ઓફિસમાંથી સામાન લઈ જઈશ.

ત્યારે રાહુલે સામે કહ્યું હતું કે, મારે કોઈ રૂપિયા આપવાના નીકળતા નથી. મારી ઓફિસનો સામાન કંઈ રીતે લઈ જશો. જોકે ત્યારબાદ રાહુલે તેની ઓફિસમાં કામ કરતા બે વ્યક્તિ લક્ષેષ તથા ઉદયને ઓફિસ પર મોકલ્યા હતા. બંને જણા ઓફિસે પહોંચતા ત્યાં બે યુવતી ઓફિસમાંથી સામાન લઈને નીચે ઉતરતી જોવા મળી હતી. જેથી રાહુલ ઓફિસે પહોંચ્યો હતો, જ્યાં તેની ઓફિસનો દરવાજો તૂટેલો જણાયો હતો.

આ સાથે જ ઓફિસમાં લગાવેલું 7 હજાર રૂપિયાની કિંમતનું ટીવી જોવા મળ્યું નહોતું. તેમજ ઓફિસમાં મુકેલું પ્રિન્ટર રૂ.12 હજારનું પણ જોવા મળ્યું નહોતું. રાહુલે ઓફિસના CCTV જોતાં બે યુવતી ઓફિસની અંદર ધક્કો મારીને દરવાજાનું લોક તોડીને પ્રવેશી રહી હોય તેવું દેખાયું હતું.

# પોલીસની નાઈટ પેટ્રોલિંગ કામગીરી સામે સવાલો

## લારી પાસે બેસેલાં નાશાખોર તત્વોને ટપારતાં મામલો બિચક્યો, થોડા સમયમાં ટોળું ધસી આવ્યું

### સ્થિતિ બેકાબૂ...

### પોલીસને ખુલ્લો પડકાર ફેંકતી ઘટનામાં બે-બે દિવસ સરાજાહેર આવારગર્દી છતાં લારીધારક દ્વારા પોલીસ ફરિયાદ નહીં

(એજન્સી) ભાવનગર । તા. 23

ભાવનગર શહેરમાં જાણે કે પોલીસ અને કાયદાનો ડર જ ન હોય તેમ એક તરફ શહેરના પોશ વિસ્તારોના મુખ્ય પ્રવેશદ્વારે પોલીસ નાઈટ પેટ્રોલિંગના નામે સભ્ય સમાજના વાહનોને અટકાવી કાયદો સમજાવી રહી છે બીજી તરફ, શહેરના બીજા છેડે સરાજાહેર ધમાલ સહિતના બનાવો બની રહ્યા છે. આવો જએક બનાવ શનિવારે મોડી રાત્રે શહેરના વડવા નેરા વિસ્તારમાં બન્યો હતો. જેમાં વડવા નેરામાં આવેલી મસ્જિદ નજીક દાળપુરીની લારી ધરાવતા યુવાને નશીલી હાલતમાં પાસે બેઠેલા પાંચ શખ્સને ટપારતાં મામલો બિચક્યો હતો. અને જોતજોતામાં ૬૦ જેટલાં શખ્સોના ટોળાંએ દાળપુરીની લારીએ આવી લારી પર પથ્થરમારો કરી તોડફોડ કરી હતી. બનાવના પગલે પોલીસ કાફલો ઘટના સ્થલે દોડી ગયો હતો. જો કે, આ ઘટના બાદ આજે રવિવારે સાંજે પણ ફરી આ જ લારીને નિશાન બનાવી તેના પર પથ્થર ફેંકાતાં નિલમબાગ પોલીસ કાફલો ફરી દોડી ગયો હતો. જો કે, બનાવને લઈ મોડી સાંજ સુધી પોલીસ ફરિયાદ નોંધાઈ ન હતી. જો કે, બનાવને લઈ પથ્થરમારાના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા.

ભાવનગર પોલીસને ખુલ્લો પડકાર ફેંકતાં બનાવની વિગત એવી છે કે, શહેરના વડવા નેરા વિસ્તારમાં આવેલ મસ્જિદ નજીક દાળપુરીની લારી ધરાવતા ઈમરાન ભાઈ સુમરાએ લારી પાસે ગત શનિવારની રાત્રિના સુમારે નશીલી હાલતમાં બેઠેલા પાંચ શખ્સોને લારીધારકે ટપાર્યા હતા જેમાં બન્ને જૂથ વચ્ચે વચ્ચે રકઝક થઈ હતી અને માથાકૂટ સર્જાઈ હતી. જો કે, આ મામલે થોડી જ વારમાં પાંચ શખ્સોની સાથે અંદાજે ૬૦ જેટલાં લોકોનું ટોળું સ્થળ પર ધસી આવ્યું હતું. અને દાળપુરીની લારી ઉંધી વાળી લોખંડના પાઈપ લાકડાના ધોકા વડે નુકશાન પહોંચાડયું હતું. આ પણ અધુરૂં હોય તેમ લારી પર પથ્થરમારો પણ ચલાવ્યો હતો, મોડી રાત્રે બનેલાં બનાવને લઈ સમગ્ર વિસ્તારમાં ભઆરે ચકચાર મચી હતી. તો, બનાવને લઈ થોડા સમય માટે તંગદીલીભર્યો માહોલ પણ સર્જાતાં નાસભાગ મચી ગઈ હતી. બનાવની જાણ થતાં જ નિલમબાગ પોલીસ તથા લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિતનો મસમોટો પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને સ્થિતિને કાબૂમાં લીધી હતા.

### સવારે વડવા તલાવડીમાંથી દેશી દારૂ ઝડપાયો, રાત્રે નેરામાં તોડફોડ

નશાખોર તત્વોને ટપારવાના મામલે શહેરના વડવા નેરામાં શનિવારની રાત્રે દાળપુરીની લારી પર પથ્થરમારા અને તોડફોડની ઘટના બની હતી. ત્યાંથી થોડે દૂર આ જ વિસ્તારમાં સવારના સુમારે મહાપાલિકાની દબાણ હટાવ કામગીરી દરમિયાન દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આમ એક જ વિસ્તારમાંથી સવારે દેશી દારૂ મળવાની અને સાંજે તોડફોડ, પથ્થરમારાની ઘટના ઘણી સૂચક સાબિત થઈ રહી છે. પોલીસે આ વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ વધારવાની તાતી જરૂર હોવાની સ્થાનિકો વર્ગમાંથી માંગ ઉઠી છે.

### વડવા વોશિંગઘાટ નજીક ઓરડીમાં આગ

શહેરના વડવા નેરામાં એક તરફ દાળપુરીની લારીમાં તોડફોડો અને પથ્થરમારાની ઘટના બની હતી. તો, બીજીતરફ આ જ સમયે શહેરના વડવા વોશિંગઘાટ સામે આવેલ કબ્રસ્તાન નજીક ચોકીદારની ઓરડીમાં અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠી હતી. જેણે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

24 કલાકમાં લઘુત્તમ તાપમાન 14 થી વધીને 16.2 ડિગ્રીએ પહોંચ્યું

# વાદળછાયા વાતાવરણ વચ્ચે લઘુત્તમ તાપમાન 2.2 ડિગ્રી વધ્યું, ઠંડી ઘટી

(એજન્સી) ભાવનગર । તા. 23

છેલ્લા કેટલાક દિવસથી ભાવનગર શહેર અને જિલ્લામાં લઘુત્તમ તાપમાન ઘટતા તેમજ ઠંડો પવન ફુંકાતા લોકોને ઠુઠવી નાખે તેવી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે પરંતુ હાલ વાદળછાયા વાતાવરણ વચ્ચે લઘુત્તમ તાપમાન વધ્યુ છે, જેના પગલે ઠંડીનુ જોર ઘટયુ છે. ઠંડી ઘટતા લોકોને થોડી રાહત થઈ છે પરંતુ હજુ લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ નજરે પડી રહ્યા છે. આગામી દિવસોમાં વાદળ વિખાયા બાદ ઠંડી વધવાની શકયતા છે.

ભાવનગર શહેર અને જિલ્લામાં આજે રવિવારે મહત્તમ તાપમાન ૨૭.૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૬.૨ ડિગ્રી નોંધાયુ હતુ, જયારે ભેજનુ પ્રમાણ ૫૯ ટકા અને પવનની ઝડપ ૧૦ કિલોમીટર નોંધાઈ હતી. ગઈકાલે શનિવારે મહત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૪.૦ ડિગ્રી નોંધાયુ હતુ, જયારે ભેજનુ પ્રમાણ ૬૨ ટકા અને પવનની ઝડપ ૪ કિલોમીટર નોંધાઈ હતી. ગઈકાલ શનિવારની સરખામણીએ આજે રવિવારે મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર નથી, જયારે લઘુત્તમ તાપમાન આશરે ૨.૨ ડિગ્રી વધ્યુ છે. ભેજનુ પ્રમાણ થોડુ ઘટયુ છે અને પવનની ઝડપ થોડી વધી છે. આજે આકાશમાં



વાદળો છવાય ગયા હતા અને કમોસમી વરસાદ થાય તેવો માહોલ જોવા મળ્યો હતો. વાદળછાયા વાતાવરણના પગલે લઘુત્તમ તાપમાન વધતા ઠંડીનુ પ્રમાણ ઘટયુ છે તેથી લોકોને ઠંડીમાંથી થોડી રાહત મળી હતી. પવન ફુંકાતા વહેલી સવારે તેમજ મોડીરાત્રીના ઠુઠવી નાખે તેવી ઠંડીનો અનુભવ લોકોને થયો હતો. ઠંડીના કારણે રોડ સુમસાન જોવા મળ્યા હતા અને લોકોની અવર-જવર ઓછી જોવા મળી હતી. મોટાભાગના લોકો ગરમ વસ્ત્રોમાં જોવા મળ્યા હતાં. ઠંડીના પગલે રાત્રીના સમયે કેટલાક લોકો તાપણી કરતા નજરે પડયા હતાં. રોડ પર રહેતા ગરીબ લોકોની મૂશ્કેલી વધી હતી અને તેઓ ધાબળા ઓઢી સુતા જોવા મળ્યા હતાં. ઠંડીના કારણે લોકોએ કામ સિવાય બહાર નિકળવાનુ ટાળ્યુ હતું.

### દર વર્ષે સવા લાખ હેક્ટરની એવરેજ સામે ચાલુ વર્ષે વાવેતર વિસ્તારમાં વધારો

# જિલ્લામાં 1 લાખ 41 હજાર હેક્ટરમાં રવિ પાકનું વાવેતર



(એજન્સી) ભાવનગર । તા. 23

ભાવનગર જિલ્લામાં ચાલુ વર્ષે ૧,૪૧,૬૯૩ હેક્ટરમાં રવિ પાકનું વાવેતર થયું છે. દર વર્ષે સામાન્ય રીતે સવા લાખ હેક્ટરમાં વાવેતરની એવરેજ રહે છે ત્યારે આ વર્ષે રવિ પાકના વાવેતર વિસ્તારમાં વધારો નોંધાયો હોવાનું જિલ્લા પંચાયતના ખેતીવાડી વિભાગના સત્તાવાર સાધનોએ જણાવ્યું હતું. સાધનોના જણાવ્યા અનુસાર ચોમાસાની ઋતુ પૂર્ણ થતા ખરીફ પાકની સિઝન પૂર્ણ થાય છે અને ઓક્ટોબર માસના અંતમાં અથવા નવેમ્બર ખેડૂતો રવિ પાકની વાવણીનો પ્રારંભ કરે છે. ચાલુ વર્ષે નવેમ્બર માસથી જિલ્લામાં ખેડૂતોએ વાવેતરનો પ્રારંભ કર્યો હતો. વિવિધ રવિ પાકોની વાવણીનું આ કાર્ય ડિસેમ્બરના અંતિમ સપ્તાહ સુધીમાં પૂર્ણ થવા જઈ રહ્યું છે. શિયાળાની ઋતુમાં જિલ્લામાં જમીનની તાસીર અનુસાર વિવિધ પાક લેવામાં આવે છે જેમાં ઘઉં, ચણા, ડુંગળી, ઘાસચારો, શાકભાજી અને અજમો મુખ્યત્વે ગણી શકાય. ઘઉં ગુજરાતનો મુખ્ય શિયાળુ પાક છે. હરિયાળી ક્રાંતિમાં ઘઉં ઉત્પાદનનો મોટો ફાળો છે. ભાવનગર જિલ્લામાં ચાલુ વર્ષે ૩૩,૮૧૫ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું વાવેતર થયું છે. એ જ રીતે ડુંગળી પણ અગત્યનો શિયાળુ પાક છે. ડુંગળીના ઉત્પાદનમાં ભાવનગર જિલ્લાનું સ્થાન માત્ર ગુજરાત રાજ્યમાં જ નહીં, સમગ્ર દેશમાં વિશિષ્ટ છે. જિલ્લામાં ચાલુ વર્ષે ડુંગળીનું ૪૦,૮૧૮ હેક્ટરમાં વાવેતર થયું છે. ભારતમાં જે કોઈ કઠોળ પાકો વાવવામાં આવે છે તેમાં ચણાનું સ્થાન પ્રથમ છે. કારણ કે, તેનો વાવેતર વિસ્તાર બીજા બધા જ કઠોળ પાકોના વિસ્તાર કરતા વધારે છે. ગુજરાતમાં ચણાનું વાવેતર રવિ ઋતુમાં થાય છે. ચાલુ વર્ષે જિલ્લામાં ૨૧,૦૬૬ હેક્ટરમાં ચણાનું વાવેતર થયું છે. સાધનોના જણાવ્યા મુજબ જિલ્લામાં ઘાસચારાનું પણ મોટાપાયે વાવેતર થાય છે.

### બાળકોના અધિકાર અને વિકાસ માટે કાર્યરત સંગઠન શૈશવની નમૂનેદાર પ્રવૃતિ

# કેવી રીતે ડર લાગે છે ? 602 બાળકોનો સર્વે કરાયો

(એજન્સી) ભાવનગર । તા. 23

છેલ્લા ત્રણ દાયકાથી પણ અધિક સમયથી બાળકોના અધિકાર અને વિકાસ માટે કાર્યરત શૈશવ સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશેષ નૂતન અભિગમ સાથે આગામી તા.૨૫ના રોજ ૨૨ મો વાર્ષિકોત્સવની ઉજવણી કરાશે. આ પ્રસંગે સંસ્થાના તાલીમબધ્ધ ૬૮ બાળસભ્યો દ્વારા શહેરના અલગ અલગ ૧૫ વિસ્તારોના ૬૦૨ બાળકો પાસેથી ડર સંબંધિત કરાયેલ સર્વેક્ષણ અંગેના અભ્યાસના તારણનો વિસ્તૃત રિપોર્ટ રાજયના બાળ આયોગના મહિલા ચેરપર્સન સમક્ષ રજુ કરશે

વર્તમાન સમયમાં બાળ સુરક્ષા એક મહત્વનો પડકાર બની રહ્યો છે. તેને લઈને શૈશવ સંસ્થા દ્વારા ગત ૧૪ નવેમ્બરથી દિવાળી વેકેશન દરમિયાન બાલસેનાના



બાળકો દ્વારા ડરના મુદ્દે ચાઈલ્ડ સેફટી ઓડીટ નામક એક વિશિષ્ઠ પ્રોજેકટ હાથ ધરાયો હતો. પ્રારંભે આ ૬૮ બાળસભ્યોને લીડરશીપ નેતૃત્વ અંગે સમજણ આપી શહેરના કુંભારવાડા, ગૌશાળા, ઘોઘા રોડ, લાખાજીનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, મીલની ચાલી, કારખાનુ, રામદેવનગર, મારૂતિનગર, લાખાજીનગર, ફુલસર, ખારશી, ઈન્દિરાનગર ૧ અને ૨, આઝાદનગર તેમજ શામપરા (સિદસર) સહિતના અલગ અલગ ૧૫ સ્થળોએ જે તે જગ્યા, પરિસ્થિતિ, અંધશ્રધ્ધા, શોષણ સહિતના મુદ્દે ડરના મુદ્દે ચાઈલ્ડ સેફટી ઓડીટ હાથ ધરાયુ હતુ. આ દરમિયાન તેઓએ ઉપરોકત ૧૫ વિસ્તારોના ૬૦૨ બાળકો પાસેથી કોનાથી ડર લાગે છે, કઈ જગ્યાએ અને કઈ પરિસ્થિતીઓમાં ડર લાગે છે, કેવા ભેદભાવ, શોષણ કે અત્યાચારનો ભોગ બાળકો બને છે વગેરે બાબતોની માહિતીઓ એકત્ર કરી તેનુ વિશ્લેષણ કરાયુ હતુ.આ અભ્યાસને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજયના આ પહેલા બાળ સંગઠન દ્વારા આગામી તા.૨૫ને બુધવારે શહેરના શાસ્ત્રીનગરમાં આવેલ દોલત અનંત વળિયા સ્કૂલમાં યોજાનાર ૨૨ માં વાર્ષિકોત્સવમાં ઉપરોકત ડરના મુદા પર આધારિત પ્રવૃતિઓનું આયોજન કરાયુ છે. વાર્ષિકોત્સવમાં સવારે ૮ થી ૯ નીલમબાગ સર્કલથી નિકળી દોલત અનંત વળિયા સ્કૂલ પહોંચશે, જયા ધ્વજવંદન થશે. બાદ બાળકો અલગ અલગ પ્રવૃતિમાં જોડાશે,પ્રદર્શન યોજાશે. બપોરે ૧-૩૦થી ૩ દરમિયાન ચાઈલ્ડ સેફટી ઓડિટની પ્રતિનિધિબાળકો દ્વારા ગુજરાત રાજય બાળ આયોગના ચેરપર્સન સમક્ષ રજુઆત કરાશે.

### દહેગામમાં જમાઈનો સાસરિયાં પર હુમલો : સાળા સહિત બેની હત્યા

ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરમાં મદારી નગરમાં રહેતા દંપતિ વચ્ચે છેલ્લા ઘણા સમયથી તકરાર ચાલી રહી હતી અને જે તકરારે ગઈકાલે ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું અને ખૂની ખેલ ખેલાયો હતો. જેમાં જમાઈ અને તેના સાગરિતોએ સાસરી પક્ષ ઉપર ખૂની હુમલો કર્યો હતો. જેમાં સાળા સહિત બેની હત્યા થઈ છે જ્યારે તેર વ્યક્તિઓ ઘાયલ થયા છે. આ ઘટના સંદર્ભે હાલ પોલીસે હત્યા સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હતી.આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે દહેગામના મદારી નગરમાં રહેતા જાનનાથ જીજુનાથ મદારીએ ફરિયાદ નોંધાવી હતી કે, તેમની દીકરીનાં લગ્ન વનરાજ ઉર્ફે વનિયો કંચનનાથ મદારી સાથે થયા હતા. આ લગ્નથી તેમને બે જોડિયા બાળક છે.વનરાજને અન્ય એક મહિલા સાથે અવૈદ્ય સંબંધો હોવાથી છેલ્લા ચાર-પાંચ વર્ષથી ઝઘડો ચાલી રહ્યો છે. જે બાબતે જે તે વખતે પોલીસ કેસ કરવામાં આવ્યો હતો. એકાદ મહિના અગાઉ ફરીવાર ઝઘડો થતાં વનરાજે પણ ફરિયાદ દાખલ કરાવી હતી.

### અમદાવાદ- વડોદરા એક્સપ્રેસ-વે પર કેમિકલ લીકેજથી દોડધામ

# અરેરા પાસે કેમિકલ ભરેલા બે ટેન્કરને અકસ્માત : 1 વ્યક્તિનું મોત, 2 ને ઈજા

(એજન્સી) નડિયાદ । તા. 23

ખેડા જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ- વડોદરા એક્સપ્રેસ હાઈવે પર અકસ્માતના બનાવો વધી રહ્યા છે. શનિવારે રાત્રે અરેરા નજીક બે અકસ્માત સર્જાયા હતા. જેમાં કેમિકલ ભરેલા ટેન્કર પાછળ ટ્રક અથડાતાં ટ્રકના ડ્રાઈવર અને ક્લીનર ટ્રકની કેબીનમાં ફસાઈ ગયા હતા. જેમાં ટ્રકના ચાલકનું મોત નિપજ્યું હતું.

નડિયાદ તાલુકાના અરેરા ગામની સીમમાંથી પસાર થતા અમદાવાદ- વડોદરા એક્સપ્રેસ હાઈવે પર શનિવારે રાત્રે કનૈયાલાલ વેલાજી ડોડીયા (રહે. ડુંગરપુર રાજસ્થાન) બારડોલી સુગર ફેક્ટરીમાંથી ટેન્કરમાં મોલાસીસ ભરી પાલનપુર જઈ રહ્યા હતા. ત્યારે રાત્રે અરેરા નજીક કેમિકલ ભરેલા ટેન્કરમાં પંક્ચર પડતા ડ્રાઈવર ધીમી ગતિએ હંકારી પાકગ લેનમાં જતો હતો, ત્યારે પાછળથી પુર ઝડપે આઈસર ટેન્કર પાછળ અથડાઈ હતી. અકસ્માતમાં ડ્રાઈવરને ઈજા થઈ હતી. આ બનાવ અંગે કનૈયાલાલ વેલાજી ડોડીયાની ફરિયાદના આધારે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.અરેરા નજીક બીજા અકસ્માતમાં



કેમિકલ ભરેલા ટેન્કર પાછળ ટ્રક અથડાતા ટ્રકની કેબીનનો લોચો વળી જતાં ડ્રાઈવર પુત્ર રોહિતસિંગ કલેવનસિંહ અને ક્લિનર પિતા કલેવનસિંહ બોજાબીસિંગ ફસાયા હતા. ત્યારે એક્સપ્રેસ હાઈવે પેટ્રોલિંગ વાન અને ફાયર બ્રિગેડની ટીમે કટરથી કેબીનનું પતરું કાપી ફસાયેલા ડ્રાઈવર, ક્લિનરને બહાર કાઢયા હતા. જેમાં ડ્રાઈવર પુત્રનું મોત નિપજ્યું હતું. કેમિકલ લીકેજ થતા હાઈવે પર અફડાતફડી મચી જતા ટ્રાફિકજામ થઈ ગયો હતો. નડિયાદ ફાયર બ્રિગેડે પાણીનો છંટકાવ કરી સ્થિતિને કાબુમા લીધી હતી. આ બનાવ સંદર્ભે ચેતન રમેશભાઈ ડાભી (રહે.ઘોડાસર,તાલુકો મહેમદાવાદ)એ પેરામેડિકલ ઓફિસર નડિયાદ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રોહિતસિંહ ટ્રકચાલક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### આણંદ જિલ્લામાં સતત ત્રીજા દિવસે ધૂમ્મસથી વાહન વ્યવહાર સ્થગિત

(એજન્સી) આણંદ । તા. 23

આણંદ શહેર અને જિલ્લામાં સતત ત્રીજા દિવસે પણ ધૂમ્મસ છવાયેલું રહેતા સવારે ૯ વાગ્યા સુધી વાહનોની લાઈટો શરૂ રાખવી પડી હતી. આણંદ કૃષિ યુનિ. હવામાન વિભાગના અહવાલ પ્રમાણે લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિગ્રી, ભેજનું પ્રમાણ ૯૦ ટકા નોંધાયું હતું. સતત ત્રીજા દિવસે ભેજનું પ્રમાણ ઉંચુ રહ્યું હતું. તથા પવનની ગતિ પ્રતિકલાક ૨.૬ કિ.મી. ઉત્તર તરફથી વહેવા સાથે સૂર્ય ૮.૩ કલાક પ્રકાશિત રહ્યો હતો. જેના કારણે મોટી માત્રામાં ઝાકળના લીધે હાઈવે તથા સીમ વિસ્તારમાં ધૂમ્મસની અસર વર્તાઈ હતી. જિલ્લાભરમાં વહેલી સવારથી જ વિઝિબિલિટી ૦ થઈ જવા પામી હતી. ધુમ્મસને કારણે જાણે વાદળોના ગોટા જમીન ઉપર ઉતરી આવ્યા હોય તેવો નજારો જોવા મળ્યો હતો. સવારના ૯ વાગ્યા સુધી પણ વાહનચાલકોને લાઈટ ચાલુ રાખવાની ફરજ પડી હતી. આણંદ શહેરમાંથી પસાર થતી ટ્રેનો પણ ધુમ્મસને કારણે ધીમી ગતિથી ચાલતી હોવાથી નિર્ધારિત સમયથી મોડી આવી હતી. જ્યારે તમામ એસટી મથકોમાં બસોના રૂટ પણ સમયસર ઉપાડવામાં નહીં આવતા મુસાફરોને હાલાકી પડી હતી.

### લોકલ ક્રાઈમ બ્રાન્ચને થાપ આપી બુટલેગર અંધારામાં નાસી છૂટયો

# દિપકચોક નજીકથી વિદેશી દારૂનો જથ્થો મળ્યો, બુટલેગર ફરાર

(એજન્સી) ભાવનગર । તા. 23

શહેરના આનંદનગર, દિપકચોક, જાહેર રોડ પર સ્કૂટર પર વિદેશી દારૂનો વેપલો ચાલતો હોવાની માહિતીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચે દરોડો કર્યો ત્યારે વેપલો કર્યો શખ્સ અંધારામાં નાસી છૂટયો હતો.જ્યારે પોલીસે વિદેશી દારૂ અને સ્કૂટર કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવની પ્રાપ્ત થતી વિગતો મુજબ લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ ભાવનગર શહેર વિસ્તારમાં નાઈટ રાઉન્ડ



પેટ્રોલીંગમાં હતાં.તે દરમિયાન આનંદનગર, દિપકચોક, જાહેર રોડ ઉપર આવતાં હિકકત મળેલ કે, અજય ઉર્ફે ભગત ઉર્ફે કાળુ મોહનભાઈ રાઠોડ (રહે. આડોડીયાવાસ, ભાવનગર ) તેના રહેણાંક મકાનની બહાર જાહેર જગ્યામાં એકસેસ સ્કુટર ઉપર ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે. આ બાતમીનાં આધારે મોદી રાત્રે આડોડીયાવાસ, અજય ઉર્ફે ભગત મોહનભાઈ રાઠોડના રહેણાંક મકાન પાસે આવતા એક સફેદ કલરના એકક્સેસ સ્કુટર ઉપર બેઠેલ અજય ઉર્ફે ભગત મોહનભાઈ રાઠોડ અંધારાનો લાભ લઈ નાસી છૂટયો હતો.દરમિયાનમાં એકએસ સ્કુટરનાં આગળના ભાગે પ્લાસ્ટીકના કંતાનના કોથળાઓ માંથી અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૧૫૦ બોટલ મળી આવતા પોલીસે એક્સેસ સ્કૂટર ,વિદેશી દારૂ મળી કુલ રૂ.૬૮,૦૭૫ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.લોકલ ક્રાઈમ બ્રાન્ચે નાસી છૂટેલા અજય ઉર્ફે ભગત વિરૂધ્ધ ઘોઘા રોડ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# નીરમાલી, વ્યાસજી ગામના મુવાડામાં બે મંદિરો, તેલનારની દરગાહમાંથી ચોરી

(એજન્સી) કપડવંજ । તા. 23

કપડવંજ તાલુકામાં તસ્કરોએ ગત રાતે ધાર્મિક સ્થાનોને નિશાન બનાવી ચોરીને અંજામ આપ્યો હતો. તાલુકાના નીરમાલી ગામના દીપેશ્વરી માતાના મંદિરે, વ્યાસજીના મુવાડા હિંગળાજ માતાના મંદિરે તેમજ તેલનાર ગામની લાલશા પીર દરગાહમાં ચાંદીના ફોટા, છતર, દાગીના અને દાનપેટીમાં ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ચોરોએ અખંડ જ્યોત બુઝાવી દેતા ગ્રામજનોની લાગણીને ઠેસ પહોંચી હતી. આ અંગે એફઆઈઆર નોંધાવા જતા કપડવંજ રૂરલ પોલીસે આઠ કલાક બેસાડી રાખી ફરિયાદ નહીં નોધ્યાનો આક્ષેપ પણ કરાયો છે.કપડવંજ તાલુકામાં તા. ૨૧મીને શનિવારે નીરમાલી ગામમાં પોસ્ટ ઓફિસની તીજોરી તોડી ચોરીનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. પોસ્ટ ઓફિસની બાજુમાં રહેતા રાકેશભાઈ શાહ જણાવ્યા અનુસાર તેમના મકાનમાંથી અંદાજે ૨૫ હજારની મત્તા ચોરાયી હતી. કરિયાણાની દુકાનમાં ૮૦૦૦ રોકડ ચોરાઈ હતી. ગોકુલ જ્વેલર્સ તેમજ દરજીના મકાનમાં ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ રહ્યો હતો.

સતત બીજા દિવસે પણ ચોરીનો સીલસીલો ચાલુ રહ્યો હતો. નીરમાલીની પોલીસ ઉંઘતી રહી હતી અને તસ્કરો નીરમાલી ગામના દીપેશ્વરી માતાના મંદિરે ચાંદીનો ફોટ, છત્ર અને માતાજીને ચઢાવો (દાગીના) ચોરી ગયા હતા. પાસેના વ્યાસજીના મુવાડામાં હિંગળાજ માતાના મંદિરે દાનપેટી તોડી ચોરીને અંજામ આપ્યો હતો.

# ઘરેલુમાંથી કોમર્શિયલ સિલિન્ડરમાં ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું

### રૂા. 12.13 લાખના 478 ગેસ સિલિન્ડર જપ્ત કરી વધુ તપાસ શરૂ

આણંદ : આણંદના વઘાસી ગામમાંથી સરકારી યોજના હેઠળ સબસીડીથી મળતા ઘરેલું વપરાશના ગેસના બાટલામાંથી કોમર્શિયલ સિલિન્ડરમાં ગેરકાયદે ગેસ રિફિલિંગનું કૌભાંડ પકડાયું છે. એલસીબી અને પુરવઠા વિભાગે સંયુક્ત ઓપરેશનમાં રૂા. ૧૨.૧૩ લાખના ગેસના ૪૭૮ સિલિન્ડર સહિત રૂા. ૧૨.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આણંદ એલસીબી ટીમ તા. ૨૧મીએ પેટ્રોલિંગમાં હતી. ત્યારે વઘાસી ગામે ભૂતનાથ મહાદેવ મંદિર પાછળ, બુલેટ ટ્રેન પ્રોજેક્ટની બાજુમાં આવેલી બી.કે. ગેસ એજન્સીના હાલના કબજેદાર કિરીટભાઈ ભગવાનભાઈ સિંધી (રહે. જવાહર કોલોની, ડીમાર્ટ પાસે, તુલસી ગરનાળા પાસે, આણંદ) પોતાના ગોડાઉનની બાજુમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ



કરતા હોવાની બાતમી મળી હતી. એલસીબીના અધિકારી સહિત ટીમે ગ્રામ્ય પુરવઠા અધિકારીની ટીમને સાથે રાખી બી.કે. ગેસ એજન્સીના ગોડાઉનની બાજુમાં આવેલા અનેય ગોડાઉનમાં રેડ કરી હતી. જ્યાં ગેરકાયદે કોઈપણ મંજૂરી અને ફાયર સેફ્ટીના સાધનો વગર માનવ જીવનને જોખમ થાય તે રીતે સરકારની યોજના હેઠળ સબસીડીથી મળતા ઘરેલુ વરપાશની ગેસની બોટલોમાંથી કોમર્શિયલ ગેસના સિલિન્ડરમાં ગેસ ભરવાનું કૌભાંડ ચાલતું હોવાનું બહાર આવ્યું હતું. દરોડા દરમિયાન જુદી જુદી કંપનીની નાની- મોટી ખાલી તથા ભરેલી ઘરેલું અને વાણીજ્ય વપરાશ હેતુની ગેસની રૂા. ૧૨,૧૩,૦૯૦ની કિંમતના કુલ ૪૭૮ સિલિન્ડર, ગેસ ટ્રાન્સફર કરવા માટે વપરમાં લીધેલી રૂા. ૮,૦૦૦ની બે રિફિલિંગ મોટર, ગેરના સિલિન્ડરના વજન માટેના રૂા. ૮ હજારના બે વજન કાંટા મળી કુલ રૂા. ૧૨.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી જરૂરી આગળની કાયદેસરની તપાસની તજવીજ હાથ ધરી હતી.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો.



**વૃષભ (બ,વ,ઉ)**

વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા હેલ્થ ક્લબની મુલાકાત લો. ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે.



**મિથુન (ક,છ,ઘ)**

તમે નિરાંત અનુભવશો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે.



**કર્ક (ડ,હ)**

બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે.



**સિંહ (મ,ટ)**

તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે.



**કન્યા (પ,ઠ,ણ)**

લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. વધારાનાં નાણાં સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે.



**તુલા (ર,ત)**

સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો.



**વૃશ્ચિક (ન,ય)**

જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે.



**ધન (ભ,ધ,ફ)**

સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે.



**મકર (ખ,જ)**

છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે.



**કુંભ (ગ,શ,સ)**

પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો, તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. તમારે સારા કપડાં અને પગરખાંની જરૂર છે.

# ડીઆઈસીવી સસ્ટેનેબિલિટી માટે નવું આઈજીબીસી પ્લેટિનમ પ્રમાણપત્ર હાંસલ કરનારી પ્રથમ અને એકમાત્ર મેન્યુફેક્ચરર બની

(એજન્સી) ચેન્નઈ । તા. 23

ડેમલર ટ્રક એજીની સંપૂર્ણ માલિકીની સહાયક કંપની ડેમલર ઈન્ડિયા કૉમર્શિયલ વ્હિકલ્સ (ડીઆઈસીવી)એ તાજેતરના અને સૌથી આકરા વર્ઝન 2 સ્ટાન્ડર્ડ્સ હેઠળ ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (આઈજીબીસી)નું પ્લેટિનમ પ્રમાણપત્ર હાંસલ કરનારી ભારતની પ્રથમ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી બનીને એક નોંધપાત્ર સીમાચિહ્ન સ્થાપ્યું છે. 31 ફેક્ટરીઓમાંથી ડીઆઈસીવીનો અત્યાધુનિક ઓરાગદમ પ્લાન્ટ એકમાત્ર ફેસિલિટી છે, જેને ગ્રીન મેન્યુફેક્ચરિંગ અને સસ્ટેનેબિલિટીમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા બદલ આ



માન્યતા પ્રાપ્ત થઈ છે.આઈજીબીસીનું પ્લેટિનમ પ્રમાણપત્ર સસ્ટેનેબલ બિલ્ડિંગ પ્રેક્ટિસિસના મામલે શ્રેષ્ઠતાના સીમાચિહ્ન તરીકે સમગ્ર વિશ્વમાં માન્યતા ધરાવે છે, જે વર્લ્ડ ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલના વિશ્વમાં સસ્ટેનેબિલિટીને પ્રોત્સાહન આપવાના મિશનની સાથે બિલકુલ સુસંગત છે. આ સિદ્ધિ પોતાની મૂળભૂત કામગીરીઓમાં પર્યાવરણીય સ્થિરતા લાવવી, ઈકોલોજી પર પડતા પ્રભાવને ઘટાડવો અને સંચાલનના કાર્યદેખાવને સુધારવા જેવી બાબતોને સામેલ કરવાની ડીઆઈસીવીની વર્તમાન કટિબદ્ધતા પર પ્રકાશ પાડે છે. ડીઆઈસીવીની ઓરાગદમ ફેસિલિટી ઉદ્યોગોના સ્થાયી વિકાસ માટેનું એક મૉડેલ છે, જેમાં વીજળી, પાણીને બચાવવા, પુનઃપ્રાપ્ય ઊર્જાને પ્રોત્સાહન આપવા, કચરાંનાં મેનેજમેન્ટ અને જૈવવૈવિધ્યતાને વધારવા બાબતે નવીન ઉપાયોને સામેલ કરવામાં આવ્યાં છે. આ પ્રયાસો સસ્ટેનેબિલિટી પ્રત્યેના ડીઆઈસીવીના વ્યૂહાત્મક અભિગમની સાથે સુસંગત છે અને તે તેની વ્યાવસાયિક વ્યૂહરચનાના મહત્વના ઘટક SPUR સિદ્ધાંત - સોર્સ, પ્રોડ્યુસ, યુઝ, રીજનરેટ દ્વારા માર્ગદર્શિત છે. આ ફેસિલિટી ઘણાં મૂર્ત લાભ પૂરાં પાડે છે.

# અન્યા પોલિટેક એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડનો આઈપીઓ 26 ડિસેમ્બર, 2024ના રોજ ખુલશે

(એજન્સી) મુંબઈ તા 23

અન્યા પોલીટેક એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ કૃષિ જરૂરિયાતો માટેની એચડીપીઈ અને પીપી બેગ્સ, ઝિંક સલ્ફેટ ફર્ટિલાઈઝર્સ અને માઈક્રોન્યુટ્રિયન્ટ મિક્ચર્સના મેન્યૂફેક્ચરે 26 ડિસેમ્બર, 2024ના રોજ તેની ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ ખોલવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેનું લક્ષ્ય એનએસઈ પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ થનારા શેર સાથે 44.80 કરોડ એકત્ર કરવાનું છે. ઈશ્યુની સાઈઝ પ્રતિ શેર 13 - 14ના પ્રાઇસ બેન્ડ અને 2ના અંકિત મૂલ્ય સાથે 3,20,00,000 ઈક્વિટી શેરની છે. આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ પ્લાન્ટ અને મશીનરીની ખરીદી માટેના મૂડી ખર્ચ અને અન્યા પોલિટેક એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડમાં કાર્યકારી મૂડીની જરૂરિયાત, પેટાકંપની યારા ગ્રીન એનર્જી પ્રાઈવેટ લિમિટેડમાં નવા પ્રોજેક્ટની સ્થાપનાની સાથેસાથે કાર્યકારી મૂડીની જરૂરિયાત, પેટાકંપની અરાવલી ફોસ્ફેટ લિમિટેડમાં કાર્યકારી મૂડી અને મૂડી ખર્ચને પહોંચી વળવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એન્કર બિડિંગ 24 ડિસેમ્બર, 2024ના રોજ ખુલશે અને ઈશ્યુ 30 ડિસેમ્બર, 2024ના રોજ બંધ થશે. બીલાઇન કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યુ માટેના બુક રનિંગ લીડ મેનેજર છે, જ્યારે સ્કાયલાઈન ફાઈનાન્સિયલ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યુના રજિસ્ટ્રાર છે. અન્યા પોલિટેક એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી યશપાલ સિંહ યાદવે જણાવ્યું, “અમે આ આઈપીઓ સફર સાથે અમે આગળ વધીએ છીએ, તે અમારી કંપનીના ઉત્ક્રાંતિમાં એક પરિવર્તનકારી સિદ્ધિ છે, જે ભવિષ્યની વૃદ્ધિ અને સફળતા માટે પાયો નાખે છે. વ્યાપક અનુભવ અને ઉદ્યોગમાં નોંધપાત્ર ઉપસ્થિતિ સાથે, અમે અગ્રણી કંપનીઓ પૈકીની એક તરીકે ઉભરી આવ્યા છીએ. અમારી કામગીરી સાતત્યપૂર્ણ ગુણવત્તા અને નવીન ઉત્પાદનો પહોંચાડવાની પ્રતિબદ્ધતા દ્વારા માર્ગદર્શિત છે, જે અમારા ગ્રાહકોની વિવિધ જરૂરિયાતોને પૂરી કરે છે. આ આઈપીઓના માધ્યમથી એકત્ર કરાયેલા ભંડોળનો વ્યૂહાત્મક રીતે અમારા ઉત્પાદન પોર્ટફોલિયોને વિસ્તૃત કરવા, અદ્યતન પ્લાન્ટ અને મશીનરી પ્રાપ્ત કરવા અને કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ઉપયોગમાં લેવાશે. આ પ્રયાસ ન માત્ર અમારા વ્યવસાયના વિસ્તરણને પ્રોત્સાહિત કરશે, પરંતુ કાર્યકારી કાર્યક્ષમતામાં પણ વધારો કરશે.

# ક્રોમાએ Superrr Exchange રજૂ કર્યું – તમારા જૂના ઇલેક્ટ્રોનિક્સની સામે ત્રણ ગણા લાભો મેળવો

(એજન્સી) અમદાવાદ । તા 23

ટાટા ગ્રુપ દ્વારા સમર્થિત ભારતની સૌથી મોટી ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમાએ નવા વર્ષ માટેની ઊજવણીઓની શરૂઆત કરવા તેના Superrr Exchange નો પ્રારંભ કર્યો હતો. Superrr Exchange ગ્રાહકો માટે તેમના જૂના ઈલેક્ટ્રોનિક્સને અપગ્રેડ કરવા અને વધુ સ્વચ્છ, હરિયાળા ભવિષ્યમાં યોગદાન આપવાનું સરળ બનાવે છે. 21 ડિસેમ્બર, 2024થી શરૂ થયેલા Superrr Exchange ગ્રાહકોને બિલકુલ નવી, ઊર્જા સક્ષમ ડિવાઈસીસ માટે તેમના જૂના ગેજેટ્સને એક્સચેન્જ કરાવવા પર નિયમિત લાભો કરતા ત્રણ ગણા લાભો પૂરા પાડે છે. Superrr Exchange હેઠળ પસંદગીની હોમ અપ્લાયન્સિસ એક્સચેન્જ કરાવીને વિવિધ રેન્જની અન્ય ઈલેક્ટ્રોનિક ડિવાઈસીસ લેનારા ગ્રાહકો ત્રણ ગણા એક્સચેન્જ લાભો તથા બ્રાન્ડ ન્યૂ પ્રોડક્ટ્સ પર એક્સક્લુઝિવ રિવાર્ડ્સ તેમજ ડિસ્કાઉન્ટ માણી શકશે. આ ઉપરાંત તેઓ જૂના લેપટોપ્સ અને મોબાઈલ્સના એક્સચેન્જ સામે રૂ. 21,000 બચાવી શકે છે. આ યુનિવર્સલ એક્સચેન્જ પહેલના ભાગરૂપે ગ્રાહકો તેમની કોઈપણ જૂની ડિવાઈસ લઈને આવી શકે છે અને સાથે કોઈપણ નવી પ્રોડક્ટ ખરીદી શકે છે. મતલબ કે તમે તમારું ન વપરાયેલું જૂનું ગ્રાઈન્ડર લાવી શકો છો અને તેની સામે બ્રાન્ડ ન્યૂ સ્માર્ટ ટીવી ખરીદી શકો છો. એટલું જ નહીં, ગ્રાહકોએ તેમની ઉપયોગમાં ન લઈ શકાય તેવી પ્રોડક્ટ્સ અંગે નિરાશ થવાની જરૂર નથી. આવી પ્રોડક્ટ પણ નજીકના ક્રોમા સ્ટોર પર મૂકી જઈને તેની સામે તેઓ રૂ. 500નું ક્રોમાનું વાઉચર મેળવી શકે છે. Superrr Exchange સમગ્ર દેશમાં 550થી વધુ ક્રોમા સ્ટોર્સ પર ચલાવવામાં આવશે.

# આઈડીએફસી ફર્સ્ટ પ્રાઈવેટ બેંકિંગ અને હુરુન ઈન્ડિયા દ્વારા મિલેનીયા 2024 ના ભારતના ટોચના 200 સ્વ-નિર્મિત ઉદ્યોગસાહસિકો જાહેર કરાયા

(એજન્સી) અમદાવાદ । તા 23

આઈડીએફસી ફર્સ્ટ પ્રાઈવેટ બેંકિંગ અને હુરુન ઈન્ડિયા દ્વારા ’મિલેનીયા 2024 ની આઈડીએફસી ફર્સ્ટ પ્રાઈવેટ અને હુરુન ઈન્ડિયાના ટોચના 200 સ્વ-નિર્મિત ઉદ્યોગસાહસિકો’ ની ની બીજી આવૃત્તિ લૉન્ચ કરવામાં આવી, જે વર્ષ 2000 પછી સ્થાપિત થયેલી ભારતની 200 સૌથી મૂલ્યવાન કંપનીઓની યાદી છે. આ કંપનીઓને તેમના મૂલ્ય અનુસાર ક્રમાંકિત કરવામાં આવી છે, જે લિસ્ટેડ કંપનીઓ માટે માર્કેટ કેપિટલાઈઝેશન અને નોન-લિસ્ટેડ કંપનીઓ માટે વેલ્યુએશન તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

આ યાદીને અંતિમ સ્વરૂપ આપવાની કટ-ઑફ તારીખ 25મી સપ્ટેમ્બર 2024 હતી. આ યાદી માત્ર ભારતમાં મુખ્ય મથક ધરાવતી કંપનીઓને સંદર્ભિત કરે છે (રાજ્યની માલિકીની કંપનીઓ અને વિદેશી કંપનીઓની પેટાકંપનીઓ આમાં શામેલ નથી.

# સેન્સેક્સ 498 પોઈન્ટની તેજી સાથે 78,540 પર બંધ : નિફ્ટીમાં 165 પોઈન્ટનો ઉછાળો

(એજન્સી) મુંબઈ તા 23

આજે 23 ડિસેમ્બરે સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ 498 પોઈન્ટની તેજી સાથે 78,540 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 165 પોઈન્ટના ઉછાળા સાથે 23,753ની સપાટીએ બંધ થયો હતો. BSE સ્મોલકેપ 331 પોઈન્ટ ઘટીને 54,817ના સ્તરે બંધ થયો હતો. સપ્તાહના પહેલાં ટ્રેડિંગ દિવસે શેરબજારમાં તોફાની તેજીથી રોકાણકારો અચંબામાં પડી ગયા. ગયા અઠવાડિયે મોટો ઘટાડો જોયા પછી, બોમ્બે સ્ટોક એક્સચેન્જના 30 શેરવાળા સેન્સેક્સમાં 800 પોઈન્ટનો વધારો થયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ઈન્ડેક્સ પણ 250 પોઈન્ટથી વધુ ઉછળ્યો હતો. આ તેજી વચ્ચે શેરબજારના રોકાણકારોએ ટૂંકા સમયમાં 3 લાખ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. 20 ડિસેમ્બરે અમેરિકાનો ડાઓ જોન્સ 1.18%ની તેજી સાથે 42,840 પર બંધ થયો હતો. S&P 500 ઈન્ડેક્સ 1.09%ની તેજી સાથે 5,930 પર અને નેસ્ડેક 1.03% વધીને 19,572 પર બંધ થયો.કંપની આ ઈશ્યુ દ્વારા કુલ 500 કરોડ એકત્ર કરવા માંગે છે. આ માટે કંપનીના હાલના રોકાણકારો 250 કરોડના 31,84,712 શેર વેચી રહ્યા છે. સોમવારે BSE સેન્સેક્સ તેના ગયા સપ્તાહના ક્લોઝિંગ 78,041.598ની સરખામણીમાં મજબૂત ઉછાળો લઈને 78,488.64 ના સ્તર પર ખુલ્યો હતો અને તે પછી તેની ગતિ જળવાઈ રહી હતી. બપોરે 11 વાગ્યા સુધીમાં સેન્સેક્સ 810.21 પોઈન્ટ્સ અથવા 0.97 ટકા વધીને 78,852.80ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે 258 પોઈન્ટના ઉછાળા સાથે 23845ના સ્તરે ટ્રેડ થતો જોવા મળ્યો હતો.

# પરવાનગી વિના લોન આપતી એપ હવે પ્રતિબંધિત




(એજન્સી) નવી દિલ્હી તા 23

કેન્દ્ર સરકાર પરવાનગી વગર લોન આપતી એપ પર પ્રતિબંધ મૂકવાની યોજના બનાવી રહી છે. સરકારે આ યોજના અંગે એક ડ્રાફ્ટ બિલ રજૂ કર્યું છે. આ બિલમાં ઉલ્લંઘન કરતી ઓનલાઈન લોન એપ્સ પર પ્રતિબંધ લગાવવાનું કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત 1 કરોડ રૂપિયાનો દંડ અને 10 વર્ષની જેલની સજાનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

બિઝનેસ સ્ટાન્ડર્ડના એક રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે. ભારતીય રિઝર્વ બેંક એટલે કે આરબીઆઈના ડિજિટલ ધિરાણ પર કામ કરતા જૂથના નવેમ્બર 2021ના અહેવાલમાં આ પગલાં પ્રથમ વખત સૂચવવામાં આવ્યા હતા. સરકારના ડ્રાફ્ટ બિલનો હેતુ શું છે? કેન્દ્ર સરકારના આ ડ્રાફ્ટ બિલનું શીર્ષક છે-બેનિંગ ઓફ અનરેગ્યુલેટેડ લેન્ડિંગ એક્ટિવિટીઝ (BULA) છે. આ બિલનો હેતુ વ્યક્તિઓ અને કંપનીઓને આરબીઆઈ અથવા અન્ય કોઈ નિયમનકારી સંસ્થાઓની પરવાનગી લીધા વિના લોકોને લોન આપવા પર પ્રતિબંધ મૂકવાનો છે.

સરકારના ડ્રાફ્ટ બિલ સાથે જોડાયેલી ખાસ બાબતો આ બિલમાં ડિજિટલ લોન આપતા પ્લેટફોર્મનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અનધિકૃત પ્લેટફોર્મ કાયદેસર રીતે લોન આપી શકતા નથી. અનધિકૃત લોન આપવા પર 7થી 10 વર્ષની જેલ અને 2 લાખથી 1 કરોડ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. બીજી તરફ, જો લોન આપનાર બળજબરીપૂર્વક વસૂલાતની પદ્ધતિઓ અપનાવશે તો તેમને 3થી 10 વર્ષની જેલની સજા થશે.

બહુવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સંડોવતા અથવા મોટી રકમ સાથે સંકળાયેલા કેસ સીબીઆઈને ટ્રાન્સફર કરવામાં આવશે.

છેતરપિંડી કરનાર લોન એપ ચિંતાનો વિષય છે આવી લોન એપ્સના દબાણને કારણે ઘણા લોકો ડિપ્રેશનમાં જાય છે અને કેટલાક આત્મહત્યા પણ કરી લે છે. આ કારણોસર, ગૂગલે સપ્ટેમ્બર 2022થી ઓગસ્ટ 2023ની વચ્ચે પ્લે સ્ટોર પરથી આવી 2,200થી વધુ આવ્યું છે જ્યારે છેતરપિંડી કરનાર લોન એપ તેમની જબરદસ્તી વ્યાજ દરો અને છુપી ફીને કારણે ચિંતાનો વિષય બની ગઈ છે.

# ક્યુપિડ લિમિટેડ દ્વારા ચાર નવા ડાયરેક્ટરોની નિયુક્તિ સાથે બોર્ડને વધુ મજબૂત બનાવાયું

(એજન્સી) નવી દિલ્હી તા 23

પુરુષો અને સ્ત્રીઓનાં ગર્ભનિરોધકો, જળ આધારિત પર્સનલ લુબ્રિકન્ટ્સ, આઈવીડી કિટ્સ, ડિયોડરન્ટ્સ, પરફ્યુમ્સ, આલ્મંડ હેર ઓઈલ, બોડી ઓઈલ્સ, પેટ્રોલિયમ જેલી અને અન્ય એફએમસીજી પ્રોડક્ટોની ભારતની અવ્વલ ઉત્પાદક અને બ્રાન્ડ ક્યુપિડ લિમિટેડ દ્વારા આજે ચાર નવા ડાયરેક્ટરોની નિયુક્તિ સાથે તેના બોર્ડને મજબૂત બનાવવામાં આવ્યું. શ્રીમતી સ્મિતા ભટકલ, શ્રી સંતોષ દેસાઈ અને શ્રી અક્ષય કુમાર સ્વતંત્ર ડાયરેક્ટરો તરીકે અને શ્રીમતી શાયના એન સી નોન-એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે જોડાયાં છે. ક્યુપિડના વધતા મોજૂદ આંતરરાષ્ટ્રીય અને ઘરઆંગણાના વેપાર પર ધ્યાન કેન્દ્રિત કરીને શેરહોલ્ડરોનું મૂલ્ય મહત્તમ બનાવવાની, નવી આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રવેશવાની અને ભારતના બી2સી એફએમસીજી અવકાશ ક્યુપિડના તાજેતરના પ્રવેશને સફળતાથી આગળ વધારવાની ક્યુપિડની કટિબદ્ધતાને ટેકો આપવા માટે આ નિયુક્તિ કરવામાં આવી છે. ક્યુપિડ તેની ઈયુ દ પરફ્યુમ્સ (ઈડીપી) રેન્જ, આલ્મંડ હેર ઓઈલ, મસાજ ઓઈલ, ત્વચાનું રક્ષણ કરતી જેલી અને ક્યુપી સેફ ટોઈલેટ સીટ સેનિટાઈઝર્સના તાજેતરના લોન્ચ સાથે સેક્સ્યુઅલ વેલનેસ બજારની બહાર તકોનો લાભ લેવા માટે તેના પ્રોડક્ટ પોર્ટફોલિયોને ડાઈવર્સિફાઈ કરીને



સતત વધતી ભારતીય કન્ઝ્યુમર ગૂડ્સ ક્ષિતિજમાં પોતાને સ્થાપિત કરવા ઉત્સુક હોઈ તેની ઉદ્યોગ નિપુણતા, ઉત્પાદન શક્તિ અને નાવીન્યપૂર્ણ જોશને બળ આપ્યું છે. ક્યુપિડ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર આદિત્ય હલવાસિયાએ જણાવ્યું હતું કે, “આ ચાર નવી નિયુક્તિઓ ક્યુપિડ તેની બજારની હાજરી વિસ્તારી રહી છે અને તેની પ્રોડક્ટ ઓફરમાં નવીનતા લાવી રહી છે તેવા મહત્ત્વપૂર્ણ સમયે કરવામાં આવી છે. અમે વૃદ્ધિના આગામી તબક્કામાં નીકળી પડ્યા છીએ ત્યારે અમને વિશ્વાસ છે કે અમારા અજોડ ડાયરેક્ટરોનો એકત્રિત વિવેકવિચાર અને તેમનાં વૈવિધ્યપૂર્ણ પરિપ્રેક્ષ્યો કંપનીને નવાં અને વધુ ઊંચાં સીમાચિહનો તરફ આગળ લઈ જવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.” સ્મિતા ભટકલ વેલિંગકર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ખાતે બીએફએસઆઈમાં ડીન છે.

# કેશફ્રી પેમેન્ટ્સે વિશ્વાસપાત્ર સ્થાનિક ભાગીદાર ઈકોસિસ્ટમ બનાવવા માટે એફિલિએટ પાર્ટનર પ્રોગ્રામ શરૂ કર્યો

(એજન્સી) સુરત । તા. 23

કેશફ્રી પેમેન્ટ્સ, ભારતની અગ્રણી પેમેન્ટ્સ અને API બેંકિંગ પ્લેટફોર્મે, સુરતમાં આયોજિત એક ઈવેન્ટ દ્વારા ગુજરાત માટેનો એફિલિયેટ પાર્ટનર પ્રોગ્રામ લોન્ચ કર્યો. આ નવું પ્લેટફોર્મ ફ્રીલાન્સર્સ, વેબ ડેવલપમેન્ટ એજન્સીઓ, માર્કેટિંગ કંપનીઓ, સ્ટાર્ટઅપ એક્સીલરેટર્સ, ઈન્ફ્લુએન્સર્સ અને અન્યોને કંપનીઓ સાથે સહયોગ સાધવા તથા વ્યવસાયોને ઓનલાઈન વિકાસ સાધવામાં મદદ કરવા માટે પેમેન્ટ ગેટવે સોલ્યુશન્સ રેફર કરીને આવક વધારવા માટે આકર્ષક તકો પૂરી પાડે છે.

પાર્ટનર્સ રેફર કરેલા મર્ચન્ટ્સ દ્વારા કરાયેલા દરેક વ્યવહાર પર પ્રભાવશાળી 0.25%* કમિશન મેળવી શકે છે, જે ઉદ્યોગમાં સૌથી વધુ છે અને આ પ્રોગ્રામને ખૂબ લાભદાયી અને પ્રભાવશાળી બનાવે છે. આ લોન્ચ અંગે જાહેરાત કરતા કેશફ્રી પેમેન્ટ્સના કો-ફાઉન્ડર

- **ડિજિટલ પેમેન્ટ્સ થકી વિકાસ સાધવા અને કામગીરી વધારવા માટે લોકો અને વ્યવસાયોને મદદરૂપ થવા વિશ્વસનીય લોકલ પાર્ટનર ઈકોસિસ્ટમ ઊભી કરવાનું લક્ષ્ય**
- **આ અફિલિયેટ પ્રોગ્રામનો ભાગ બનવા માટે ફ્રીલાન્સર્સ, વેબ ડેવલપમેન્ટ એજન્સીઓ, માર્કેટિંગ કંપનીઓ, સ્ટાર્ટઅપ એક્સીલરેટર્સ, ઈન્ફ્લુએન્સર્સ અને અન્યને આમંત્રિત કરે છે**

રીજુ દત્તાએ જણાવ્યું હતું કે “બેસ્ટ પાર્ટનર કમિશન્સ, ફાસ્ટ ઓન બોર્ડિંગ અને ફૂલ-સ્ટેક પેમેન્ટ ગેટવે સાથેનો અમારો અફિલિયેટ પ્રોગ્રામ ભાગીદારોને સ્થાનિક સાહસિકો અને વ્યવસાયો માટે વૃદ્ધિ કરવા માટે સશક્ત બનાવે છે.‘ ગુજરાત ભારતના સૌથી ગતિશીલ અને ઝડપથી વિસ્તરતા બિઝનેસ હબ તરીકે ઊભરી આવ્યું છે, સરળ ડિજિટલ પેમેન્ટ સોલ્યુશન્સ માટેની માંગમાં તીવ્ર વધારો થયો છે. એકલા સુરતમાં 40,000 થી વધુ એમએસએમઈ અને કંપનીઓની વધતી જતી સંખ્યા છે, જે તમામ નોંધપાત્ર ઓનલાઈન વૃદ્ધિ માટે તૈયાર છે. આ ઝડપથી વિકસતા લેન્ડસ્કેપમાં, કેશફ્રી વ્યૂહાત્મક રીતે આ વ્યવસાયોની ડિજિટલ ચુકવણીની જરૂરિયાતોને પૂરી કરવા માટે સ્થિત છે. સ્ટાર્ટઅપ્સ, એમએસએમઈ અને પરંપરાગત સાહસો માટે વિશ્વસનીય ભાગીદારો તરીકે ઉભરી રહેલી વ્યક્તિઓ અને એજન્સીઓની વધતી જતી સંખ્યા સાથે, કેશફ્રીનો એફિલિયેટ પાર્ટનર પ્રોગ્રામ આ વિસ્તરતી ઈકોસિસ્ટમને ટેકો આપવા માટે નિર્ણાયક ક્ષણે લોન્ચ થયો છે.

# પરિવહન સરળ : થ્રી વ્હીલર ડીઝલ વાહનોની જગ્યા ઈવી લઈ લેશે, વેચાણ પણ બેગણું વધશે

(એજન્સી) નવી દિલ્હી તા 23

આ સમયે અમે નવી દિલ્હીમાં ચાલી રહેલા 21મા ઈવી એક્સપોમાં છીએ. અહીં હાજર ઈવી વાહનોનાં મૉડલ જોઈને સ્પષ્ટ અનુભવી શકાય છે કે દેશની ટ્રાન્સપોર્ટ સિસ્ટમ મોટા ફેરફારમાંથી પસાર થઈ રહી છે. ભલે પારંપરિક કારો અને એસયુવીની ઈવી અપનાવવાની ઝડપ સરેરાશની સરખામણીમાં થોડી ધીમી છે, પરંતુ ઈ-રિક્ષા અને બે-પૈડાંનાં વાહનોનું વેચાણમાં જબરદસ્ત વધારો થઈ રહ્યો છે. આ વર્ષે પહેલીવાર ઈ-થ્રી વ્હીલરના વેચાણ 6 લાખ અને ઈ- ટુ વ્હીલર



વેચાણ 10 લાખને પાર થઈ ગયાં છે. ઈવીના વેચાણમાં તેમની ભાગીદારી 8% સુધી પહોંચી ગઈ છે. રેટિંગ એજન્સી ઈકરાના પ્રમાણે 2025માં તેની ભાગીદારી બેગણી વધીને 16% સુધી પહોંચી જશે. આ ઝડપ પર ઈલેક્ટ્રિક વ્હીકલ ફેડરેશનના પ્રમુખ અનુજ શર્મા કહે છે કે થોડાં જ વર્ષોમાં જ દેશના રસ્તાઓ પર એક કરોડથી વધુ ઈ-વ્હીકલ થઈ ગયા છે. આવનારાં 3થી 5 વર્ષોમાં ઈ-થ્રી વ્હીલર, 50 ટનની ક્ષમતાવાળાં પિકઅપ પેટ્રોલ-ડીઝલ વાહનોનાં વેચાણને પાછળ છોડી દેશે. 2 વર્ષ પહેલાં એલ-5 થ્રી વ્હીલરની કિંમત 5 લાખથી વધુ હતી. આ ડીઝલ વાહનની સરખામણીમાં બેગણી મોંઘી હતી. હવે બેટરીની કિંમત અડધાથી વધુ ઘટી ગઈ છે. જોકે, આ કિંમત હજુ પણ 15-20% વધારે છે. એલ-5 ઉત્પાદક કંપની દે ઉસુઈ મોટરના જીએમ નીરજ ભાર્ગવ કહે છે કે ઈવી ઑટોની રનિંગ કૉસ્ટ ઘણી ઓછી છે. તેઓ સરેરાશ 200 કિમીનું અંતર કાપે છે. ડીઝલ ઑટોમાં રૂ. 700નો ખર્ચ થાય છે. ઈવી ચાર્જિંગ માત્ર રૂ. 40 છે. આમ ખર્ચ પ્રતિ કિમી 55 પૈસા આવે છે. ડીઝલમાંથી ઈવીમાં શિફ્ટ કરીને રૂ. 18 હજાર બચાવી શકાય છે. ચાર્જિંગનો સમય પણ 4 કલાકથી ઓછો રહી ગયો છે. ઈવી પાર્ક... એવા પાર્કથી ચીન મધર ઑફ ઈવી બન્યું, આપણે ત્યાં રહી છે અનુજ શર્માના પ્રમાણે વિશ્વમાં ઈવી મેન્યુફેક્ચરિંગમાં ચીનની ભાગીદારી 98% છે.

**ઈ-થ્રી વ્હીલર : પહેલાં 8 રાજ્યમાં પહોંચ હતી, હવે બધામાં :** રાજીવ અરોરા કહે છે કે પહેલાં ઈ-રિક્ષાની પરવાનગી દેશનાં 8 રાજ્યોમાં જ હતી. હવે એલ-5 ઑટોથી આખા દેશમાં પહોંચ થઈ ગઈ છે. તેનાથી મોટો ફેરફાર આવવા જઈ રહ્યો છે. ઈ-ઑટો એલ-5 બનાવનારી ટેરા મોટર્સના એવીવી આલોકકુમાર કહે છે કે ઈવીની કિંમત ઝડપથી ઘટી રહી છે.

# હોંડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા દ્વારા નવી 2025 એક્ટિવા 125 રજૂ કરાઈ : ‘સ્કૂટર બોલે તો એક્ટિવા’

(એજન્સી) ગુરુગ્રામ । તા 23

હોંડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા (એચએમએસઆઈ) દ્વારા આજે નવા રંગો અને આધુનિક વિશિષ્ટતાઓ સાથે એક્ટિવા 125નું નવું OBD2B-કોમ્પ્લાયન્ટ વર્ઝન રજૂ કરવામાં આવ્યું. નવી 2025 હોંડા એક્ટિવા 125ની કિંમત Rs. Rs. 94,422 (એક્સ-શોરૂમ દિલ્હી)થી શરૂ થાય છે.OBD2B એક્ટિવા 125રજૂ કરતાં હોંડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયાના મેનેજિંગ ડાયરેક્ટર, પ્રેસિડેન્ટ અને સીઈઓ ત્સુત્સુમુ ઓટાનીએ જણાવ્યું હતું કે, “અમને નવીOBD2B-કોમ્પ્લાયન્ટ એક્ટિવા 125ની ઘોષણા કરવાની



ખુશી થાય છે. આ અપડેટેડ મોડેલની રજૂઆત ગ્રાહક સંતોષ પ્રત્યે અમારી કટિબદ્ધતા દર્શાવે છે. 125cc સ્કૂટર હોંડા રોડસિન્ક એપ થકી TFTડિસ્પ્લે અને બ્લુટૂથ કનેક્ટિવિટી જેવી આધુનિક વિશિષ્ટતાઓ સાથે અમે ગ્રાહકોનો રાઈડિંગનો અનુભવ અનોખો બની રહે તેવું લક્ષ્ય રાખ્યું છે. અમને વિશ્વાસ છે કે તે તેના સેગમેન્ટમાં સીમાચિહન સ્થાપિત કરીને રહેશે.” આ ઘોષણા પર બોલતાં હોંડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયાના સેલ્સ અને માર્કેટિંગના ડાયરેક્ટર શ્રી યોગેશ માથુરે જણાવ્યું હતું કે, “એક્ટિવા 125 અમારા ગ્રાહકો માટે અગ્રતાની પસંદગી છે અને તેનું નવું અપગ્રેડ સુવિધા અને સ્ટાઈલની ખૂબીઓને વધુ બહેતર બનાવવા માટે તૈયાર કરાયું છે. બ્લૂટૂથ, નેવિગેશન અને USBટાઈપ-Cજેવી સ્માર્ટ કનેક્ટિવિટી વિશિષ્ટતાઓને જોડીને અમે આજના રાઈડરોની વધતી જરૂરતોને પહોંચી વળ્યા છીએ. સ્વર્ણિમ નવા રંગો અને આધુનિક ટેકનોલોજી સાથે નવી એક્ટિવા 125 સંભાવ્ય ખરીદદારોને આકર્ષવા અને સેગમેન્ટમાં રાજ કરવા માટે સુસજ્જ છે.”

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2081, માગશર વદ-09

# સ્ત્રીઓના શોષણની ટકાવારી સામે કાયદાનો દૂરપયોગ અટકે તે પણ એટલું જ સત્ય



ન્યાયતંત્રની વ્યવસ્થાઓ સાથે પીડા વધારનારો અને ચામડી તતડાવી નાખતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બેંગલુરના આઈટી પ્રોફેશનલ અતુલ સુભાષએ પત્ની અને સાસરિયાંથી ત્રાસી આત્મહત્યા કરી લીધી. અતુલે આત્મહત્યા પત્ની, સાસરિયાં અને ન્યાયતંત્રના અધિકારીઓના ત્રાસથી કરી છે. એ સાથે જ અતુલે એક કલાક વીસ મિનિટનો વીડિયો તેની પત્ની નિકિતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં, 'ભારતમાં પુરુષો વિરુદ્ધ કાયદેસરનો નરસંહાર થઈ રહ્યો છે' એવા ટાઈટલથી પોસ્ટ કર્યો છે. ૨૪ પાનાંની આત્મહત્યાની નોટમાં તેણે લખ્યું કે ન્યાય ન મળે તો મારાં અસ્થિ કોર્ટની ગટરમાં ફેંકી દેજો. પત્ની નિકિતા સોફ્ટવેર એન્જિનિયર અને બી.ટેક ઈન કોમ્પ્યુટર સાયન્સ, એમબીએ ફાઈનાન્સ અને એઆઈ એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ છે. હવે આરોપી તરીકે અતુલનાં પત્ની નિકિતા સિંઘાનિયા, સાસુ, સસરા, સાળાનાં નામ નોંધવામાં આવ્યાં છે. અતુલે સુસાઈડ નોટમાં ઉત્તર પ્રદેશની એક ફેમિલી કોર્ટના જવાબદાર વ્યક્તિનું નામ પણ લખ્યું છે, પણ એફઆઈઆરમાં એ નામ નથી. સુસાઈડ નોટમાં 'જસ્ટિસ ઈઝ ડયુ' એવું હેડિંગ છે. નોટમાં તેણે લખ્યું છે કે તેની પાસે લાંચ માંગવામાં આવી હતી, પણ તે તેણે આપવી ન હતી. માંગેલી રકમ નામ સાથે નોટમાં છે. અતુલનો આક્ષેપ એવો પણ છે કે બાળકોને આગળ કરીને પત્નીએ ભરણપોષણને નામે પૈસા પડાવ્યા હતા. કેસની પતાવટ પહેલાં અતુલ પાસેથી પહેલાં એક કરોડ ને પછી ત્રણ કરોડ માંગવામાં આવ્યા હતા. કેસની સુનાવણી ૧૨૦ વખત મોકૂફ રાખવામાં આવી ને કેસ માટે અતુલે બેંગલુરુથી જૌનપુર ૪૦ વખત દોડવું પડયું. તેના વૃદ્ધ માબાપે બિહારથી અને ભાઈએ દિલ્હીથી કોર્ટ સુધી આવવું પડયું. તેને ત્રણ વર્ષ સુધી સંતાન સાથે વાત ન કરવા દેવાઈ ને ઉપરથી ખર્ચ પેટે દર મહિને બે લાખની માંગણી કરવામાં આવી. આ માણસ સાસરિયાંથી એટલો ત્રાસ્યો હતો કે તેના મૃતદેહની નજીક કોઈ ફરકે કે કોઈ સમાધાન થાય તેવું તે ઈચ્છતો ન હતો. સાસરિયાંનો ત્રાસ કેટલો હશે તે તેની સાસુના આ સવાલ પરથી આવે કે જમાઈને તે પૂછે છે કે હજી તમે આત્મહત્યા કરી નથી? દહેજને નામે કે ઘરેલુ હિંસાને નામે પત્ની ધારે ત્યારે ફરિયાદ કરી શકે છે ને પોલીસ એક વાર તો સાસરાને દોડતું કરી જ દે છે. ફરિયાદો સાચી હોય ત્યાં તો કૈં કહેવાનું નથી. ગૃહિણીને ન્યાય મળે એટલું જ અપેક્ષિત હોય, પણ, રેકોર્ડ એવા બની રહ્યા છે કે મોટા ભાગના કિસ્સામાં ફરિયાદો સાચી સાબિત થતી ન હોય. એ સંજોગોમાં પતિ, સસરા, સાસુ, નણંદ એમ બધા જ સભ્યો વેરવિખેર થયા વગર રહેતાં નથી. જેમ બધી જ વખતે પતિ સાચો ન હોય એમ જ પત્ની પણ સાચી ન હોય એમ બને ને એ કાયદાએ જોવાનું રહે. ગુજરાતના મોટા શહેરોમાં 'પત્ની અત્યાચાર વિરોધી સંઘ' સક્રિય થયો છે ને હજારો પતિઓએ પત્નીના ત્રાસની વિરુદ્ધ લેખિત ફરિયાદો નોંધાવી છે ને ગુજરાતમાં જ તેના પંચોતેર હજારથી વધારે સભ્યોની નોંધણી થવી સૂચક છે. કાયદો ન્યાય માટે હોય, એ પક્ષપાત કરનારો કેવી રીતે હોય? કાયદાનો લાભ લઈને સ્ત્રીઓ પુરુષોને ટૉર્ચર કરતી થઈ છે તે નકારી શકાય એમ નથી.

## નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના માંગરોલ ગ્રામ પંચાયતના
# વિકાસ કામોમાં વ્યાપક ભ્રષ્ટાચારની DDOને રજુઆત




ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લા ના નાંદોદ તાલુકાના માંગરોલ ગ્રામ પંચાયત ના વિકાસ કામો માં ભ્રષ્ટાચાર થવા મામલે DDO ને રજુઆત થતા આ બાબત ભારે ચર્ચા ચઢી છે. પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા ના ઉત્તરવાહિની કિનારે આવેલ માંગરોળ ગામમાં અનેક પ્રસિદ્ધ મંદિર અને આશ્રમો આવેલા છે અને રોજેરોજ યાત્રાળુઓ અને પરિક્રમાવાસીઓ ની અવરજવર રહે છે. આ માંગરોળ ગામ માં વર્ષ 2023-24 ના વિકાસ કામો માં વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાની લેખિત ફરિયાદ એક આશ્રમ ના મહંતે DDO ને કરી છે અને તેના વિડિઓ ફૂટેજ પણ મોકલ્યા હોવાનું જાણવા મળે છે ત્યારે ફરિયાદ ને એક મહિનો થયો છતાં ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ કોઈ પગલા નહિ લેવાતા અને DDO એ તપાસ અન્ય જુનિયર ને સોંપી વિલંબ નીતિ અપનાવતા ગ્રામજનો માં રોષ ની લાગણી ફેલાઈ છે ત્યારે રાજ્ય ના મુખ્ય મંત્રી ભ્રષ્ટાચાર મામલે ઝીરો ટોલરન્સ ની જાહેરાત કરી કલેકટર ડીડીઓ ને ભ્રસ્ટાચાર વિરુદ્ધ કડક કાર્યવાહી ની તાકીદ કરે છે તે ધ્યાને લઇ નર્મદા DDO માંગરોલ ની ફરિયાદ મામલે ઝડપી તપાસ કરી જવાબદારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે કે પછી. 'સબ સલામત હૈ' ના દાવા કરશે..? તે અંગે અનેક તર્ક વિતર્ક ચાલી રહ્યા છે.

**જોકે તપાસમાં વિલંબને કારણે ગ્રામજનોમાં ભારે નારાજગી**

**માંગરોલ ગ્રામ પંચાયતના સભ્યોના સામુહિક રાજીનામાં આખરે સ્વીકારાયા**

માંગરોળ ગ્રામ પંચાયત ના પાંચ સભ્યો એ સામુહિક રાજીનામાં આપ્યા હતા પરંતુ પ્રોસીડીંગ બાકી છે ના બહાને આ રાજીનામાં તલાટી દ્વારા ટીડીઓ સુધી પહોચ્યાં ન હતા પરંતુ વિવાદ વધતા આ તમામ રાજીનામાં આખરે લગભગ એક મહિના બાદ સ્વીકારાયા હોવાનું જાણવા મળે છે.

**અમે આ મુદ્દે જિલ્લા વિકાસ અધિકારી સાથે ટેલીફોનીક વાત કરી તો તેમણે જણાવ્યું કે આ માટે ની તપાસ ચાલુ છે**

**ગામના સરપંચ ના જણાવ્યા મુજબ ફરિયાદ બાદ ચાલુ મહિના મા જ જિલ્લા અને તાલુકા કક્ષાએથી અધિકારીઓ આવી ને અમારી કામગીરી નું નિરીક્ષણ કરી ગયા છે, આમ તો અમારી કામગીરી બધી બરાબર જ છે.**

## વાતાવરણમાં પલ્ટો આવતાં રવિપાકમાં જીવાત પડવાની સંભાવનાથી ખેડુતો ચિંતીત



નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા સહિત પંથક માં છેલ્લા બે દિવસ થી શિયાળું ઠંડા પવનો ફૂંકાતા કાશ્મીર જેવો માહોલ જામ્યો છે પરંતુ સાથે વાદળ છવાયું વાતાવરણ થઈ જતાં માવઠું થવા ની સંભાવના ના ડરે ખેડૂતો એ શિયાળું પાકો જેવા કે રાયડો વરીયાળી ઘઉ શાકભાજી ચણા જીરૂ સવા જોવા રવિ સિઝન ના પાકો ધીરે ધીરે મલકાઈ રહ્યા છે ત્યારે હાલના પલટાયેલા વાતાવરણ ના કારણે પાકો માં મોલો મચ્છી નો ઉપદ્રવ વધી જવાની ભીતી ના ડરે ખેડૂતો ની ગયા વર્ષ ની ચોમાસુ ખેતી સાથે શિયાળું રવિસઝન ના પાકો નું ઉત્પાદન ઘટી જશે કે કેમ તેવી ભીતી સાથે ગહેરી ચિંતા ચાણસ્મા પંથક ના ખેડુતો વ્યક્ત કરતા જેવા મળી રહ્યા છે.

**NEWS BRIEF**

## પાંચપીપરી ગામ પાસે આવેલ દુકાનનું પતરું તોડી રૂપિયા 2.67 લાખ રોકડની ચોરી



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના પાંચપીપરી ગામ પાસે આવેલ એક દુકાન નું પતરું તોડી રોકડા રૂપિયા ની ચોરી થતા દુકાન માલિકે ફરિયાદ આપી હતી. મળતી માહિતી અનુસાર કમલેશભાઈ ઉર્ફે સોનુ રાજેન્દ્રભાઈ સોની ઉ.વ.૩૨ ધંધો.વેપાર, રહે.સેલંબા મંદિર ફળીયુ. તા.સાગબાર, જી.નર્મદા નાઓ એ સાગબારા પોલીસ મથકે આપેલી ફરિયાદ મુજબ તેમની અનાજ કરિયાણા ની દુકાન માં કોઈ અજાણ્યા ઈસમે દુકાનના છતના ભાગે ચઢી છતના ભાગે આવેલ સીમેન્ટનું પતરુ તોડી દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાં આવેલ ટેબલના ડ્રોવરમાં મુકેલ આશરે રોકડા રૂ.૨,૬૭,૦૦૦/- ની ચોરી કરી લઈ ગુનો કરતા પોલીસે ગુનો દાખલ કર્યો છે. જોકે ફરિયાદ આપનાર કમલેશભાઈ સોની ના જણાવ્યા મુજબ મારી દુકાન માં ચોરી કરનાર નજીકના ગામ નો એક વ્યક્તિ છે અને મારે ત્યાં છૂટક કામે આવતો હતો પોલીસે તેને પકડી લીધો હોવાની મને જાણ થઈ છે.

## ચાણસ્મા : તાલુકા લેવલની વાર્તા સ્પર્ધા આજ રોજ વસઈપુરા પ્રા.શાળામાં યોજાઇ



નિતીન ઠાકર | ચંદુમણા

આજરોજ ચાણસ્મા તાલુકા ની વાર્તા સ્પર્ધા તાલુકા લેવલની વસઈપુરા પ્રાથમિક શાળામાં યોજવામાં આવી. તેમાં કુલ આઠ ક્લસ્ટરના 24 બાળકો એ કુલ ત્રણ વિભાગ મા ભાગ લીધેલ. જેમાં ત્રણેય વિભાગમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબરોને રોકડ પુરસ્કાર પ્રમાણપત્ર અને શૈક્ષણિક કીટ આપવામાં આવેલ. સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ બાળકોને પ્રોત્સાહિત ઈનામ રૂપે પ્રમાણપત્ર અને શૈક્ષણિક કીટ આપવામાં આવેલ. કાર્યક્રમમાં સ્વેચ્છિક મહા સંઘ ના અધ્યક્ષ શૈલેષભાઈ, બી આર સી ઓડીનેટર પંકજભાઈ પૂર્વ બીટકેની સુરેશભાઈ તમામ સી.આર.સી શાળાના શિક્ષકો હાજર રહેલ. શાળાના આચાર્ય અનિલભાઈ પટેલ તરફથી બાળકોને આશીર્વાદ આપવામાં આવ્યા. ત્યારબાદ ઈટોડા પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી યતિશભાઈ પંડ્યા એ સંપૂર્ણ કાર્યક્રમની કાર્યસૂચિ સંભાળી અને આભાર વિધિ કરી હતી.

## દંપતીના ઝગડામાં કાકા સસરા એ જમાઈ પર કુહાડી વડે હુમલો કરતા ગંભીર ઈજા પહોંચાડી

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લા તિલકવાડા તાલુકાના ગામોડ ગામમાં દંપતી ની તકરાર માં કાકા સસરા એ જીવલેણ હુમલો કરતા બે ને ઈજા થતા ગુનો દાખલ થયો છે.

મળતી માહિતી અનુસાર પ્રકાશભાઈ મુકેશભાઈ ભટ્ટ, મૂળ રહે ભાલોદ બ્રાહ્મણ ફળિયુ તાલુકો ઝઘડિયા જિલ્લો ભરૂચ હાલ રહે ગમોડ, તા. તિલકવાડા જિલ્લો નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ તથા તેમના પત્ની જોસનાબેન સાથે અંદરો-અંદરો ઝઘડો થતા તે દરમિયાન



તેમના નાના કાકા સસરા પ્રવિણભાઈ ઉર્ફે ટીનાભાઈ નાગજીભાઈ બારીયા રહે. ગમોડ નાઓ તેમની પત્ની અને પ્રવીણભાઈ ની ભત્રીજી નું ઉપરાણુ લઈને કુહાડી લઈ આવી ગાળો બોલી મારી ભત્રીજી સાથે કેમ ઝઘડો કરે છે? અને તુ એની સાથે રોજ ઝઘડો કરી હેરાન કરે છે આ ઝઘડાથી હુ પણ તારાથી પરેશાન થઈ ગયેલ છું આજે તો તને પુરો કરી નાખુ તેમ જણાવી મારી નાખવાના ઈરાદાથી પ્રથમ કુહાડીનો ઝટકો માથામાં જમણી બાજુ મારી ગંભીર જીવલેણ ઈજા પહોંચાડી અને બીજો કુહાડીનો ઝટકો ડાબા ખભાના ભાગે મારી ગંભીર જીવલેણ ઈજા પહોંચાડતા છોડાવવા માટે વચ્ચે પડેલ પ્રકાશભાઈ ના વચલા કાકા સસરા પ્રહલાદભાઈ નાગજી બારીયાને પણ ડાબા હાથની કોણી પાસે કુહાડી મારી ઈજા કરી ગુન્હો કરતા તિલકવાડા પોલીસે ગુનો દાખલ કર્યો છે.

## ચાણસ્મા તાલુકાના ધરમોડા ગામે શાળાના લાભાર્થે સન્માન સમારોહ યોજવામાં આવ્યો

નિતીન ઠાકર | ચંદુમણા

ચાણસ્મા તાલુકાના ધરમોડા ગામે આવેલ ગાયત્રી વિદ્યાલય ના ફરીથી નવિનીકરણ સાથે આધુનિક ભણતર અને હોસ્ટેલ ના લાભાર્થે એક સન્માન સમારોહ નું આયોજન ગુજરાત જન કલ્યાણ ટ્રસ્ટ અને ગુજરાત સર્વ સેવા ફાઉન્ડેશન તેમજ સમસ્ત ધરમોડા ગામ દ્વારા આયોજન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સર્વ સમાજના લોકો અને રાજકીય આગેવાનો તથા સંતો ઉપસ્થિત રહ્યા હતા.

ચાણસ્મા તાલુકાના ધરમોડા ગામે ૩૭ વર્ષ પહેલાં મંજૂર થયેલ ગાયત્રી વિદ્યાલય ને ફરીથી ધબકતી કરવા માટે જન કલ્યાણ ટ્રસ્ટ અને



ગુજરાત સર્વ સેવા ફાઉન્ડેશન દ્વારા બીડું ઝડપ્યું છે. ત્યારે શાળાને આધુનિક સુવિધાઓ સાથે નવેસરથી નવા બાંધકામ સાથે ચાલું કરવા માટે ધરમોડા ગામે લાભાર્થે સન્માન સમારોહ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતો, મહંતો, દાસબાપુ ટોટાણા અને દોલતરામ બાપુ નોરતા દ્વારા ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવ્યા હતા. ત્યારે રાજકીય આગેવાનો ચાણસ્મા ધારાસભ્ય દીનાજી ઠાકોર અને પુર્વ કેબીનેટ મંત્રી દીલીપજી ઠાકોર સહિત ભાજપ અને કોંગ્રેસ પક્ષના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કોમેડી કિંગ ચેતન કાકા સહિત ના કલાકારોએ પણ નાટયક રૂપે વ્યસન મુક્તિ અને અભ્યાસ પર ભાર મૂક્યો હતો. ત્યારે સમગ્ર કાર્યક્રમની દિપ પ્રાગટય કરી શરૂઆત કરી હતી. ત્યારબાદ તમામ મહાનુભાવો નું સ્વાગત સન્માન કરાયું હતું. અને બાળાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કર્યું હતું.

આ પ્રસંગે પુર્વ કેબીનેટ મંત્રી દીલીપજી ઠાકોરે જણાવ્યું હતું કે દેશમાં શિક્ષણ વગર દરેક મહેનત નકામી છે.

## લીમખેડા તાલુકા ટીચર્સ દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં જય શ્રી રામ ઈલેવન અગારા(ઉ) ચેમ્પિયન



દિપક રાવલ | દાહોદ-લીમખેડા

લીમખેડા તાલુકા ટીચર્સ દ્વારા આયોજિત શિક્ષક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન શ્રી સાર્વજનિક રમત-ગમત સંકુલ પાલ્લી ખાતે કરવામાં આવ્યું હતું.જેમાં લીમખેડા તાલુકાની 08 પગાર કેન્દ્રની 08 ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલમાં મહાકાલ ઈલેવન બાંડીબાર અને જય શ્રીરામ ઈલેવન અગારા(ઉ) નો મુકાબલો થયો હતો. જેમાં અગારા(ઉ )જય શ્રી રામ ઈલેવન ચેમ્પિયન બની હતી. ફાઈનલ મેચમાં બોલિંગમાં સુંદર પ્રદર્શન કરનાર શ્રી તુષારભાઈ પટેલને મેન ઓફ ધ મેચ બનતા ટ્રોફી આપવામાં આવી હતી.આખી ટુર્નામેન્ટમાં સુંદર પ્રદર્શન કરનાર મહાકાલ ઈલેવન ના ઓલ રાઉન્ડર શ્રી વક્તાભાઈને મેન ઓફ સીરીઝ બદલ ટ્રોફી આપવામાં આવી હતી. ફાઈનલ મેચમાં સુંદર ફિલ્ડિંગ કરનાર શ્રી કૌશિકભાઈ બારીયાને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આખી સિરીઝમાં બેસ્ટ બેસ્ટમેન તરીકે શ્રી સિદ્ધાર્થભાઈ ડામોર અને બેસ્ટ બોલર તરીકે શ્રી સાવનભાઈ જાદવને એવોર્ડ આપવામાં આવ્યો હતો.ફાઈનલ ક્રિકેટ મેચનાં ઉદ્દઘાટન સમારોહ તથા સમાપન સમારોહ કાર્યક્રમમાં કોળી કર્મચારી મંડળનાં હોદ્દેદારો હાજર રહ્યા હતા. ફાઈનલ મેચમાં બેસ્ટ પ્રદર્શન કરનાર શ્રી રામ ઈલેવન અગારા(ઉ) નાં ખેલાડી શ્રી તુષારભાઈ પટેલને મેન ઓફ ધી મેચ એવોર્ડ માટે 501/ રોકડ ઈનામ કોળી કર્મચારી મંડળ દાહોદ દ્વારા આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે નિવૃત IAS અધિકારીશ્રી ભાર્ગવી દવેની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાની વર્કશોપ યોજાઈ

રાકેશ મહેતા | ધનસુરા

ભાવિ વિકાસ માટે નાગરિકોના પ્રતિભાવો અને વિવિધ પગલાઓ હાથ ધરી વિકસિત અરવલ્લી @૨૦૪૭ નો સંકલ્પ સાકાર કરવા હેતુ અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના ભામાશા હૉલ ખાતે જિલ્લા કક્ષાની વર્કશોપ યોજાઈ. વર્કશોપમાં સંબોધિત કરતા જિલ્લા કલેકટરશ્રી પ્રશસ્તિ પરીકએ જણાવ્યું કે જિલ્લામાં લોકોને તેમના ઘર આંગણે વિવિધ યોજનાઓના લાભ મળે અને તેમના વહીવટી કામો સરળતાથી થાય તે માટે જિલ્લામાં સેવાસેતું , સ્વાગત કાર્યક્રમ, ગ્રામસભા, રાત્રિ સભા જેવા કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. જિલ્લા વહીવટી તંત્ર સતત કાર્યરત રહી લોકાભિમુખ વહીવટ ચલાવવામાં આવે છે.

આજની વર્કશોપમાં લોકોને સંબોધિત કરતા કાર્યક્રમના અધ્યક્ષશ્રી ભાર્ગવીબેન દવેએ જણાવ્યું કે 'પ્રશાસન ગાંવ કી ઓર' એ બીજું કંઈ નહીં છેવાડાના માનવીને તેમના લાભ પૂરા કરાવવા



માટે છે. આપણા દેશમાં લોકોની, વહીવટી તંત્રની જાગૃતતા અને સરકારી યોજનાઓના મદદથી આપણે કોરોના જેવી મહામારીને પણ અટકાવી શક્યા છીએ. ઉચ્ચ આરોગ્ય, પોષણ શિક્ષણ , રોજગાર , ખેતી, સ્ટાર્ટ અપ, સ્કીલ ડેવલપમેન્ટ, હાઈટેક ઈન્ફરાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી થકી આપણે ગ્રામ્ય વિસ્તારથી લઈ શહેરી વિસ્તારનો વિકાસ પણ આપણે કરી શકીએ છીએ.સુશાસન માટે ટીમ બિલ્ડિંગ સૌથી વધુ મહત્વનું છે. છેવાડાના માનવી સુધી પહોંચવા ગ્રામ્ય કક્ષાના લોકોની મદદ લેવી જ પડશે. લોકાભિમુખ વહીવટ જ સુશાસનનું ઉત્તમ ઉદાહરણ છે. આ સાથે જ તેમને પોતાના કાર્યકાળ દરમિયાનના અનુભવો પણ વ્યક્ત કર્યા.કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિપેશ કેડિયા દ્વારા District@100, ગુડ ગર્વનન્સની પ્રેક્ટિસ માટેના વિવિધ મુદ્દાઓને આવરી લઇ જિલ્લાના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ સાથે સંવાદ કરવામાં આવ્યો. આ સંવાદમાં જિલ્લાના ખેડુત દ્વારા પ્રાકૃતિક ખેતી, બાયોગેસ, વીજ ઉપકરણો અને તેના લગતા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી. સંવાદમાં ગૃહિણીઓ દ્વારા મહિલા સશક્તિકરણ અને મહિલા રોજગાર અંગે ચર્ચા કરવામાં આવી. સંવાદમાં કટલરી અને કરિયાણા એસોસિયેશનના અગ્રણી દ્વારા નાના વેપારીઓના આદર્શ ભવિષ્યની આશા વ્યક્ત કરી. બિલ્ડર એસોસિયેશનના અગ્રણી દ્વારા ભવિષ્યમાં આઈકોનિક બિલ્ડિંગના નિર્માણ માટે સરળતા કરવા સૂચન કરવામાં આવ્યા. બાર એસોસિયેશનના અગ્રણી દ્વારા જિલ્લામાં ન્યાયતંત્રને મજબૂત બનાવવા સૂચન કરવામાં આવ્યા.

## ઝરવાણી ગામમાં પાણી ભરવા મુદ્દે મહિલાને માર મારનાર દંપતી વિરુદ્ધ ફરિયાદ



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ઝરવાની ગામમાં પાણી માટે મહિલા ને માર મરનાર દંપતી વિરુદ્ધ ફરિયાદ થતાં પોલીસે ગુનો દાખલ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર સંજનાબેન પ્રવિણભાઈ તડવી રહે.ઝરવાણી, દેડકા ફળીયુ તા.ગરુડેશ્વર જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ પોતાના ઘરે ઝરવાણી ગામે હતા ત્યારે તા.૨૨/૧૨/૨૦૨૪ ના ક.૦૮/૦૦ વાગે તેમના વાડામાં આવેલ હેડપંપમા પાણી ભરવા અંગે તેમના ફળિયાના રેખાબેન યોગેશભાઇ ઉર્ફે યોગીન તડવી ગમેતેમ ગાળો બોલતા હોય જેથી ગાળો બોલવાની ના પાડતા યોગેશભાઇ ઉર્ફે યોગીન ઈશ્વરભાઇ તડવી ઉશ્કેરાઇ જઈ હાથમા દંડો લઈ આવીને સંજનાબેન ના જમણા હાથે કોણી પાસે ઝાપટ મારી ઈજા પહોંચાડી તથા રેખાબેન નાઓ હાથમાં પથ્થર લઈ બરડાના ભાગે મારી ગમેતેમ ગાળો બોલી ઈજા પહોંચાડી એકબીજાએ મદદગારી કરતા સલામતી પોલીસે દંપતી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## મોડાસા : આર્ટ્સ કોલેજમાં નેક પીયર ટીમ મુલાકાત લીધી



રાકેશ મહેતા | ધનસુરા

શ્રી મ.લા ગાંધી ઉચ્ચ કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ.ક.શાહ એન્ડ શ્રી કૃષ્ણ ઓ.એમ. આર્ટસ કોલેજ મોડાસા માં નેક પીયર ટીમના ત્રણ સભ્યો, ડૉ. કિરણ અરોરા, ડૉ. સીદ્દ્દપ્પા બગલકોટી તથા ડૉ. અનીરુધન ભાર્ગવન કેમ્પસની મુલાકાતે આવ્યા હતા. આચાર્ય શ્રી ડૉ. ડી. એચ.જોશી, ડૉ. પી.આર. સિંહ, તથા પ્રો. ડી.આર. મહેતા એ તેમને અમદાવાદ એરપોર્ટ પર આવકાર્યા હતા.મુલાકાત ના પ્રથમ દિવસે એન.સી.સી. ના કેડેટ્સ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપીને સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ તેમણે પ્રિન્સિપાલ ડૉ. ડી.એચ. જોશી સાથે મુલાકાત કરી હતી. ત્યાર બાદ તેમણે આઈ.ક્યુ.એસી. કો-ઓર્ડિનેટર ડૉ. પીયુષ સિંહ સાથે તેમના કાર્યોની ચર્ચા કરી હતી. તેમણે વિવિધ વિષયોના ઈન્ચાર્જશ્રીઓ સાથે મીટીંગ કરી હતી. તેમણે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વાલી મંડળ સાથે મીટીંગ કરી હતી. પ્રથમ દિવસના અંતે તેમણે સાંસ્કૃતિક કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. મુલાકાત ના બીજા દિવસે સવારે તેમણે હાલના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી તેમની મુશ્કેલીઓ જાણવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યાર બાદ તેમણે વહીવટી તથા સ્ટાફ મિત્રો સાથે મુલાકાત કરી હતી.

## જિલ્લા કક્ષાની પાવર લીફ્ટિંગની (Deadlift) સ્પર્ધામાં સનાતન વર્લ્ડ પરિવારના કાર્યકરોએ જિલ્લાનું નામ રોશન કર્યું

દિપક રાવલ | દાહોદ-લીમખેડા



તા.૨૨-૧૨-૨૦૨૪ના રોજ યોજાયેલ જિલ્લા કક્ષાની પાવર લીફ્ટિંગની (Deadlift )સ્પર્ધા KTG જિમ્ વડોદરા ખાતે યોજાઈ હતી. જેમાં દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવારના પ્રખર કાર્યકર્તા અને ધ પાવર હાઉસ જીમ પીપલોદ ના મેહુલ ભરવાડ સિલ્વર મેડલ તથા જુનિયર વિભાગ માં અક્ષુ પટેલ સિલ્વર મેડલ અને દીક્ષિત બારીયા બ્રોન્ઝ મેડલ મેળવી દાહોદ જિલ્લાનું નામ રોશન કર્યું. કોચશ્રી રાહુલ ચૌહાણ ને સમસ્ત સનાતન વર્લ્ડ પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

## ફિટ ઈન્ડિયા અંતર્ગત રાજપીપળામાં "Sunday on Cycle Campaign" કાર્યક્રમ યોજાયો



ભરત શાહ | નર્મદા

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત નર્મદા જિલ્લા રમત વિકાસ અધિકારી અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની કચેરી દ્વારા રાજપીપલા ખાતે "Sunday on Cycle Campaign" કાર્યક્રમ યોજાયો હતો. NCC કમાન્ડો રાહુલ ઠક્કરે લીલી ઝંડી બતાવી કેમ્પેઈનનો પ્રારંભ કરાવ્યો હતો. આ કેમ્પેઈન નર્મદા જિલ્લામાં Green India, Fit India અભિયાન માટે પ્રેરક બળ પુરૂં પાડશે. સાથે સાથે હવામાનમાં વધતા જતા પ્રદૂષણ માટે સાઈક્લિંગ શ્રેષ્ઠ ઉકેલ તરીકે સાબિત થશે. આ સાયકલ કેમ્પેઈનમાં રાજપીપલાના સાઈક્લિસ્ટો મોટી સંખ્યામાં ઉત્સાહભેર સામેલ થયા હતા.

## જાફરાબાદ | અવાર-નવાર ગટર ઉભરાતાં ડ્રેનેજના ગંદા પાણીથી નાગરિકો પરેશાન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ નગરપાલિકા ની બાજુમાં જ ભૂગર્ભ ગટરના ઢાંકણા માંથી ડ્રેનેજ નાં ગંદુ પાણી રાહદારીઓ ના પગ નીચેથી વહી રહ્યું હોય પરંતુ જવાબદાર પાલિકા આંખ આડા કાન કરી રહીં હોય તેવો નજારો જોવા મળી રહ્યો છે. અહીં બાજુમાં શાકભાજી માર્કેટ હોય અહીં થી જ ભૂગર્ભ ગટરના પાણી ઉભરાઇ રોડ ઉપર વગર વરસાદે વહી રહ્યું હોય પરંતુ પાલિકા ના જવાબદાર અધિકારીનાં ધ્યાન ઉપર ક્યારે આવશે અહીં આવેલ આજુબાજુમાં દુકાનો થતાં મેન બજાર હોય મોટી સંખ્યામાં લોકો ની અવરજવર હોય તેજ રોડ ઉપર થી ડ્રેનેજ જના ફીણ વાળા પાણી અને મળમૂત્ર ના પાણી રોડ ઉપર નદી જેમ વહી રહ્યા હોય પરંતુ જવાબદાર પાલિકા ના ધ્યાન ઉપર આવતું નથી અહીં ના વેપારીઓ તથા જાગૃત લોકો દ્વારા અવારનવાર મૌખિક રજૂઆતો કરવામાં છતાં ધ્યાન ઉપર લેવામાં આવતું નથી નગરપાલિકા કચેરી ના નાક નીચે બાજુમાં જ જ્યાંથી આ ભૂગર્ભ ગટર ના પાણી દરરોજ વહી રહ્યું હોય અને પાલિકા જવાબદાર અધિકારીઓ ના ધ્યાન ઉપર ન આવતું હોય અને રજુઆત છતાં પણ ધ્યાન ઉપર લેવાની તસ્દી ન લેવાતી હોય તો અનેક વિસ્તારો કેવી



હાલતમાં હશે રોડ રસ્તા બનાવવામાં આવ્યા પરંતુ ડ્રેનેજ નાં પાણી નું ભૂગરભૂ વહેવા ને બદલે રોડ ઉપર વહી રહ્યા હોય તો આ કરામતો એન્જિનિયર ની કહીં શકાય પાલિકા ના એન્જિનિયર ની કરામતથી રોડ રસ્તા અને ભૂગર્ભ ગટર એવાં બન્યા છે.કે વર્ષોસુધી નાગરિકો ને જોતાજ રહેવું પડશે કારણ કે આ કરામતો એન્જિનિયર છે. શું આ વહેતાં ભૂગર્ભ ગટર ના દુર્ગંધ મારતું પાણી સવારના સમયે કે જ્યારે બજારમાં લોકોની અવરજવર રહેતી હોય ત્યારે નાગરિકો ના પાટું નીચે વહી રહ્યું છે. પરંતુ જવાબદાર અધિકારીનું પેટનું પાણી પણ હલતું નથી સ્વચ્છતા હી સેવા અભિયાન ના ધજાગરા ઉડી રહ્યા છે.

# નવા વર્ષથી ભંગાર થઈ જશે એન્ડ્રોઇડ ફોન? વોટ્સએપ પણ સપોર્ટ નહીં કરે

જો તમે વર્ષો જૂનો સ્માર્ટ ફોન વાપરતાં હો તો હવે તે નવા વર્ષથી બિનઉપયોગી બની શકે છે. સૌથી વધુ વપરાતું સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ વોટ્સએપ હવે નવા વર્ષમાં દાયકા જૂના એન્ડ્રોઇડ ડિવાઈસમાં સપોર્ટ નહીં કરે. રિપોર્ટ અનુસાર, એન્ડ્રોઇડ કિટકેટ હાર્ડવેર પર સંચાલિત સ્માર્ટફોનમાં 1 જાન્યુઆરી, 2025થી વોટ્સએપ સપોર્ટ નહીં કરે અર્થાત્ જે લોકો 10 વર્ષ કે 10 વર્ષથી જૂનો સ્માર્ટફોન હજુ પણ વાપરી રહ્યા છે તેઓ વોટ્સએપનો ઉપયોગ કરી શકશે નહીં.



ઈન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફૉર્મ વોટ્સએપએ અગાઉ જાહેરાત કરી હતી કે, એન્ડ્રોઈડ કિટકેટ હાર્ડવેર આધારિત ડિવાઈસ વોટ્સએપના નવા ફીચર્સને સપોર્ટ કરવા અસમર્થ છે. મેટા સૌથી વધુ પ્રચલિત વોટ્સએપને વધુ સક્રિય અને યુઝર-ફ્રેન્ડલી બનાવવા સતત નવા ફીચર્સ ઉમેરી રહી છે. છેલ્લા થોડા મહિનાથી તે એઆઇ ફીચર્સ લોન્ચ કરી રહી છે. આ એઆઇ ફીચર્સ જૂના ડિવાઈસમાં સપોર્ટ ન કરી રહ્યા હોવાથી વોટ્સએપે આ જાહેરાત કરી હતી.એન્ડ્રોઈડ કિટકેટ સોફ્ટવેર 2013માં લોન્ચ થયું હતું. જે 11મી એન્ડ્રોઈડ મોબાઈલ ઓપરેટિંગ સિસ્ટમ હતી. જો કે, તે એન્ટ્રી લેવલના સ્માર્ટફોનમાં મર્યાદિત સ્રોત સાથે જ સંચાલિત હોવાથી આ વર્ષે ઑગસ્ટમાં ગૂગલે પણ આ સોફ્ટવેર ધરાવતી ડિવાઈસમાં સેવાઓ અટકાવી હતી.

## સુનિતા વિલિયમ્સ વર્ણવે છે અલૌકિક બ્રહ્માંડ દર્શન

# 'હું અંતરિક્ષમાં 1 દિવસમાં 16 સૂર્યોદય અને 16 સૂર્યાસ્તના દર્શન કરું છું.', સુનિતા વિલિયમ્સ

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન(આઈએસએસ)માં ગયેલાં સુનિતા વિલિયમ્સ અનંત અંતરિક્ષનાં રહસ્યોનો અને આશ્ચર્યોનો આનંદ માણી રહ્યાં છે. આ રહસ્ય અને આનંદ એટલે એક દિવસમાં 16 વખત સૂર્યોદય અને 16 વખત સૂર્યાસ્તનાં દર્શન. આપણે પૃથ્વીવાસીઓને તો એક દિવસમાં ફક્ત એક જ વખત સૂર્યોદયનાં અને સૂર્યાસ્તનો અનુભવ થાય છે.ભારતીય મૂળનાં અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ 2013માં તેના મૂળ વતન ગુજરાતમાં આવ્યાં ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા તે વખતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં તેમનું ઉમળકાભેર સ્વાગત થયું હતું. તે પ્રસંગે સુનિતા વિલિયમ્સે તેમના આઈએસએસના અવર્ણનીય અંતરિક્ષ અનુભવો યાદ કર્યા હતા. હાલ પણ સુનિતા વિલિયમ્સ અને તેના સહયોગી બુચ વિલમોર છેલ્લા લગભગ છ મહિનાથી આઈએસએસમાં છે. દરરોજ 16 વખત સૂર્યોદયનાં અને 16 વખત સૂર્યાસ્તનાં દર્શન કરે છે. સુનિતા વિલિયમ્સે કહ્યું હતું કે આપણે પૃથ્વીવાસીઓ તો એક દિવસમાં ફક્ત એક જ વખત સૂર્ય ઉદયનાં અને સૂર્ય અસ્તનાં દર્શન કરી શકીએ છીએ. પૃથ્વી પર 12કલાકનો દિવસ અને 12 કલાકની રાત્રિ હોય છે. જોકે હું અગાઉ આઈએસએસમાં ગઇ ત્યારે મેં એક જ દિવસમાં 16 સૂર્યોદયનો અને 16 સૂર્યાસ્તનો અદભુત આનંદ માણ્યો હતો. આવાં અલૌકિક અનુભવનું વર્ણન શબ્દોમાં ન જ થઇ શકે. જોકે હું તે અનુપમ દ્રશ્યો નિહાળીને સ્તબ્ધ થઇ ગઇ હતી. સાથોસાથ હું, આવાં દ્રશ્યો ભલા ચોક્કસ કયાં ખગોળિય પરિબળોને કારણે થઇ શકે તેના ગહન વિચારો કરતી હતી. આમ તો હું નાસાની અવકાશયાત્રી તરીકે આઈએસએસમાં સંશોધનાત્મક કામગીરી માટે ગઇ હોવાથી મને બ્રહ્માંડની અજીબોગરીબ ગતિવિધિનો ખ્યાલ છે.

હકીકત જોકે એ છે કે અમારું આઈએસએસની ગતિ 28000 કિલોમીટર(પ્રતિ કલાક) જેટલી અતિ તીવ્ર હોવાથી દર 90 મિનિટે પૃથ્વીની એક પ્રદક્ષિણા પૂરી કરે છે. આ ગણતરીએ અમે દર 45 મિનિટે પૃથ્વીની સૂર્યોદયની ઉજળી બાજુએ અને સૂર્યાસ્તની અંધારી બાજુએ આવી જઈએ છીએ.આમ અમને દર 45 મિનિટે નવા સૂર્યોદયનો અને નવા સૂર્યાસ્તનો અનુભવ થાય છે.



અમારું આઈએસએસ 28,000 કિ.મી.ની પ્રચંડ ગતિએ પ્રવાસ કરતું હોવાથી દર 45 મિનિટે પૃથ્વીની ઉજળી અને અંધારી બાજુએ આવી જાય છે

# ડ્રાયફ્રુટ છે ગુણકારી, શિયાળામાં વિટામિન ડીની નહી રહે ઉણપ

**શરીરમાં વિટામિન્સનું સ્તર જાળવવું મહત્વપૂર્ણ છે. શિયાળાની સિઝન ચાલી રહી છે, આવી સ્થિતિમાં મોટાભાગના લોકો વિટામિન ડીની ઉણપથી પીડાય છે. વિટામિન ડીની માત્રા સૂર્યપ્રકાશ દ્વારા પૂર્ણ રહે છે. શિયાળામાં સૂર્યપ્રકાશ યોગ્ય રીતે નથી પડતો, જેના કારણે શરીરને વિટામિન ડી યોગ્ય રીતે મળતું નથી. મહત્વનું છે કે શરીરમાં વિટામિન ડીની ઉણપથી થાક, સુસ્તી, હાડકાં અને સ્નાયુઓમાં નબળાઈ આવે છે. આવી સ્થિતિમાં વિટામીન ડીની માત્રા સંપૂર્ણ હોવી જોઈએ. શિયાળામાં તમે ડ્રાય ફ્રુટ્સ ખાઈ શકો છો જેથી તેની ઉણપ પૂરી થાય. ત્યારે આવો જાણીએ વિટામિન ડીની ઉણપને દૂર કરવા માટે કયા ડ્રાય ફ્રૂટનું સેવન કરી શકાય**

### અંજીર

અંજીરને વિટામિન ડીનો સમૃદ્ધ સ્ત્રોત માનવામાં આવે છે. તેમાં કેલ્શિયમ અને પોટેશિયમ ભરપૂર માત્રામાં જોવા મળે છે. તે હાડકાની મજબૂતી અને હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. સૂકા અંજીર શરીરમાં કેલ્શિયમના શોષણમાં મદદ કરે છે, જેનાથી હાડકાં અને દાંતને ફાયદો થાય છે.

### ખજૂર

ફાઈબર, પ્રોટીન, પોટેશિયમ અને મેગ્નેશિયમ ઉપરાંત ખજૂરમાં વિટામીન ડી ભરપૂર માત્રામાં હોય છે. તે શરીરમાં એનર્જી લેવલને જાળવી રાખવામાં મદદ કરે છે. ખજૂર પણ કુદરતી મીઠાશ છે. વિટામિન ડીની ઉણપને દૂર કરવા માટે દરરોજ 2 થી 3 ખજૂર ખાઓ.



**સૂકા જરદાળુ** | સૂકા જરદાળુ પણ ખૂબ જ સ્વાસ્થ્યવર્ધક છે. તમને જણાવી દઈએ કે તેમાં વિટામિન ડીની સાથે આયર્ન અને પોટેશિયમ પણ હોય છે. આ બધા હાડકા માટે ખૂબ જ ફાયદાકારક છે.

**બદામ** | દરરોજ પલાળેલી બદામ ખાવાથી યાદશક્તિ વધે છે. તે વાળ માટે પણ ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં વિટામીન E તેમજ D હોય છે. બદામમાં ફાઈબર, પ્રોટીન, કોપર અને મેગ્નેશિયમ પણ જોવા મળે છે. આ તમામ પોષક તત્વો હાડકાં અને સ્નાયુઓને મજબૂત કરવાનું કામ કરે છે.

# ડિસેમ્બરમાં ફરવા માટેની બેસ્ટ પ્લેસ, બર્ફિલા સ્વર્ગ જેવો થશે અનુભવ

ઠંડીની ઋતુમાં પણ ફરવાનો એક અલગ જ રોમાંચ હોય છે. એવા ભારતમાં ઘણા સ્થળો છે જ્યાં શિયાળામાં હિમવર્ષા થાય છે. તેનો નજારો જોવો અદ્ભૂત હોય છે. ત્યારે ડિસેમ્બર મહિનામાં જો તમે ફરવાનો પ્લાન બનાવતા હોય તો તમને જણાવીએ કે એવા ઘણા હિલસ્ટેશન છે જ્યાં તમે ફરવા જઇ શકો છો. જો તમે હજુ પણ ક્રિસમસ કે નવા વર્ષ માટે ક્યાંય ફરવા જવાનો કોઈ પ્લાન બનાવ્યો નથી અને તમે વિચારી રહ્યા છો કે બરફવર્ષા જોવા માટે ક્યાં પ્રવાસનું આયોજન કરવું.આ યાદીમાં પહેલું નામ સિક્કિમના ગૈંગટોકનું છે. ડિસેમ્બર મહિનો અહીં ફરવા માટે યોગ્ય છે. શિયાળાની ઋતુ દરમિયાન આ શહેર બરફથી ઢંકાયેલું રહે છે અને અહીંના મનમોહક નજારા તમને મોહિત કરવામાં કોઈ કસર છોડશે નહીં. જો તમે ગૈંગટોક જઈ રહ્યા છો તો ચોક્કસથી ત્સોમગો તળાવની મુલાકાત લો. અહીં ફરવા માટે ઘણી બધી જગ્યાઓ છે. તમે નાથુલા પાસ, રુમટેક મઠ, ગણેશ ટોક અને તાશી વ્યુપોઈન્ટની મુલાકાત લઈ શકો છો.હિમાચલ પ્રદેશ એક એવું રાજ્ય છે જ્યાં ઘણા હિલ સ્ટેશનો છે. મનાલી, શિમલા અને ધર્મશાલા સિવાય જો તમે અન્ય કોઈ હિલ સ્ટેશન પર જવા માંગતા હોવ તો સ્પીતિ વેલી તમારા માટે બેસ્ટ છે. જો તમે બૌદ્ધ મઠની મુલાકાત લેવા માંગતા હો અથવા મિત્રો સાથે ટ્રેકિંગ પર જવાની યોજના બનાવો છો, તો ડિસેમ્બરમાં સ્પિતિ ખીણની સફરનો પ્લાન બનાવો. જો તમને એડવેન્ચર ગમે છે તો તમને આ જગ્યા ખૂબ જ ગમશે.



## હળવાશ અનુભવવા માટે લેહ લદ્દાખ જાઓ

ડિસેમ્બર મહિનામાં લેહ સ્વર્ગ બની જાય છે. અહીં થીજી ગયેલા તળાવો અને બરફથી ઢંકાયેલી ટેકરીઓ જોઈને તમે તમારું ટેન્શન ભૂલી જશો. વ્યસ્ત જીવનમાંથી થોડો સમય કાઢીને લેહ લદ્દાખની મુલાકાત લઈને તમે ખૂબ હળવાશ અનુભવશો. લેહ લદ્દાખની સફરની યોજના કરતી વખતે, તમારી સૂચિમાં પેંગોંગ તળાવને ચોક્કસપણે સામેલ કરો. આ સિવાય જો તમને એડવેન્ચર ગમે છે તો તમે અહીં એન્જોય કરવા જઈ રહ્યા છો.

# કશ્મીર, પંજાબ અને ગંગાજીના ઉપલા મેદાનોમાંથી 3000 વર્ષ પહેલાં મેથીની શોધ થઈ હતી....

અચાનક ઘર માં પ્રવેશતા જ મીઠી મીઠી કિચન માંથી સુંગંધ આવતી હોય ને તો સમજવાનું કે મેથી ના ગોટા તળાઈ રહ્યા છે.ઠંડી ના ઠંડા ઠંડાં વાતાવરણ માં મેથી ના ગોટા અને કોથમીર લસણ મરચા ની ચટણી ની મજા જ અલગ હોય છે. આપણા ને પ્રશ્ન થાય કે કડવી કડવી મેથી ના પાન માં આટલી બધી મીઠાશ કેમ હશે? તો આ આપણા બધાનો ભ્રમ છે મેથી ના પાન પણ કડવા જ હોય છે પરંતુ એની અંદર રહેલ ખાસ તત્વ જેમાં પણ ભળે છે એનો સ્વાદ વધારી નાખે છે. ચણા ના લોટ એટલે કે બેસન સાથે ભળતાં સ્વાદિષ્ટ ગોટા બની જાય,ઘઉં ના લોટ સાથે ભળતાં અહાહા બોલી જવાય એવા થેપલા બની જાય છે,સ્વાદિષ્ટ વસાણાં સાથે ભળે ત્યારે મેથી પાક અથવા મેથી બની જાય છે. ના ના મેથી પાક એટલે સોટી વાગે રમઝમ ને વિદ્યા આવે ઝટપટ બિલકુલ નહિ.શિયાળા મા મેથી શરીર ના અંદર ના અંગો ને ઈન્ફેક્શન મુક્ત બનાવી ને ઠંડી જન્ય રોગોથી બચાવે છે. તો વિચાર આવે કે મેથીમાં એવો ક્યો ગુણ કે તત્વ છે જે શરીર ની માટે ખૂબ જ આવશ્યક છે.તો ચાલો આપણે મેથી વિશે જાણકારી પ્રાપ્ત કરીએ.

મેથી નું બોટનિકલ નામ ફેબસી છે કશ્મીર,પંજાબ અને ગંગાજી ના ઉપલા મેદાનો માંથી મેથી ની શોધ થઈ હતી. ૩૦૦૦ વર્ષ પહેલાંથી મેથી નો ભોજન માં ઉપયોગ થયા એવા પુરાવા મળીયા છે.યુગોથી પ્રાચીન ઈજિપ્ત,ભારત, રોમ અને ગ્રીસ માં ઉપયોગ થતો હોવાનું તારણ મળ્યું છું. ઈજિપ્ત માં ધાર્મિક પરંપરા માં ધૂપ સળગાવવા મેથી નો ધુમાડો કરવો એ પવિત્ર માનવામાં આવે છે.મેથી ના પાંદડા માં બીટા કેરોટિન,વિટામિન એ,એસકોરબિક એસિડ,કેલ્સિયમ અને આયર્ન થી ભરપૂર હોય છે આ કારણોસર મેથી ની ભાજી એ શિયાળામાં શરીર માટે ખુબજ ફાયદાકારક સાબિત થાય છે.તેમાં કુમારીન તેલ હોય છે બીજ માં રહેલ ડાયોજેનીન નો ઉપયોગ ગર્ભ નિરોધક ઉત્પાદનો મા થાય છે.મેથી ના બીજ માં પ્રોટીન સ્ટાર્ચ ,અસ્થિર તેલ,સ્થિર તેલ, મ્યુસિલેજ, ખાંડ, ખનીજો,વિટામિન્સ,ઉત્સેચકો વગેરે તત્વો હોય છે. આ



કારણોસર મેથી ના તેલ ના વઘાર થતાં ફૂડ ની સુગંધ સાથે ટેસ્ટ વધી જતો હોય છે.

લીલી મેથી ની ખેતી ઓક્ટોબર થી ફેબ્રુઆરી માસ સુધી જ લઈ શકાય છે.મેથી શિયાળું પાક હોવાથી એ ઠંડક ના વાતાવરણ માંજ ઉગી શકે છે. ઉનાળા માં મેથી નો પાક લઈ શકાતો નથી ને ચોમાસામાં ઉગતી મેથી નો ઉપયોગ કરવો હિતાવહ નથી હોતો.આ કારણોસર શિયાળા માં લીલી મેથી નો ભોજન માં વધારે થાય છે. મેથી અન્ય પાક કરતા સૌથી વધારે હિમ સહનશીલતા ધરાવે છે. મેથી માં અનેક પ્રકાર ના પ્રોટીન, ફ્રાઈબર્સ અને મિનરલ્સ રહેલા હોય છે.



**મેથીની ભાજી**
**- રુપાલી દવે**

સામન્ય સંજોગો માં લીલી મેથી નો ઉપયોગ શિયાળા મા વધારે થાય છે અન્ય ઋતુઓ માં મેથી ના દાણા નો ઉપયોગ ભરપુર માત્રા મા થાય છે.મેથી માં રહેલા પોષક તત્વો અને ખાસ ગુણોના લીધે હાર્ટ ને લગતી સમસ્યા, ડાયાબિટીસ અને અપચ ગેસની, સંધિવા બીમારી વગેરે બીમારીઓથી રાહત મળે છે. લીલી મેથી ના પાન ટાઈપ a અને ટાઈપ b ડાયાબિટીસ ને નિયંત્રિત રાખીને બ્લડ સરક્યુલેશન ને નિયમિત રાખે છે. શરીર માં રહેલ બેડ કેલોસ્ટ્રોલ નું પ્રમાણ ઘટાડી ને ગુડ કેલોસ્ટ્રોલ ને વધારે છે આ કારણોસર હાર્ટ એટેક થવાનું જોખમ ઓછું રહે છે. જ્યારે શરીર માં બેડ કેલોસ્ટ્રોલ નું પ્રમાણ વધે છે ત્યારે જ હદય સુધી બ્લડ પોહચડતી નળીઓ બ્લોક થઈ જાય છે ત્યારે જ હાર્ટ એટેક આવે છે. મેથી ના લીલા પાન માં રહેલા ખાસ ઘટકો,ખનીજો વિટામિન્સ ના લીધે આ પ્રકાર ની સમસ્યા નિહવત રહે છે.વર્તમાન સમય માં લોકોની ખાવાની આદત ના લીધે મોટાભાગ ના લોકો ને કબજિયાત ના રોગ ની સમસ્યા ખૂબ પરેશાન કરતી હોય છે. લીલી મેથી માં વિપુલ માત્રા મા રહેલ ફાઈબર ના લીધે કબજિયાત ની સમસ્યા થી પીડિત લોકો એ શિયાળા મા આવતી મેથી ની ભાજી નો ભરપૂર માત્રા માં ઉપયોગ કરવો જોઈએ. કબજિયાત ઉપરાંત પેટ ના અન્ય રોગો પેટ મા ચાંદા પડવા,આંતરડા માં સોજો,જૂનો નવો મરડો વગેરે રોગ થી પણ રાહત આપે છે. શિયાળા ની ઋતુ માં ઠંડા પવનો ના લીધે સૌથી વધારે સતાવતી સમસ્યા શરદી, સળેખમ અને ઉધરસ છે. લીલી મેથી ના પાન ને પાણી માં ઉકાળી ને ગરમા ગરમ ઉકાળો પીવાથી ઉધરસ માં તદ્દન રાહત મળે છે.બ્રિંકાઈટિસ અને એક્ઝીમાં જેવા જીવલેણ રોગ સામે પણ લડવાની તાકાત મેથી ના પાન આપે છે.

મેથી ના લીલા પાન થી બનતી સ્વાદિષ્ટ વાનગીઓ તો તમે બનાવતા જ હશો પરંતુ આજ હું તમારા સાથે મારા કિચન મા બનતી મેથી ના લીલા પાન ની ખાસ વાનગીઓ ની રેસીપી શેર કરું છું.

લીલી મેથી ના કોફતા :

લીલી મેથી ના પાન ને એકદમ બારીક સમારી નાખો એના બારીક ઝીણા ઝીણા ટુકડા કરીને કાણા વાળી ઝાળી માં નાખી ને બેત્રણ વખત પાણી થી ધોઈ ને સાવ પાણી કાઢી નાખો. સ્વચ્છ થયેલ બારીક મેથી ના પાન માં ચપટી મીઠું,ચણાનો અને ખાવા ના સોડા બધું એકસરખું ભેળવી દયો.બધું મિશ્રણ હાથ વડે એક સરખું કરીને મેથી ના પાન નાના નાના ગોળા કોફતા સ્વરૂપે બનાવી થાળીમાં એકબીજા ને અડે નહીં એમ મૂકી ને સાઈડમા બેત્રણ મિનિટ માટે મુકી દયો. કડાઈ મા તેલ ગરમ કરીને એમાં લસણ,મરચા અને આદુ ની પેસ્ટ નાખી ને ધીમી આંચે ચમચા થી હલાવો. બધું એકરસ થવા દયો.ત્યાર બાદ બારીક સમારેલા બેત્રણ ટમેટા અને બેત્રણ ડુંગળી વગેરેને એકરસ થયેલ લસણ આદુ મરચા માં ઉમેરી દયો.ગેસ ની ધીમી આંચ પર નમક,લાલ મરચું, ધાણા જીરું અને હળદર નાખી ને જ્યાં સુધી પાણી છૂટું ના પડે ત્યાં સુધી રહેવા દયો. કડાઈ ના મિશ્રણ માંનું પાણી છૂટું પડતાં એમાં એક ગ્લાસ પાણી ઉમેરો. કડાઈ માનું એકરસ થયેલ મિશ્રણ વાળું પાણી ઉકળે ત્યારે એમાં મેથી ના પાન ના બનાવેલ કોફતા ને એક પછી એક ઉમેરતા જાવ. માત્ર અડધી કલાક ની અંદર મેથી ના કોફતા બની ને તૈયાર થઈ જશે.

ગરમા ગરમ મેથીના કોફતાની અને મકાઈના ઘી કે માખણ લખાયેલ રોટલા અને મૂળા ના ક્ચુંબર ની મજા જ અલગ છે. એમાં પણ અથેલા મરચા અને છાશ મળી જાય તો સમજો સોને પે સુહાગા..

મિત્રો,શિયાળા ની ઋતુ માં આવતી લીલી મેથી નો ભરપુર ઉપયોગ કરજો.લીલી મેથી ના પાન ની મીઠાશ થી તમારા શરીર ની અંદરની કડવાશ ચોક્કસ ઓછી થશે એ નક્કી..

# શિયાળામાં બીમારીથી મળી શકે છે છુટકારો, માત્ર આ લીલા પાનનો પી લો ઉકાળો

**આયુર્વેદમાં પારિજાતના છોડના અનેક ઔષધીય ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. પારિજાતનો છોડ અનેક રોગો માટે રામબાણ ગણાય છે. આવો જાણીએ પારિજાતના છોડના પાંદડાના ફાયદા વિશે.**



### પારિજાતના પાનના ફાયદા

જીવક આયુર્વેદિક મેડિકલ કોલેજ અને હોસ્પિટલ રિસર્ચ સેન્ટરના વિદ્યાર્થી કૃષ્ણાનંદ તિવારીએ આયુર્વેદમાં પારિજાતના મહત્વ અને ફાયદા વિશે વાત કરી હતી. કૃષ્ણાનંદે જણાવ્યું કે, આયુર્વેદમાં પારિજાતનું મહત્વનું સ્થાન છે. તેના પાન, ફૂલો, છાલનો ઉપયોગ દવા તરીકે થાય છે.'

### પારિજાત પાનનો ઉકાળો

પારિજાતના પાનમાંથી બનાવેલો ઉકાળો શરદી અને ઉધરસ માટે રામબાણ માનવામાં આવે છે અને તે એલર્જીમાં પણ રાહત આપે છે. તાવ, સાંધાનો દુખાવો, ચામડીના રોગો અને અનિદ્રા જેવા રોગોમાં પારિજાત ફાયદાકારક માનવામાં આવે છે. પારિજાતના પાનમાંથી બનેલી ચા પણ રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. જો તમને શિયાળામાં શરદી થતી હોય તો ચિંતા કરવાની જરૂર નથી, તમારે ફક્ત પારિજાતના પાનમાંથી બનાવેલો ઉકાળો પીવો.

### ઉકાળો પીવાના ફાયદા

કૃષ્ણાનંદે જણાવ્યું કે, પારિજાતનો ઉકાળો પીવો ખૂબ જ ફાયદાકારક છે અને તેનાથી શરીરને ગરમી પણ મળે છે. તેમણે જણાવ્યું કે, ઉકાળો બનાવવા માટે પારિજાતના પાનને ગરમ પાણીમાં 10 થી 15 મિનિટ સુધી ઉકાળવા પડે છે અને ત્યારબાદ તેમાં કાળા મરી અને થોડું મીઠું ઉમેરવાનું હોય છે. શરદીથી પીડિત વ્યક્તિએ આ ગરમ ઉકાળો પીવો જોઈએ. આનાથી ઘણી રાહત મળે છે.

# સોનાક્ષીનાં લગ્નમાં બંને ભાઈઓ કેમ હતાં ગાયબ...?

## પિતાએ કહ્યું- બાળકોને સાંસ્કૃતિક આંચકો લાગ્યો, હું તેમનું દર્દ સમજી શકું છું...

(એજન્સી) મુંબઈ | તા.23

શત્રુઘ્ન સિન્હાએ હાલમાં જ જણાવ્યું છે કે શા માટે તેના બંને દીકરા બહેન સોનાક્ષી સિન્હાના લગ્નમાં સામેલ ન થયા. શત્રુઘ્ને કહ્યું કે તેને બાળકોના આ નિર્ણયથી કોઈ વાંધો નથી. લેહરેન રેટ્રો સાથેની વાતચીતમાં શત્રુઘ્ને કહ્યું- મને કોઈ ફરિયાદ નથી. તે પણ એક રિએક્શન હોય છે. બાળકોને સાંસ્કૃતિક આંચકો લાગ્યો હતો. અત્યારે કદાચ તેઓને એટલી સમજ નહીં હોય.

એક્ટરે આગળ કહ્યું- હું તેની પીડા, મૂંઝવણ અને સમસ્યાઓ સમજી શકું છું. કદાચ હું એ ઉંમરનો હોત મારી વિચારવાની રીત જુદી હોત. સોનાક્ષીના લગ્નની તસવીરોમાં તેના બે ભાઈ લવ અને કુશ જોવા મળ્યા ન હતા. એવા અહેવાલો હતા કે એક્ટ્રેસના ભાઈઓ આ લગ્નથી ખુશ ન હતા.

સોનાક્ષીના સસરા સાથે ભાઈ લવને મતભેદ! આ સમાચારો પછી લવ સિન્હાએ ઈશારો કર્યો હતો કે તે સોનાક્ષીના સસરા ઈકબાલ રત્નસી સાથે નથી બનતું. તેણે એક પોસ્ટમાં લખ્યું હતું કે તે અમૂક વ્યક્તિ સાથે ક્યારેય વાત કરશે નહીં.



કુશ સિન્હાનો દાવો- હું લગ્નમાં હાજર હતો જોકે કુશ સિંહાએ કહ્યું હતું કે- મેં જોયું કે લોકો ખોટી માહિતી આપી રહ્યા છે. આ બધું એક લીડિંગ પોર્ટલના લેખથી શરૂ થયું હતું જે સ્ત્રોતને ટાંકીને સ્ટોરીઓ ચલાવવામાં આવી હતી. મને ખબર નથી કે આ બધું કોણ કરી રહ્યું છે અને ક્યાંથી શરૂ થયું. પરંતુ કેટલાક મીડિયા હાઉસ પાસે મારી તસવીરો છે જે દર્શાવે છે કે તે રાત્રે હું ત્યાં હાજર હતો.

સોનાક્ષી-ઝહીરના લગ્ન 23 જૂનના રોજ થયા હતા સોનાક્ષી અને ઝહીરે આ વર્ષે 23 જૂને રજિસ્ટર્ડ મેરેજ કર્યા હતા. આ પછી, તેણે 23 જૂનની રાત્રે મુંબઈના બાસ્ટન રેસ્ટોરન્ટમાં લગ્નનું રિસેપ્શન આપ્યું હતું જેમાં સલમાન ખાન, રેખા, કાજોલ સહિત ફિલ્મ ઉદ્યોગના ઘણા મોટા સ્ટાર્સે હાજરી આપી હતી.

# 'ઘરનું નામ 'રામાયણ' હોય, શ્રીલક્ષ્મી કોઈ બીજું લઈ જાય' : કવિ કુમાર વિશ્વાસ

## કવિ કુમાર વિશ્વાસે સોનાક્ષી-ઝહીરને ટોણા માર્યા, કહ્યું- બાળકોને સીતાજી-રામજીની વાર્તાઓ સંભળાવો



(એજન્સી) મુંબઈ | તા.23

મેરઠ મહોત્સવમાં પહોંચેલા કવિ કુમાર વિશ્વાસે સ્ટેજ પરથી ઈશારામાં એક્ટ્રેસ સોનાક્ષી સિન્હા અને તેના પતિ ઝહીર ઈકબાલ પર ટિપ્પણી કરી હતી. જોકે તેણે સ્ટેજ પરથી કોઈનું નામ લીધું ન હતું. કવિતા વાંચતી વખતે કવિએ કહ્યું કે એવું ન થવું જોઈએ કે તમારા ઘરનું નામ રામાયણ થઈ જાય અને તમારા ઘરની શ્રી લક્ષ્મી કોઈ અન્ય લઈ જાય. થોડા દિવસ પહેલા જ એક્ટર મુકેશ ખન્નાએ સોનાક્ષી સિંહા પર આવી જ કમેન્ટ કરી હતી. જેના પર સોનાક્ષીએ ખુલાસો કર્યો હતો.

કુમાર વિશ્વાસે મંચ પરથી આ વાત કહી કુમાર વિશ્વાસે કહ્યું કે તમારા બાળકોને સીતાજીની બહેનો, ભગવાન રામજીના ભાઈઓનાં નામ યાદ કરાવો...એક સંકેત આપી રહ્યો છું, જો સમજાય તો તાળીઓથી વધાવ જો. તમારા બાળકોને રામાયણ સાંભળાવો. ગીતા પાઠ કરાવો... નહીં તો એવું બની શકે કે તમારા ઘરનું નામ રામાયણ હોય અને તમારા ઘરની શ્રીલક્ષ્મી કોઈ અન્ય લઈ જશે, કુમાર વિશ્વાસે પોતાના ઈશારામાં શત્રુઘ્ન સિન્હા અને સોનાક્ષી સિન્હા પર કટાક્ષ કર્યો.

આંતર-ધાર્મિક લગ્ન પર કટાક્ષ શત્રુઘ્ન સિન્હાના ઘરનું નામ 'રામાયણ' છે. તેમની પુત્રી સોનાક્ષી સિન્હાએ આ વર્ષે બોયફ્રેન્ડ ઝહીર ઈકબાલ સાથે લગ્ન કર્યા છે. નેટીઝન્સે કહ્યું કે કુમાર વિશ્વાસે સિન્હા પરિવારના આંતર-ધર્મ લગ્ન પર કટાક્ષ કર્યો છે.

મુકેશ ખન્નાએ પણ આ મામલો ઉઠાવ્યો હતો આ પહેલીવાર નથી જ્યારે સોનાક્ષી સિન્હાને રામાયણ સાથેના તેના જોડાણને લઈને ટીકાઓનો સામનો કરવો પડ્યો હોય. પીઢ અભિનેતા મુકેશ ખન્નાએ અમિતાભ બચ્ચન દ્વારા હોસ્ટ કરેલા લોકપ્રિય ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ' (KBC)માં હિન્દુ મહાકાવ્ય રામાયણ વિશેના પ્રશ્નનો ખોટો જવાબ આપવા બદલ એક્ટ્રેસને ટીકાનો સામનો કરવો પડ્યો હતો.

કોંગ્રેસ નેતાએ કુમાર વિશ્વાસના નિવેદનને ખોટું ગણાવ્યું કુમાર વિશ્વાસનું આ નિવેદન ખૂબ વાઈરલ થઈ રહ્યું છે અને કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતે પણ તેના પર પ્રતિક્રિયા આપી છે. સુપ્રિયાએ તેને ખૂબ જ ખરાબ મજાક ગણાવી. કહ્યું, તમારા જ ઘરમાં દીકરી હોય તો પણ સસ્તી તાળીઓ માટે આવી કોમેન્ટ્સ કરશો? તેણે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે.

## Bollywood શોર્ટ ન્યૂઝ

### દિલજીત દોસાંઝ અને ધિલ્લોનના વિવાદમાં કૂદયો જાણીતો રેપર, કહ્યું - અમારા જેવી ભૂલ ના કરશો..

પંજાબી સિંગર્સ દિલજીત દોસાંઝ, કરણ ઔજલા અને એપી ધિલ્લોન હાલ ખૂબ જ ચર્ચામાં છે. ત્રણેય ભારતભરમાં કોન્સર્ટ કરીને લોકોનું મનોરંજન કરી રહ્યા છે. એવામાં દિલજીતે પોતાના ઈન્દોરમાં યોજાયેલા કોન્સર્ટમાં એપી ધિલ્લોન અને



કરણ ઔજલાને તેમના કોન્સર્ટ માટે શુભેચ્છા પાઠવી હતી. દિલજીતેની શુભેચ્છાઓ પર એપી ધિલ્લોને પ્રતિક્રિયા આપતા ચંદીગઢમાં પોતાના કોન્સર્ટમાં કહ્યું કે, 'દિલજીતે મને સોશિયલ મીડિયા પર બ્લોક કરી દીધો છે.' જ્યારે આ વાત વાયરલ થઈ ત્યારે દિલજીતે સ્ક્રીનશોટ શેર કર્યો અને સ્પષ્ટતા કરી કે, 'મેં એપી ધિલ્લોનને બ્લોક કર્યો નથી.' જો કે મામલો અહીં પૂરો નથી થયો. મામલો એટલો વધી ગયો કે રેપર બાદશાહ આ વિવાદમાં કૂદવુ પડ્યું હતું.

### 'KGF 2'ની ધમાકેદાર સફળતા બાદ હું આ ફિલ્મ બનાવવામાં ઢીલો પડ્યો

પેન ઈન્ડિયા સ્ટાર પ્રભાસની ફિલ્મ સાલારને રિલીઝ થયાને એક વર્ષે પૂરું થઈ ચૂક્યું છે. 2023ની સૌથી મોટી હિટ્સ પૈકીની એક સાલાર આમ તો વર્ષની સૌથી મોટી હિટ્સમાંથી એક હતી પરંતુ જનતાથી ફિલ્મને આમ તો શાનદાર રિસ્પોન્સ મળ્યો નહીં જેવી આશા કરવામાં આવી રહી હતી. 'KGF 2'ની ધૂંઆધાર સફળતા બાદ પ્રશાંત નીલથી દર્શક એક તરફ એપિક ફિલ્મની આશા કરી રહ્યા હતા.

ડાયરેક્ટર પ્રશાંત નીલે પોતાની ફિલ્મની એનિવર્સરી-ના અવસર પર એક પ્રમોશનલ ઈન્ટરવ્યૂ કર્યો અને સાલાર વિશે ડિટેલમાં વાત કરી. નીલે જણાવ્યું કે સાલાર 2માં તે શું કમાલ કરવાનો છે અને સેકન્ડ પાર્ટ માટે તે કેટલી મહેનત કરી રહ્યો છે.

### ગર્લ્સ વીલ બી ગર્લ્સ ફિલ્મ માટે રીચા ચઢ્ઢા, અલી ફૈઝલે એફડી તોડી



મુંબઈ: રીચા ચઢ્ઢા અને અલી ફૈઝલે તેમના પ્રોડક્શન હેઠળની ફિલ્મ 'ગર્લ્સ વીલ બી ગર્લ્સ'નાં નિર્માણમાં અનેક નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હોવાનું સ્વીકાર્યું છે. તેમના જણાવ્યા મુજબ આ ફિલ્મ બનાવવા માટે તેમણે અનેક લોકો પાસે હાથ લંબાવવા પડયા હતા અને તેમની ફિક્સ્ડ ડિપોઝિટો પણ તોડવી પડી હતી.

આ ફિલ્મ અનેક આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવોમાં રજૂ થઈ ચૂકી છે અને તેની પ્રશંસા થઈ છે. પ્રિયંકા ચોપરા, હૃતિક રોશન, અદિતી રાવ હૈદરી સહિતના કલાકારોએ પણ ફિલ્મને વખાણી છે. શૂચિ તલાટીએ દિગ્દર્શિત કરેલી આ ફિલ્મમાં કાનિ કુશ્રુતિ અને પ્રિતી પાણિગ્રહી સહિતના કલાકારો છે. રીચા ચઢ્ઢા અને અલી ફૈઝલે સારી ફિલ્મો બનાવવા માગતા પરંતુ નાણાંકીય મુશ્કેલી અનુભવતા ફિલ્મ સર્જકોની મદદ માટે પોતાની પ્રોડક્શન કંપની શરુ કરી છે. 'ગર્લ્સ વીલ બી ગર્લ્સ' તેમની કંપનીની પહેલી ફિલ્મ છે.

### મારો સાથ છોડયા પછી શાહરૂખને એકેય સારું ગીત નથી મળ્યું: અભિજીત

મુંબઈ: સિંગર અભિજિત ભટ્ટાચાર્યએ ફરી એક ઈન્ટરવ્યૂમાં શાહરુખ ખાન માટેની ભડાસ ઠાલવી છે. તેણે કહ્યું છે કે મેં શાહરુખ ખાન માટે ગાવાનું બંધ કર્યું ત્યારથી આટલાં વર્ષોમાં શાહરુખને એકેય સારું યાદગાર કહી શકાય તેવું ગીત જ મળ્યું નથી. એક પોડકાસ્ટમાં તેણે કહ્યું હતું કે શાહરુખને તેના સાથી કલાકારો પણ પીઠ પાછળ હકલો (તોતડો) જ કહેતા હતા. તેઓ મને કહેતા હતા કે પેલા હકલા માટે તું કેમ ગીતો ગાય છે. તેઓ તેને ત્યારે બહુ મોટો સ્ટાર ગણતા જ ન હતા.

અભિજિતે શાહરુખ સાથે પેચ અપની ઈચ્છા પ્રગટ કરતાં કહ્યુ હતું કે અમારા સંબંધ પતિ -પત્ની જેવા હતા. પતિ-પત્નીમાં પણ તકરાર તો થતી જ હોય છે. હું તેના કરતાં મોટો છું. તેણે સામે ચાલીને મળીને મારી માફી માગવી જોઈએ. તો હું પણ પેચ અપ કરવા તૈયાર છું. આ પોડકાસ્ટ-માં તેને સલમાન ખાન વિશે પૂછવામાં આવતાં તેણે જવાબ આપી દીધો હતો કે સલમાનનું એ લેવલ જ નથી કે હું તેના વિશે કોઈ વાત કરું.

# વરુણના ઘરમાં ઘૂસી ગઈ હતી પાવરફુલ વ્યક્તિની પત્ની: એક્ટરે કહ્યું- પોલીસે માંડ મામલો થાળે પડ્યો

(એજન્સી) મુંબઈ | તા.23



**એક મહિલા ફેને તો જબરદસ્તી કિસ જ કરી લીધી**

તાજેતરમાં વરુણ ધવને એક એવી ઘટનાને યાદ કરી જેમાં એક ફેન તેના ઘર સુધી તેને ફોલો કરવા લાગી હતી. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે પોલીસ બોલાવવી પડી. એક્ટરે જણાવ્યું કે જે મહિલા તેની પાછળ આવી રહી હતી તે એક પાવરફુલ વ્યક્તિની પત્ની હતી. તેણે એ પણ જણાવ્યું કે એક ફેને તો તેને જબરદસ્તી કિસ કરી હતી.

વરુણે કહ્યું- મારા નામે મહિલાને ફ્રેમ કરવામાં આવી હતી રણવીર અલ્હાબાદિયા સાથેની વાતચીતમાં વરુણે કહ્યું- એક વખત એક મહિલા મારી પરવાનગી વગર મારા ઘરમાં ઘૂસી ગઈ હતી. તે ખૂબ જ પાવફૂલ વ્યક્તિની પત્ની હતી. પરંતુ તેને ફસાવવામાં આવી રહી હતી. કોઈ મારા નામનો ઉપયોગ કરીને તેની સાથે વાત કરી રહ્યું હતું. તે મારા ઘર વિશે બધું જ જાણતી હતી. તેણે વિચાર્યું કે હું મારા પરિવારને છોડી રહ્યો છું. તે ખૂબ જ ભયજનક સ્થિતી બની ગઈ હતી. મારે પોલીસને બોલાવવી પડી અને લેડી કોન્સ્ટેબલે અંદર આવીને તેની સંભાળ લીધી.

ફેને વરુણને જબરદસ્તી કિસ કરી વરુણે એ ઘટનાને પણ યાદ કરી જ્યારે એક ફેને તેને જબરદસ્તીથી કિસ કરી હતી. જેના કારણે તે અનકમ્ફર્ટેબલ થઈ ગયો હતો. વરુણે કહ્યું કે જ્યારે તેની સાથે આવી ઘટના બને છે તો તે તરત જ વિચારવા લાગે છે કે તે મહિલાઓ માટે કેટલું ખરાબ હશે. તેણે કહ્યું- મને મહિલાઓ માટે ખરાબ લાગે છે કારણ કે હું મારી જાતને તે પરિસ્થિતિમાં અનુભવવું છું. જો મારી સાથે આવું થઈ રહ્યું છે, તો તે તેના માટે આ વધુ ખરાબ હશે.

## સ્ટાર પ્લસના શો ઘુમ હૈ કિસી કે પ્યાર મેં ભાવના શર્મા ઉર્ફે સાવી, 24મા ITA એવોર્ડના મંચ પર આ ગીત પર ધૂમ મચાવી રહી હતી! અભિનેત્રી કેટલી આંતરદૃષ્ટિ શેર કરે છે!

મુંબઈ | 24મા ઈન્ડિયન ટેલિવિઝન એકેડેમી એવોર્ડ (ITA)માં સ્ટાર્સથી ભરેલી સાંજ સાથે નવા વર્ષની શરૂઆતની ઉજવણી કરો! તમારા મનપસંદ ટેલિવિઝન સ્ટાર્સ જ્યારે તેઓ સ્ટેજ પર ચમકતા હોય, મનમોહક પર્ફોર્મન્સ સાથે તેની નોંધપાત્ર સિદ્ધિઓનું



ઉજવણી કરતા હોય, ત્યારે તેમની સાથે જોડાવા કરતાં વર્ષનો પ્રારંભ કરવાનો સારો રસ્તો કયો છે? 24મા ITA એવોર્ડ ભારતીય ટેલિવિઝન ઉદ્યોગમાંથી ગ્લેમર, ચમકદાર, ઉત્તેજના અને અસાધારણ પ્રતિભા નોંધપાત્ર રાત્રિનું વચન આપે છે. શૈલી, મનોરંજન અને જાદુઈ ક્ષણોના મિશ્રણ સાથે નવા વર્ષમાં રિંગ કરવાની આ અંતિમ રીત છે. ટેલિવિઝન, ફિલ્મ અને ઓટીટી ના સૌથી મોટા નામો ઓળખ અને ઉજવણીથી ભરેલી સાંજ માટે એક થઈ જતાં આશ્ચર્યચકિત થવા માટે તૈયાર રહો. રૂપાલી ગાંગુલી, ભાવના શર્મા, અલીશા પરવીન, શિવમ ખજુરીયા, ફરમાન ખાન, સોનાક્ષી બત્રા, રોહિત પુરોહિત, સમૃદ્ધિ શુક્લા, કંવર ધિલ્લોન, નેહા હરસોરા, અભિકા કલાકાર, જેવા ખ્યાતનામ સ્ટાર્સની હાજરી દ્વારા રેડ કાર્પેટ એક વાસ્તવિક ભવ્યતા હતી. કુશલ આહુજા, ગશ્મીર મહાજાની, હર્ષદ ચોપડા, પ્રણાલી રાઠોડ, અને બીજા ઘણા. રાજકુમાર રાવ અને તાપસી પન્નુ સહિત બૉલીવુડના શ્રેષ્ઠ કલાકારોએ સાંજે ગ્લેમરનો પોતાનો ડોઝ ઉમેર્યો. રાત્રિની મુખ્ય વિશેષતાઓમાંની એક ભાવિકા શર્માનું આકર્ષક પ્રદર્શન હતું, જેણે સ્ટાર પ્લસ પર ખુમ હૈ કિસીકે પ્યાર મેમાં સાવીનો નિબંધ કર્યો હતો. 'આજ કી રાત' અને 'આય નહી'ની ધૂન સાથે ભાવિકાના અભિનયથી મંચ પર ચમક આવી ગઈ. જ્યારે 'આજ કી રાત' એ ભાવિકા શર્મા દ્વારા એક મંત્રમુગ્ધ કરનાર સોલો પર્ફોર્મન્સ હતું.

## પ્રાઈમ વિડિયોએ બહુપ્રતિક્ષિત ક્રાઈમ થ્રિલર પાતાલ લોકના બીજા સિઝનની પ્રીમિયર તારીખની જાહેરાત કરી; 17 જાન્યુઆરીથી સ્ટ્રીમિંગ

(એજન્સી) મુંબઈ | તા.23




પ્રાઈમ વિડિયો, ભારતના સૌથી પ્રિય મનોરંજન ગંતવ્ય, આજે વિવેચકો દ્વારા વખાણાયેલી શ્રેણી, પાતાલ લોકની બહુપ્રતીક્ષિત બીજી સીઝનની પ્રીમિયર તારીખની જાહેરાત કરી છે. લોકપ્રિય ફ્રેન્ચાઈઝી, જે ભારતીય સમાજના પેટમાં ઊંડા ઉતરે છે, તેણે સીઝન 1 માં તેના આકર્ષક વર્ણનથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. અવિનાશ અરુણ ધાવરે દ્વારા નિર્દેશિત, આ શો યુનોઈયા ફિલ્મ્સ એલએલપીના સહયોગથી ક્લીન સ્લેટ ફિલ્મઝ પ્રોડક્શન છે. સુદીપ શર્મા દ્વારા નિર્મિત અને એક્ઝિક્યુટિવ, પાતાલ લોક સીઝન 2માં તેની પ્રતિભાશાળી કલાકારો પરત ફરતી જોવા મળશે જેમાં જયદીપ અહલાવત, ઈશ્વાક સિંઘ, ગુલ પનાગ, તિલોતમા શોમ, નાગેશ કુકુનૂર અને જાહનુ બરુઆ જેવા નવા કલાકારો સાથે મુખ્ય ભૂમિકામાં છે. ક્રાઈમ ડ્રામા 17 જાન્યુઆરીના રોજ ભારતમાં અને વિશ્વભરના 240 થી વધુ દેશો અને પ્રદેશોમાં પ્રાઈમ વિડિયો પર વિશિષ્ટ રીતે પ્રીમિયર થવાનું છે. પ્રાઈમ વિડિયો સાથે અમારું લાંબા સમયથી જોડાણ ચાલુ રાખવા અને પાતાલ લોકની બહુપ્રતિક્ષિત બીજી સિઝન રજૂ કરવા માટે હું રોમાંચિત છું, જે દર્શકો દ્વારા ખૂબ જ વખાણવામાં આવી છે અને ખરેખર મનોરંજનના લેન્ડસ્કેપને ફરીથી વ્યાખ્યાયિત કરી છે.' સુદીપ શર્મા, નિર્માતા અને શોરનરએ જણાવ્યું હતું. શ્રેણીની 'પ્રથમ સીઝનને મળેલા જબરજસ્ત પ્રતિસાદથી મને અપાર કૃતજ્ઞતા ભરી દેવામાં આવી અને મને કાચી વાર્તાઓ બનાવવા માટે પ્રેરણા આપી. સંબંધિત, અને તીવ્રપણે પકડે છે. સ્ટ્રીમિંગ સેવાએ અનોખી વાર્તા કહેવાને જીવનમાં લાવવા માટે એક સંપૂર્ણ માધ્યમ તરીકે પણ કામ કર્યું છે, જે અમારી ટીમને દ્રશ્ય પ્રતિનિધિત્વની દ્રષ્ટિએ અમારી ક્ષિતિજ ને ઉજાગર કરવા અને વિસ્તૃત કરવા માટે એક પ્લેટફોર્મ પ્રદાન કરે છે.

### માત્ર 30 મિનિટમાં જ તૈયાર કરી દીધું, એક્ટરે ડોક્યુમેન્ટ્રીમાં કર્યો ખુલાસો

# સલમાનખાનની રિક્વેસ્ટ પર હની સિંહે કર્યું હતું રેપ..

(એજન્સી) મુંબઈ | તા.23



હની સિંહે તેની ડોક્યુમેન્ટ્રીમાં ખુલાસો કર્યો છે કે સલમાન ખાન ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન'ના એક ગીતમાં રેપ કરવા માંગતો હતો. આ માટે તેણે હની સિંહનો સંપર્ક કર્યો હતો. એક્ટર પણ ઈચ્છતો હતો કે તે ગીતમાં હની સિંહ જોવા મળે. સલમાનની આ માંગ પર હની સિંહે માત્ર 30 મિનિટમાં રેપ તૈયાર કર્યો હતો. ડોક્યુમેન્ટ્રીમાં હની એવું કહેતો જોવા મળે છે કે- સલમાન ખાને મને 'લેટ્સ ડાન્સ છોટુ મોટુ' ગીત મોકલ્યું છે.



આ ગીત બની ગયું હતું અને સલમાન ઈચ્છતો હતો કે હું તેમાં રેપ કરું. તે આગામી બે દિવસમાં આ ગીતનું શૂટિંગ કરી રહ્યો છે. મને આ ગીત ગાવાનો મોકો મળ્યો છે. તેણે મને એ પણ પૂછ્યું કે શું મારે આ ગીતમાં રેપ કરવું છે.

રેપ માટે સલમાનની પહેલી પસંદ હની સિંહ હતો ડોક્યુમેન્ટ્રીમાં સલમાન ખાન પણ જોવા મળ્યો હતો. તેણે એ પણ જણાવ્યું કે તેણે રેપ માટે હની સિંહને કેમ પસંદ કર્યો. આ વિશે તેણે કહ્યું- હું હૈદરાબાદમાં ભાઈજાનનું શૂટિંગ કરી રહ્યો હતો અને મને આ વિચાર આવ્યો, તેથી મેં ગીતમાં હનીને રેપ કરવા કહ્યું. તેણે સ્ટુડિયોમાં જઈને અડધા કલાકમાં રેપ તૈયાર કરી દીધું. પછી મેં હનીને રિક્વેસ્ટ કરી કે અમારી સાથે આ ગીતમાં પણ જોડાઈ. ખાસ બાળકોને પસંદ પડે તેવું ગીત છે.

બોક્સ ઓફિસ પર કમાલ ન કરી શકી સલમાનની ફિલ્મ ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન'માં સલમાન ખાન સિવાય પૂજા હેગડે, રાઘવ જુયાલ, શહેનાઝ ગિલ જેવા કલાકારો જોવા મળ્યા હતા.

# ચેમ્પિયન્સ ટ્રોફી: ભારતની તમામ મેચ UAEમાં યોજાશે

## ભારત સેમિફાઈનલ અને ફાઈનલમાં પહોંચશે તો આ મેચ પણ અહીં જ રમાશે




(એજન્સી) દુબઈ તા 23

ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની મેચની યજમાની કરવા માટે સંયુક્ત આરબ અમીરાત (UAE)ની પસંદગી થઈ છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના એક સૂત્રએ PTIને આ માહિતી આપી છે. શનિવારે રાત્રે PCB અધ્યક્ષ મોહસિન નકવી અને UAEના મંત્રી શેખ નાહયાન અલ મુબારક વચ્ચેની બેઠક બાદ દુબઈને તટસ્થ સ્થળ તરીકે પસંદ કર્યું છે.

જો ટીમ ઈન્ડિયા નોકઆઉટ માટે ક્વોલિફાય થશે તો સેમિફાઈનલ અને ફાઈનલ પણ દુબઈમાં જ યોજાશે. 19 ડિસેમ્બર, ગુરુવારે ICCની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે ભારત ચેમ્પિયન્સ ટ્રોફીની મેચ પાકિસ્તાનને બદલે તટસ્થ સ્થળે રમશે. તેમજ પાકિસ્તાની ટીમ 2027 સુધી ભારતમાં યોજાનારી તમામ ટુર્નામેન્ટ માટે ભારત નહીં આવે. તેની મેચ પણ તટસ્થ સ્થળોએ યોજાશે. 2025નો મહિલા ODI વર્લ્ડ કપ ભારતમાં, T-20 વર્લ્ડ કપ 2026માં ભારત અને શ્રીલંકામાં યોજાવાનો છે.

### પાકિસ્તાનની ટીમ ODI વર્લ્ડ કપ માટે ભારત આવી હતી

પાકિસ્તાનની ટીમ ગયા વર્ષે ODI વર્લ્ડ કપ રમવા ભારત આવી હતી. ત્યારે 14 ઓક્ટોબરે અમદાવાદમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાઈ હતી. ભારતીય ટીમે આ મેચ 7 વિકેટે જીતી લીધી હતી.

**15માંથી 5 મેચ UAEમાં યોજાશે :** 8 ટીમ વચ્ચે 15 મેચોની ટુર્નામેન્ટ 19 ફેબ્રુઆરીથી શરૂ થવાની છે અને 9 માર્ચ સુધી ચાલશે. જોકે, ICCએ હજુ સુધી કાર્યક્રમ જાહેર કર્યો નથી. ભારત તેની ગ્રૂપ સ્ટેજની ત્રણેય મેચ UAEમાં રમશે. જો ભારત ક્વોલિફાય થશે તો અહીં જ સેમિફાઈનલ અને ફાઈનલ પણ રમાશે જ્યારે ટુર્નામેન્ટની બાકીની 10 મેચ પાકિસ્તાનમાં રમાશે.

# વડોદરામાં ભારતે વન-ડેમાં બીજી સૌથી મોટી જીત મેળવી

(એજન્સી) વડોદરા તા 23

ભારત Vs વેસ્ટ ઈન્ડિઝ મહિલા ટીમ વચ્ચેની વન-ડે સિરીઝની પ્રથમ મેચમાં રવિવારે ભારતે તેની બીજી સૌથી મોટી જીત નોંધાવી હતી. વડોદરાના નવા સ્ટેડિયમ કોટંબીમાં ભારતીય મહિલા ટીમે વેસ્ટ ઈન્ડિઝને 211 રને હરાવ્યું છે. ટૉસ હાર્યા બાદ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે સ્મૃતિ મંધાનાના 91 રનની મદદથી 9 વિકેટ ગુમાવીને 314 રન બનાવ્યા હતા. જવાબમાં કેરેબિયન મહિલા ટીમ 26.2 ઓવરમાં 103 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમની 7 બેટર્સ બે આંકડાને પણ સ્પર્શી શક્યા ન હતા. ભારત તરફથી રેણુકા સિંહે 5 વિકેટ લીધી હતી. મંધાનાએ રવિવારે વડોદરામાં સતત ચોથી અડધી સદી ફટકારી હતી. તેનાં સિવાય હરલીન દેઓલે 50 બોલમાં 44 રન અને રિચા ઘોષે 12 બોલમાં 26 રન બનાવ્યા હતા. કેપ્ટન હરમનપ્રીત કૌરે 23 બોલમાં 34 રનની ઈનિંગ રમી હતી. વેસ્ટ ઈન્ડિઝ તરફથી જેડા જેમ્સે 5 વિકેટ લીધી હતી.

આ મેચમાં ભારતીય ટીમ પોતાની નવી ODI જર્સી પહેરીને રમવા આવી હતી. સંપૂર્ણ સમાચાર વાંચો... વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ નવોદિત પ્રતિકા રાવલ (69 માંથી 40 રન) સાથે પ્રથમ વિકેટ માટે 110 રનની ભાગીદારી કરી હતી. મિડલ ઓર્ડરમાં મંધાનાને હરમનપ્રીત કૌર, હરલીન દેઓલ, રિચા ઘોષ અને જેમિમાહ રોડ્રિગ્સ (31 રન)નો સાથ મળ્યો, જેની મદદથી ભારતનો સ્કોર 300ને પાર કરી ગયો.મંધાનાએ આખી ઈનિંગ દરમિયાન શાનદાર કવર ડ્રાઈવ અને પુલ શોટ ફટકાર્યા. મંધાનાએ 91 રનની ઈનિંગમાં 13 ચોગ્ગા ફટકાર્યા હતા. કેપ્ટન હરમનપ્રીત અને રિચાએ ઝડપી બેટિંગ કરી હતી. વેસ્ટ ઈન્ડિઝ માટે લેફ્ટ આર્મ સ્પિનર જેડા જેમ્સે શાનદાર બોલિંગ કરી હતી. તેણે આઠ ઓવરમાં 45 રન આપીને પાંચ વિકેટ લીધી હતી. ડેથ ઓવરમાં ભારતે માત્ર 20 રન બનાવ્યા હતા અને જેમ્સે અંતિમ ઓવરમાં ત્રણ વિકેટ લીધી હતી.315 રનનો ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડિઝની મહિલા ટીમની શરૂઆત ખરાબ રહી હતી. ટીમે માત્ર 26 રનમાં પોતાની 5 વિકેટ ગુમાવી દીધી હતી. ટીમ સ્વિંગ બોલર રેણુકા સિંહની બોલિંગને સમજી શકી ન હતી.



રેણુકાએ 10 ઓવરમાં માત્ર 29 રનમાં 5 બેટર્સને પેવેલિયન મોકલી દીધા હતા. તેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરી હતી.રેણુકાએ કેપ્ટન હેલી મેથ્યુસને શૂન્ય રનમાં, WPL 2025ની સૌથી મોંઘી વિદેશી ખેલાડી ડિઆન્ડ્રા ડોટિનને 8 રનમાં, શામન કેમ્પબેલને 21 રનમાં, આલિયા અલયને 13 રનમાં અને શાબિકા ગઝનબીને 3 રનમાં આઉટ કરી હતી. રેણુકા સિવાય પ્રિયા મિશ્રાએ 2 અને દીપ્તિ શર્માએ 1 વિકેટ લીધી હતી.હાર્ડ-હિટિંગ બેટર શેફાલી વર્માને છોડ્યા પછી, ભારતે મંધાના સાથે ઓપનિંગ કરવા માટે ઘણા બેટર્સનો પ્રયાસ કર્યો અને રવિવારે દિલ્હીની ક્રિકેટર પ્રતિકાનો વારો આવ્યો, જેણે 57.97ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી.

# 13 વર્ષના વૈભવ સૂર્યવંશીએ ઈતિહાસ રચ્યો



(એજન્સી) નવી દિલ્હી તા 23

વૈભવ સૂર્યવંશીએ ભારત માટે વધુ એક કમાલ કરી છે. તે લિસ્ટ એ મેચમાં રમનાર સૌથી યુવા ભારતીય ખેલાડી બની ગયો છે. તેમણે અલી અકબરનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. આઈપીએલ 2025ના મેગા ઓક્શનથી રાજસ્થાન રોયલ્સે 13 વર્ષના વૈભવ સૂર્યવંશીને ખરીદી પોતાને સાથે જોડ્યો છે. ત્યારબાદ તમામ ચાહકના મનમાં સવાલ આવી રહ્યો છે કે, આખરે રાજસ્થાનના આ યુવા ખેલાડીનું પ્રદર્શન કેવું છે. હાલમાં વૈભવ સૂર્યવંશીએ ઈતિહાસ રચ્યો છે.

આઈપીએલ 2025ના મેગા ઓક્શનથી રાજસ્થાન રોયલ્સે 13 વર્ષના વૈભવ સૂર્યવંશીને ખરીદી પોતાને સાથે જોડ્યો છે. ત્યારબાદ તમામ ચાહકના મનમાં સવાલ આવી રહ્યો છે કે, આખરે રાજસ્થાનના આ યુવા ખેલાડીનું પ્રદર્શન કેવું છે. હાલમાં વૈભવ સૂર્યવંશીએ ઈતિહાસ રચ્યો છે.હાલમાં ભારત માટે અંડર-19 વર્લ્ડકપમાં પણ વૈભવ સૂર્યવંશી રમતા જોવા મળ્યો હતો. તે પોતાની બેટિંગથી પ્રભાવિત કરવામાં સફળ રહ્યો હતો.

# બાર્સિલોનાને 2-1થી હરાવીને એટલેટિકો મેડ્રિડ ટોચના સ્થાને પહોંચી

(એજન્સી) એટલેટિકો તા 23

એટલેટિકો મેડ્રિડે પોતાનું શાનદાર પ્રદર્શન જાળવી રાખતા બાર્સિલોનાને 2-1થી પરાજય આપીને સ્પેનિશ ફૂટબોલ લીગ લા લિગામાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. એટલેટિકો તરફથી સુપર સબ એલેક્ઝાંડર સોરલોથે બીજા હાફના ઈન્જરી ટાઈમમાં નિર્ણાયક ગોલ કર્યો હતો. તેનાથી આ સુનિશ્ચિત થઇ ગયું હતું કે એટલેટિકો મેડ્રિડ શિયાળું વેકેશન દરમિયાન લાલ લિગાના પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને રહેશે.એટલેટિકો મેડ્રિડની આ તમામ સ્પર્ધાઓમાં સતત 12મી જીત છે. જેનાથી તે બાર્સિલોના કરતા ત્રણ પોઈન્ટ આગળ નીકળી ગયુ છે.બાર્સિલોનાએ પોતાની છેલ્લી નવ મેચમાં માત્ર બે જીત જ મેળવી છે. બાર્સિલોનાએ મેચની શરુઆતમાં પોતાનો દબદબો બનાવ્યો હતો અને પેડ્રિએ 30મી મિનિટમાં ગોલ કરીને તેને લીડ અપાવી હતી. તે બાદ બાકીની કસર સોરલોથે પૂરી કરી દીધી હતી.

# ચેમ્પિયન્સ ટ્રોફી અને ભારત પ્રવાસ માટે ઇંગ્લેન્ડની ટીમની જાહેરાત

## બેન સ્ટોક્સ બહાર ફેંકાયો; બેટર જો રૂટ એક વર્ષ બાદ કમબેક કરશે



(એજન્સી) ઇંગ્લેન્ડ તા 23

ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ (ECB) એ રવિવારે ચેમ્પિયન્સ ટ્રોફી અને ભારત પ્રવાસ માટે ટીમની જાહેરાત કરી હતી. ઓલરાઉન્ડર બેન સ્ટોક્સનું નામ ટીમમાં નથી. લગભગ એક વર્ષ બાદ બેટર જો રૂટ ODI ટીમમાં પરત ફરશે. 15 સભ્યોની ટીમનું નેતૃત્વ જોસ બટલર કરશે. ઈંગ્લેન્ડની ટીમ 22 ફેબ્રુઆરીથી 12 જાન્યુઆરી સુધી ભારતનો પ્રવાસ કરશે. ટીમ આ પ્રવાસમાં ભારત સામે 5 T-20 અને 3 ODI મેચ રમશે. જ્યારે ચેમ્પિયન્સ ટ્રોફીનું શિડ્યુલ હજુ જાહેર કર્યું નથી. રૂટ 2023 વર્લ્ડ કપથી ટીમની બહાર છે ભારતમાં આયોજિત 2023 વર્લ્ડ કપમાં ખરાબ ફોર્મના કારણે સિનિયર બેટર જો રૂટને વન-ડે ટીમમાંથી બહાર કર્યો હતો. આ ટુર્નામેન્ટમાં ટીમ ગ્રૂપ સ્ટેજમાંથી બહાર થઈ ગઈ હતી. રૂટે આ વર્લ્ડ કપમાં 30.66ની એવરેજથી 276 રન બનાવ્યા હતા. 34 વર્ષીય રૂટ હાલમાં ટેસ્ટમાં નંબર-1 બેટર છે. તેણે 2024 ટેસ્ટમાં 6 સદીની મદદથી 1556 રન બનાવ્યા હતા. આ સમયગાળા દરમિયાન તેની એવરેજ 55.57 રહી છે. વન-ડેમાં, રૂટે 2019 થી રમાયેલી 28 મેચમાં લગભગ 29 ની સરેરાશથી 666 રન બનાવ્યા હતા. ટેસ્ટ કેપ્ટન બેન સ્ટોક્સનું નામ નથી ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર બેન સ્ટોક્સનું નામ ટીમમાં નથી. સ્ટોક્સ આ મહિનાની શરૂઆતમાં ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી ટેસ્ટ મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. તેને હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ છે. આ મેચમાં ઈંગ્લેન્ડને કિવી ટીમે 423 રને પરાજય આપ્યો હતો. ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે તેની છેલ્લી વન-ડે મેચ નવેમ્બર 2023માં પાકિસ્તાન સામે રમી હતી. ઈંગ્લેન્ડના હેડ કોચ બ્રેન્ડન મેક્કુલમ માટે આ પ્રથમ મોટી ટુર્નામેન્ટ હશે. હેડ કોચ તરીકે તે પ્રથમ વખત ભારતના વ્હાઈટ બોલના પ્રવાસ પર હશે. રેહાન અહેમદને ભારત સામેની T20 સિરીઝ માટે જ ટીમમાં પસંદ કર્યો આવ્યો છે. જ્યારે જો રૂટ માત્ર ODI ટીમનો ભાગ હશે. આર્ચર, વુડ અને એટિંકસન ત્રણ ફાસ્ટ બોલર 150ની ઝડપે સતત બોલિંગ કરનાર જોફ્રા આર્ચર ઈજા બાદ ટીમમાં પરત ફર્યો છે. જ્યારે માર્કુવૂડ ઈજાના કારણે ન્યૂઝીલેન્ડ સાથેની ટેસ્ટ સિરીઝનો ભાગ નહોતો. તેનું નામ પણ ટીમમાં છે. 2022માં T20 વર્લ્ડ કપ જીતનાર ઓલરાઉન્ડર સેમ કરન માટે ટીમમાં કોઈ જગ્યા નથી. રીસ ટોપ્લીને પણ સતત ઈજાઓ પછી સાઈડલાઈન કર્યો છે.

જ્યારે ઝડપી બોલર મેથ્યુ પોટ્સને પણ ટીમમાં સ્થાન આપ્યું નથી. લેગ સ્પિનર આદિલ રાશિદને ઈંગ્લેન્ડના મુખ્ય સ્પિનર તરીકે ટીમમાં સ્થાન આપ્યું છે. તેને ટેકો આપવા માટે, ટીમમાં પાર્ટ-ટાઈમ સ્પિનરો રૂટ, લિયામ લિવિંગ્સ્ટન અને જેકબ બેથેલ છે. ચેમ્પિયન્સ ટ્રોફી અને ભારત સામેની વન-ડે સિરીઝ માટે ઈંગ્લેન્ડની ટીમ જોસ બટલર (કેપ્ટન), જોફ્રા આર્ચર, ગસ એટકિન્સન, જેકબ બેથેલ, હેરી બ્રુક, બ્રાઈડન કાર્સ, બેન ડકેટ, જેમી ઓવરટોન, જેમી સ્મિથ, લિયામ લિવિંગસ્ટન, આદિલ રશીદ, જો રૂટ, સાકિબ મહમૂદ, ફિલ સોલ્ટ અને માર્ક વુડ. ભારત સામે T20 સિરીઝ માટે ઈંગ્લેન્ડની ટીમ જોસ બટલર (કેપ્ટન), રેહાન અહેમદ, જોફ્રા આર્ચર, ગસ એટકિન્સન, જેકબ બેથેલ, હેરી બ્રૂક, બ્રાઈડન કાર્સ, બેન ડકેટ, જેમી ઓવરટોન, જેમી સ્મિથ, લિયામ લિવિંગસ્ટન, આદિલ રશીદ, સાકિબ મહમૂદ, ફિલ સોલ્ટ અને માર્ક વુડ.

## અડધો કલાક બરફ લગાવતો રહ્યો, આકાશ દીપે કહ્યું- ઈજા ગંભીર નથી

# બોક્સિંગ ડે ટેસ્ટ પહેલા રોહિતના પગમાં બોલ વાગ્યો

(એજન્સી) મેલબોર્ન તા 23

ભારતીય કેપ્ટન રોહિત શર્માને બોક્સિંગ-ડે ટેસ્ટ પહેલા મેલબોર્નમાં પ્રેક્ટિસ સેશન દરમિયાન ડાબા પગમાં ઈજા થઈ હતી. જે બાદ તે આઈસ પેક લગાવતો જોવા મળ્યો હતો. તેણે નેટ્સમાં બેટિંગ કરી ન હતી. જોકે, ઈજા ગંભીર નથી.

આ અંગે ઝડપી બોલર આકાશ દીપે કહ્યું કે પ્રેક્ટિસ સેશન દરમિયાન કેટલાક ખેલાડી ઈજાગ્રસ્ત થતા રહે છે. રોહિતની ઈજા ગંભીર નથી. બોક્સિંગ ડે ટેસ્ટ 26 ડિસેમ્બરથી મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે. 5 મેચની સિરીઝ હાલમાં 1-1 થી બરાબર છે. રવિવારના ટ્રેનિંગ સેશન દરમિયાન ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ નેટ્સમાં કેપ્ટન રોહિત શર્માને બોલિંગ કરતો જોવા મળ્યો હતો. તેની સાથે આકાશ દીપ અને હર્ષિત રાણાએ રોહિતને બોલિંગ કરી હતી.એક દિવસ પહેલા નેટ્સ પ્રેક્ટિસ દરમિયાન ઓપનર ફિઝિયોએ તેની સારવાર કરી. એક વીડિયોમાં રાહુલ સારવાર દરમિયાન તેનો જમણો હાથ પકડેલો જોવા મળ્યો.



# ગેબ્રિયલના બે ગોલની મદદથી આર્સેનલે ક્રિસ્ટલ પેલેસને 5-1થી હરાવ્યું

(એજન્સી) ગેબ્રિયલ તા 23

લીગ કપમાં સેલહર્સ્ટ પાર્ક ખાતે શનિવારે રમાયેલી મેચમાં ગેબ્રિયલ જીસસના શાનદાર પ્રદર્શનના જોરે આર્સેનલે પોતાની હરીફ ટીમ સામે જંગી જીત મેળવી હતી. આર્સેનલે પોતાની હરીફ ટીમ ક્રિસ્ટલ પેલેસને 5-1થી મોટી હાર આપી હતી. જીસસે બુધવારે રમાયેલી લીગ કપની ક્વાર્ટર ફાઈનલની મેચમાં ક્રિસ્ટલ પેલેસ સામે ગોલની હેટ્રિક ફટકારી હતી અને શનિવારની મેચમાં પણ તેણે પોતાનું શાનદાર પ્રદર્શન યથાવત રાખ્યું હતું. આ જીતની સાથે જ આર્સેનલના ખાતામાં ત્રણ પોઈન્ટ ઉમેરાયા હતા. આર્સેનલની ટીમ આ જીત સાથે પોઈન્ટ ટેલીમાં ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. તેણે નોટિંઘમ ફોરેસ્ટને પાછળ રાખ્યું છે. આર્સેનલના 17 મેચમાં 33 પોઈન્ટ છે. લિવરપૂલની ટીમ 15 મેચમાં 36 પોઈન્ટ સાથે ટોચના સ્થાને છે જ્યારેચેલ્સિયા 16 મેચમાં 34 પોઈન્ટ સાથે તે બાદ આવે છે. ક્રિસ્ટ પેલેસ પોઈન્ટ ટેબલમાં 15મા સ્થાને છે. ગેબ્રિયલે શનિવારની મેચમાં પણ બે ગોલ કર્યા હતા અને તે ફરીવાર હેટ્રિક કરે તેવી સંભાવના હતી.



# રોહિતની જગ્યાએ આ ખેલાડીને મળશે મોકો

(એજન્સી) મેલબર્ન તા 23

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર સિરીઝ હાલમાં 1-1 થી બરાબર છે. બંને ટીમો હવે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ખાતે બે-બે મેચ રમશે. આ મેચમાં ટીમ ઈન્ડિયા મોટો ફેરફાર કરીને કેપ્ટન રોહિત શર્માની જગ્યાએ વિકેટકીપર બેટ્સમેન ધ્રુવ જુરેલને છઠ્ઠા નંબર પર તક આપી શકે છે. છેલ્લા કેટલાક સમયથી રોહિતનું ફોર્મ ચિંતાજનક રહ્યું છે. મેલબોર્નમાં ભારતના બીજા નેટ સત્રમાં થ્રોડાઉન નિષ્ણાત દયાનો સામનો કરતી વખતે ભારતીય કેપ્ટન ઈજાગ્રસ્ત થયા પછી અસ્વસ્થ દેખાયો. જો રોહિત 26 ડિસેમ્બરથી શરૂ થનારી બોક્સિંગ ડે ટેસ્ટ માટે ફિટ નહી થાય તો તેની જગ્યાએ વિકેટકીપર બેટ્સમેન ધ્રુવ જુરેલને રમવાની તક છે. આ સિરીઝમાં રોહિત 6 વર્ષના લાંબા અંતર બાદ ઓપનિંગને બદલે છઠ્ઠા નંબર પર રમતા જોવા મળ્યો હતો. જો કે, ટીમ મેનેજમેન્ટનું આ પગલું કામ કરી શક્યું નથી, જ્યાં ભારતીય કેપ્ટને છેલ્લી બે મેચમાં એક પણ મોટી ઈનિંગ બનાવી નથી.

# વિરાટની પાછળ પડી ઓસ્ટ્રેલિયન મીડિયા, કોહલી માટે આવા શબ્દોનો કર્યો ઉપયોગ

(એજન્સી) મેલબર્ન તા 23

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી માત્ર મેદાન પર જ નહીં પરંતુ મેદાનની બહાર પણ ઘણી હેડલાઈન્સ બનાવે છે. આ દિવસોમાં વિરાટ કોહલી બોર્ડર ગાવસ્કર ટ્રોફી માટે ટીમ ઈન્ડિયા સાથે ઓસ્ટ્રેલિયામાં છે. અત્યાર સુધી ત્રણ મેચમાં વિરાટે માત્ર એક જ સદી ફટકારી છે અને આ સિવાય તેનું બેટ પણ શાંત રહ્યું છે. જો કે આ હોવા છતાં વિરાટ ઓસ્ટ્રેલિયન મીડિયામાં મુખ્ય રહે છે. હાલમાં જ મેલબોર્ન એરપોર્ટ પર ઓસ્ટ્રેલિયાની મહિલા પત્રકાર સાથે વિરાટની દલીલ થઈ હતી. આ પછી ઓસ્ટ્રેલિયન મીડિયા પોતાની પૂરી તાકાતથી વિરાટની પાછળ પડ્યું છે. હવે ઓસ્ટ્રેલિયન મીડિયાએ વિરાટને 'ધમકાવા' વાળો ગણાવ્યો છે તમને જણાવી દઈએ કે ગાબા ટેસ્ટ બાદ મેલબોર્ન આવ્યા બાદ વિરાટે મેલબોર્ન એરપોર્ટ પર મહિલા પત્રકાર સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. વિરાટ નહોતો ઈચ્છતો કે તેના બાળકોની તસવીરો મીડિયા દ્વારા ક્લિક થાય. તેણે પ્રાઈવેસીની માંગણી કરી હતી. ત્યારબાદ તેની મહિલા પત્રકાર સાથે દલીલ થઈ હતી. આ પછી વિરાટને કહેવામાં આવ્યું કે તેના બાળકોની તસવીરો ક્લિક કરવામાં આવી નથી.



# સંન્યાસ લઈ ચુકેલા અશ્વિનને PM મોદીનો પત્ર

(એજન્સી) નવી દિલ્હી તા 23

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વ ક્રિકેટર રવિચંદ્રન અશ્વિનને પત્ર લખ્યો છે. આ પત્ર દ્વારા પીએમએ પણ અશ્વિનને તેના ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. મોદીએ પત્રમાં લખ્યું - એવા સમયે જ્યારે દરેકને વધુ ઓફ-બ્રેકની અપેક્ષા હતી, તમે એવો કેરમ બોલ ફેંક્યો જેણે બધાને ચોંકાવી દીધા. લોકોને જર્સી નંબર 99 ખોટ રહેશે. અશ્વિને 18 ડિસેમ્બરે ગાબા ટેસ્ટ બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. અશ્વિનની અચાનક નિવૃત્તિ પર પીએમ મોદીએ કહ્યું- તમારી નિવૃત્તિએ ભારતના ચાહકોની સાથે સાથે વિશ્વ ક્રિકેટ ફેન્સને પણ ચોંકાવી દીધા છે. અમે બધા તમારા તરફથી વધુ ઓફ બ્રેકની રાહ જોઈ રહ્યા હતા અને તમે કેરમ બોલ ફેંકીને બધાને ચોંકાવી દીધા. આ નિર્ણય લેવો તમારા માટે સરળ ન હોવો જોઈએ.

# સંજુ સેમસન આપશે મોટી કુરબાની, RRના ખેલાડીને આપશે મોકો

(એજન્સી) રાજસ્થાન તા 23

ભારતીય ખેલાડી સંજુ સેમસન ફરી એકવાર ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં રાજસ્થાન રોયલ્સની કમાન સંભાળવા માટે તૈયાર છે. RRની કેપ્ટનશીપ ઉપરાંત સંજુ વિકેટકીપિંગ પણ સંભાળે છે પરંતુ હવે તે આ ભૂમિકા માટે મોટો બલિદાન આપવા જઈ રહ્યો છે. કેપ્ટન તરીકે તે રાજસ્થાન રોયલ્સની આગેવાની કરવાનું ચાલુ રાખશે પરંતુ વિકેટકીપર તરીકે તે હવે જોવા મળશે નહીં. ધ્રુવ જુરેલ RRમાં આ જવાબદારી નિભાવવા જઈ રહ્યો છે. ધ્રુવ જુરેલ, જે હાલમાં ટીમ ઈન્ડિયા સાથે ઓસ્ટ્રેલિયન પ્રવાસ પર છે, તે હવે IPLમાં સંજુની જગ્યાએ વિકેટ પાછળ ઉભો જોવા મળશે. સંજુએ પોતે આ વાતને મંજૂરી આપી છે. સંજુ સેમસને હાલમાં જ દક્ષિણ આફ્રિકાના પૂર્વ ક્રિકેટર એબી ડી વિલિયર્સની યુટ્યુબ ચેનલ પર આ બાબતે ખુલીને વાત કરી હતી. સેમસને કહ્યું, 'મેં આ ઓન એર નથી કહ્યું, પરંતુ તેની ચર્ચા થઈ છે. અમને લાગે છે કે ટેસ્ટ વિકેટકીપર તરીકે ધ્રુવ જુરેલની કારકિર્દીના આ તબક્કે તેને IPLમાં વિકેટકીપિંગની જરૂર છે. મને લાગે છે કે આપણે સાથે રહીશું. મેં ક્યારેય ફિલ્ડર તરીકે કેપ્ટનશિપ કરી નથી. આ પડકારજનક હોઈ શકે છે.

## બે પરમાણુ મહાસત્તાઓ વચ્ચે સર્જાઇ શકે છે સંઘર્ષની સ્થિતિ.....

# શું ચીન તાઇવાન માટે અમેરિકા સાથે યુદ્ધ કરશે?

**(એજન્સી) ચીન તા 23**

ચીન અને તાઈવાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. ચીને અમેરિકા દ્વારા તાઈવાનને આપવામાં આવતી સૈન્ય સહાય સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે. ચીને તો ત્યાં સુધી કહ્યું છે કે અમેરિકાએ રેડ લાઈન પાર ન કરવી જોઈએ. ચાઈના સમુદ્ર માં તણાવ માટે ચીને અમેરિકાને જવાબદાર ગણાવ્યું છે. યુક્રેન યુદ્ધ અને મધ્ય પૂર્વ સંકટ વચ્ચે દક્ષિણ ચીન સાગરમાં વધુ એક યુદ્ધ મોરચાના સંકેત દેખાઈ રહ્યા છે. ચીન આ ક્ષેત્રમાં પોતાની સૈન્ય ક્ષમતામાં સતત વધારો કરી રહ્યું છે. તે કવાયતના બહાને તાઈવાનમાં ઘૂસણખોરી કરી રહ્યો છે અને અમેરિકાને આડકતરી રીતે પડકારી રહ્યો છે. ચીનની સેના તાઈવાન પર હુમલો કરવાની તૈયારી કરી રહી છે. યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટના રિપોર્ટમાં આ વાત સામે આવી છે. PLA, જે તાઈવાન સ્ટ્રેટમાં લશ્કરી ઘેરો જાળવી રહી છે, તેણે 2025 માં તાઈવાન પર અચાનક હુમલો કરવાની યોજના બનાવી છે. આકાશ અને સમુદ્રમાંથી એક સાથે હુમલો થઈ શકે છે.



### તાઇવાનની શક્તિમાં અનેકગણો વધારો કરશે

બાઈડેન વહીવટીતંત્રે તેના કાર્યકાળના અંતિમ દિવસોમાં ચીન વિરુદ્ધ મોટા નિર્ણયો લીધા છે. રોઈટર્સ અહેવાલ આપે છે કે બાઈડેન વહીવટીતંત્રે તાઈવાન માટે સંરક્ષણ સહાયમાં $ 571 મિલિયનને મંજૂરી આપી છે. જે તાઈવાનની શક્તિમાં અનેકગણો વધારો કરશે. ચીનની લડાયક કાર્યવાહી વચ્ચે તાઈવાનને અમેરિકન સહાય ચાલુ છે. અમેરિકાથી 38 અબ્રામ ટેન્કની પ્રથમ બેચ તાઈપેઈ પહોંચી છે. રિપોર્ટ અનુસાર અમેરિકાથી તાઈવાનને કુલ 108 ટેન્ક છે.

### ચીને કહ્યું- અમેરિકાએ રેડ લાઈન પાર ન કરવી જોઈએ

તાઈવાનને અમેરિકન સૈન્ય સહાયથી નારાજ ચીને અમેરિકાને યુદ્ધની ચેતવણી આપી છે. ચીને કહ્યું છે કે, અમેરિકાએ રેડ લાઈન પાર ન કરવી જોઈએ. અમે અમારી સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે કંઈ પણ કરી શકીએ છીએ. ચીન સમુદ્રમાં તણાવ માટે ચીને અમેરિકાને જવાબદાર ગણાવ્યું છે. MND અહેવાલ આપે છે કે, ચીન AIDZ માં ઘૂસણખોરી કરીને તાઈવાનને યુદ્ધ માટે ઉશ્કેરવામાં આવી રહ્યું છે. ફરી એકવાર તાઈવાને તેના 6 નૌકા જહાજો અને 11 એરક્રાફ્ટને અટકાવ્યા. આટલું જ નહીં યુદ્ધ કવાયતના બહાને તેના 8 વિમાનોએ તાઈવાન સ્ટ્રેટમાં ઉડાન ભરી છે. એક વૈશ્વિક અહેવાલે તાઈવાન માટે ચીનના ખતરા અંગે ચિંતા વધારી છે. CSIS અને MITના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે.

### ચીન વિશે ચોંકાવનારા દાવા

પેન્ટાગોનના રિપોર્ટમાં ચીનને લઈને ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. જે મુજબ છેલ્લા એક વર્ષમાં તેણે 100 નવા પરમાણુ હથિયાર બનાવ્યા છે. હાલમાં તેની પાસે 600 થી વધુ પરમાણુ હથિયારો છે જે 2030 સુધીમાં 1 હજારને પાર કરી જશે. તાઈવાન માટે અમેરિકાનો મુકાબલો કરવા તૈયાર ચીને પોતાની સૈન્ય ક્ષમતા અનેક ગણી વધારી દીધી છે. પેન્ટાગોનના તાજેતરના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ચીન પાસે હાલમાં સૌથી વધુ હાઈપરસોનિક મિસાઈલો છે, ચીન તેની રોકેટ ફોર્સ પણ વધારી રહ્યું છે. કે અમેરિકા તાઈવાન પર ચીનના હુમલાને રોકી શકશે નહીં.

## યમન પર હવાઈ હુમલા દરમિયાન અકસ્માત, બંને પાઈલટ સુરક્ષિત બહાર આવ્યા

# યુએસ નેવીએ પોતાના જ ફાઈટર જેટ પર મિસાઈલ છોડી

**(એજન્સી) વોશિંગ્ટન તા 23**

યુએસ નેવીએ રવિવારે લાલ સમુદ્રમાં મિસાઈલ છોડીને પોતાના જ એક ફાઈટર જેટને તોડી પાડ્યું હતું. આ ઘટના યમનમાં હુતી વિદ્રોહીઓ પર હવાઈ હુમલા દરમિયાન બની હતી. વિમાનમાં સવાર બંને પાઈલટ સુરક્ષિત રીતે બચી ગયા છે. આમાંથી એક પાઈલટને સામાન્ય ઈજા થઈ છે.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે કહ્યું કે આ ઘટના ભૂલથી બની છે. આ દુર્ઘટનામાં F/A-18 એરક્રાફ્ટ ક્રેશ થયું છે. આ વિમાને USS હેરી એસ પર હુમલો કર્યો. ટ્રુમેન એરક્રાફ્ટ કેરિયરથી ઉડાન ભરી. ટેકઓફ બાદ USS ગેટિસબર્ગ મિસાઈલ ક્રુઝરે આકસ્મિક રીતે એરક્રાફ્ટ પર હુમલો કર્યો હતો. USS ગેટિસબર્ગ એ અમેરિકન માર્ગદર્શિત મિસાઈલ ક્રુઝર છે, જે દુશ્મનના વિમાનો અને મિસાઈલોને હવામાં નીચે ઉતારે છે. યમનમાં હુતી સ્થાનોને નિશાન બનાવ્યા

અમેરિકી સેનાએ શનિવારે મોડી રાત્રે યમનની રાજધાની સનામાં હવાઈ હુમલો કર્યો અને બળવાખોરોની જગ્યાઓ પર હુમલો કર્યો. આ હુમલાઓમાં હુતી વિદ્રોહીઓના મિસાઈલ સ્ટોરેજ સેન્ટર અને કમાન્ડ સેન્ટરને નિશાન બનાવ્યા હતા.અમેરિકા અને બ્રિટને છેલ્લા કેટલાક મહિનાઓમાં યમનમાં હુતી વિદ્રોહીઓના સ્થાનો પર હુમલા તેજ કર્યા છે. અમેરિકી સેનાએ માહિતી આપી હતી કે એરક્રાફ્ટ કેરિયર ટ્રુમેન 15 ડિસેમ્બરે મધ્ય પૂર્વ પહોંચી ગયું હતું. જો કે, તે પછી તે સ્પષ્ટ થયું ન હતું કે તેને લાલ સમુદ્રમાં તહેનાત કર્યો હતો. ત્યારથી, અમેરિકન હુમલામાં વધારો થયો છે.

### ઓક્ટોબરમાં B2 બોમ્બરથી હુમલો કર્યો

17 ઓક્ટોબરના રોજ, યુએસ એરફોર્સે યમનમાં હુતી બળવાખોરોના સ્થાનો પર બોમ્બમારો કર્યો હતો. અમેરિકી રક્ષા મંત્રી લોયડ ઓસ્ટીને કહ્યું હતું કે વાયુસેનાએ B-2 સ્ટીલ્થ બોમ્બર્સથી યમનની રાજધાની સના નજીક 5 લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા. ઓસ્ટિનના જણાવ્યા અનુસાર રાષ્ટ્રપતિ બઈડેને આ હુમલા માટે સૂચના આપી હતી. આ હુમલાઓનો હેતુ હુતી વિદ્રોહીઓના શસ્ત્રોનો નાશ કરવાનો હતો. હુતી વિદ્રોહીઓએ પણ હુમલાની પુષ્ટિ કરી છે. જો કે તેમણે કેટલું નુકસાન થયું તેની કોઈ માહિતી આપી ન હતી. હુતીના નાયબ વડા નસરુદ્દીન આમેરે કહ્યું હતું કે અમેરિકાએ તેની કિંમત ચૂકવવી પડશે. US આર્મીના જણાવ્યા અનુસાર, તેમણે નેવીના યુદ્ધ જહાજો અને માલવાહક જહાજો પર હુતી વિદ્રોહીઓના હુમલાને રોકવા માટે આ હવાઈ હુમલો કર્યો છે.

# કેનેડાની નાગરિકતા કેવી રીતે મળે છે ?

**(એજન્સી) કેનેડા તા 23**

શું તમે જાણો છો કે કેનેડામાં નાગરિકતા કેવી રીતે મેળવવી. અહીં તમારા માટે આ માટે જાણકારી આપવામાં આવી છે. કેનેડાની નાગરિકતા મેળવવા માંગતા દરેક લોકોએ એક વાર આ વાત જાણી લેવી જરૂરી છે. કેનેડિયન નાગરિક બનવા માટે તમારી પાસે કેનેડામાં કાયમી રહેઠાણ હોવું આવશ્યક છે. આ સાથે તમારી પાસે અંગ્રેજી અથવા ફ્રેન્ચ ભાષામાં બોલવાની અને સાંભળવાની સારી કુશળતા હોવી જોઈએ અરજી કરતા પહેલા છેલ્લા 5માંથી 3 વર્ષ કેનેડામાં રહેતા હોવા જોઈએ. ઉપરાંત, તમારા માટે આ ત્રણ વર્ષ દરમિયાન કેનેડામાં Tax ચૂકવવો જરૂરી છે.જો આવું ન થાય તો તમને નાગરિકતા માટે લાયક ગણવામાં આવશે નહીં. તેથી નાગરિકતા મેળવવા આવા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા ખૂબ



જરૂરી છે. નાગરિકતા મેળવવા માટે, અરજદારે સીટીઝનશીપ ટેસ્ટ પાસ કરવી આવશ્યક છે. આ પરીક્ષણ દરમિયાન અરજદારને કેનેડિયન નાગરિકોની જવાબદારીઓ અને અધિકારો વિશે પ્રશ્નો પૂછવામાં આવે છે.જો તમે પણ કેનેડાની નાગરિકતા મેળવવા માંગતા હો, તો તમે canada.ca વેબસાઈટ પર જઈને અરજી કરી શકો છો.

# તુર્કીમાં ટેકઓફ કરતી વખતે હેલિકોપ્ટર હોસ્પિટલ સાથે અથડાયું



**(એજન્સી)અંકારા તા 23**

હેલિકોપ્ટર દુર્ઘટનામાં બે પાઈલટ, એક ડોક્ટર અને એક કર્મચારીના મોત થયા છે. તસવીર- સોશિયલ મીડિયા તુર્કીના મુગલ પ્રાંતમાં રવિવારે એક હેલિકોપ્ટર દુર્ઘટનામાં બે પાઈલટ અને એક ડોક્ટર સહિત ચાર લોકોના મોત થયા છે. મુઘલ ગવર્નર અબ્દુલ્લા એરીને AFPને જણાવ્યું હતું કે ગાઢ ધુમ્મસને કારણે હેલિકોપ્ટર નજીકની હોસ્પિટલના ચોથા માળે અથડાયું હતું. કેસની તપાસ હજુ ચાલુ છે.

હેલિકોપ્ટર મુગ્લાથી અંતાલ્યા શહેર માટે ઉડાન ભરી હતી. આ ઘટનાનો વીડિયો અને ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. આ તસવીરોમાં હોસ્પિટલ પાસે હેલિકોપ્ટરનો કાટમાળ વેરવિખેર જોવા મળે છે. હેલિકોપ્ટર તુર્કીના મુગ્લાથી અંતાલ્યા માટે ઉડાન ભરી હતી પરંતુ ગાઢ ધુમ્મસને કારણે તે ક્રેશ થયું હતું. અકસ્માત બાદ હેલિકોપ્ટરનો કાટમાળ હોસ્પિટલ નજીકના ખેતરમાં વિખરાઈ ગયો હતો. ધુમ્મસ ક્યારેક નવા પાઈલટ્સ માટે જીવલેણ હોય છે અમેરિકાની નેશનલ વેધર સર્વિસ અનુસાર, ધુમ્મસમાં ઉડાન ભરવી અનુભવી પાઈલટ્સ માટે ખૂબ જ મુશ્કેલ હશે. આવી સ્થિતિમાં, તે ઘણીવાર નવા પાઈલટ્સ માટે ઘાતક સાબિત થાય છે. ધુમ્મસ અને હવામાન સંબંધિત એરક્રાફ્ટની ઘટનાઓને કારણે દર વર્ષે અંદાજે 400 લોકો મૃત્યુ પામે છે. આ દુર્ઘટનામાં હોસ્પિટલના ચોથા માળને નુકસાન થયું છે, જોકે હોસ્પિટલની અંદર કોઈ જાનહાનિના સમાચાર નથી.

## ઘર સાથે અથડાઈને દુકાન પર પડ્યું એરક્રાફ્ટ

# બ્રાઝિલમાં પ્લેન ક્રેશમાં 10 લોકોનાં મોત, અનેક ઘાયલ

**(એજન્સી) બ્રાઝિલ તા 23**

બ્રાઝિલના ગ્રામાડો શહેરમાં રવિવારે એક નાનું પેસેન્જર પ્લેન ક્રેશ થયું. આ અકસ્માતમાં 10 લોકોનાં મોત થયા હતા. રોઈટર્સના જણાવ્યા અનુસાર, પ્લેન પહેલા એક બિલ્ડિંગની ચીમની સાથે અથડાયું અને તે જ બિલ્ડિંગ સાથે અથડાઈ ગયું. આ પછી નજીકની ફર્નિચરની દુકાન પર ક્રેશ થઈ ગયું.

એરિયા ગવર્નર એડ્યુઆર્ડો લેઈટે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું - હું રાજ્ય સંરક્ષણ દળો સાથે ગ્રામાડોમાં પ્લેન ક્રેશના સ્થળે છું. ઈમર્જન્સી ટીમો હાલ ઘટનાસ્થળે બચાવ કામગીરીમાં લાગેલી છે. પ્રારંભિક માહિતીમાં જાણવા મળ્યું છે કે વિમાનમાં સવાર કોઈ મુસાફર બચ્યો નથી. રાજ્યના પબ્લિક સેફ્ટી ઓફિસના જણાવ્યા અનુસાર, ઓછામાં ઓછા 15 લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્થાનિક મીડિયા અનુસાર, પ્લેન પાઈપર ચેયેન 400 ટર્બોપ્રોપ હતું, જેણે ગ્રામાડોથી કેનેલા શહેર માટે ઉડાન ભરી હતી. તે ક્રિસમસ માટે પ્રખ્યાત પર્યટન સ્થળ ફ્લોરિનોપોલિસ જઈ રહ્યું હતું. કોઈ મુસાફરો જીવતા ન બચ્યા 13 લોકો ઘાયલ પણ થયા હતા. બસ સાઓ પાઉલોથી રવાના થઈ હતી અને તેમાં 45 મુસાફરો હતા. આ અકસ્માતમાં એક કાર પણ બસ સાથે અથડાઈ હતી, પરંતુ તેમાં મુસાફરી કરી રહેલા ત્રણ લોકો સલામત રીતે બચી ગયા હતા.ગ્રામાડો દક્ષિણ બ્રાઝિલનું એક પ્રખ્યાત પર્યટન સ્થળ છે, જે તેના જર્મન આર્કિટેક્ટ અને સુંદર ટેકરીઓ માટે જાણીતું છે. રિયો ગ્રાન્ડે ડુ સુલ રાજ્યના ગવર્નર એડ્યુઆર્ડો લેઈટે ટ્વિટર પર લખ્યું કે ગ્રામાડો શહેરમાં વિમાન અકસ્માતમાં કોઈ મુસાફરનો જીવ બચી શક્યો નથી. આ વિમાનમાં 9 મુસાફરોને લઈ જવાની ક્ષમતા હતી. 15 લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા રિયો ગ્રાન્ડે દો સુલ રાજ્યના જાહેર સુરક્ષા કાર્યાલયે માહિતી આપી છે કે 15 લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.



### બ્રાઝિલમાં બે દિવસમાં બીજી મોટી દુર્ઘટના

બ્રાઝિલમાં બે દિવસમાં આ બીજો મોટો અકસ્માત છે. આ પહેલા શનિવારે બ્રાઝિલના મિનસ ગેરેસ રાજ્યમાં એક માર્ગ અકસ્માતમાં 38 લોકોનાં મોત થયા હતા, જ્યારે 13 લોકો ઘાયલ પણ થયા હતા. બસ સાઓ પાઉલોથી રવાના થઈ હતી અને તેમાં 45 મુસાફરો હતા. આ અકસ્માતમાં એક કાર પણ બસ સાથે અથડાઈ હતી, પરંતુ તેમાં મુસાફરી કરી રહેલા ત્રણ લોકો સલામત રીતે બચી ગયા હતા.ગ્રામાડો દક્ષિણ બ્રાઝિલનું એક પ્રખ્યાત પર્યટન સ્થળ છે, જે તેના જર્મન આર્કિટેક્ટ અને સુંદર ટેકરીઓ માટે જાણીતું છે. ક્રિસમસના કારણે આ શહેરમાં ગતિવિધિઓમાં વધારો થયો છે. દુનિયાભરમાંથી અહીં પ્રવાસીઓ આવવાની પ્રક્રિયા ચાલુ રહે છે.તેમાંથી મોટાભાગના અકસ્માતને કારણે આગ અને ધુમાડાથી પ્રભાવિત થયા છે. વિમાનમાં કેટલા લોકો સવાર હતા તે હજુ સ્પષ્ટ નથી.

# મેટ્રોની અંદર મહિલાને આગ લગાડી, મોત

**(એજન્સી) અમેરિકા તા 23**

અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં રવિવારે એક મહિલાની મેટ્રોમાં આગ લગાડીને હત્યા કરી દેવામાં આવી. પોલીસે હત્યારા આરોપીની ધરપકડ કરી છે. ન્યૂયોર્ક પોલીસના જણાવ્યા પ્રમાણે સવારે લગભગ 7.30 વાગ્યે મેટ્રોમાં મહિલા પાસે પહોંચ્યો અને સ્ટેશન પર ઉતરતા પહેલાં મહિલાના કપડામાં આગ લગાડી દીધી. આગ લાગવાથી મહિલાનું મોત થઈ ગયું છે. ન્યૂયોર્ક પોલીસ કમિશનર જેસિકા ટીશે જણાવ્યું કે આરોપીએ મહિલાના સફેદ ડ્રેસને લાઈટર વડે આગ લગાવી દીધી હતી. આગને કારણે થોડી જ સેકન્ડોમાં આગ મહિલાના અન્ય કપડામાં ફેલાઈ ગઈ હતી. પીડિત મહિલાની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. આગ લગાવ્યા બાદ આરોપી મેટ્રોમાંથી નીચે ઉતરીને સ્ટેશન પર બેસી ગયો હતો. પ્લેટફોર્મ પર બેસીને તે સળગતી મહિલાને જોઈ રહ્યો હતો. આરોપીની આ તસવીર ન્યૂયોર્ક પોલીસે જાહેર કરી છે. ટિશે કહ્યું કે મેટ્રો સ્ટેશન પર પેટ્રોલિંગ કરી રહેલા પોલીસ અધિકારીઓએ ટ્રેનમાંથી ધુમાડો આવતો જોયો અને તેની ગંધ આવી. આ પછી તેઓ સ્થળ પર પહોંચ્યા અને જોયું કે પીડિતા આગમાં સળગી રહી હતી. આ પછી અધિકારીઓએ આગ ઓલવી હતી.ઘટનાસ્થળે પહોંચેલા ઈમરજન્સી સેવાના કર્મચારીઓએ તપાસ બાદ મહિલાને મૃત જાહેર કરી હતી. પોલીસે પ્રાથમિક નિવેદનમાં જણાવ્યું હતું કે ઘટના સમયે મહિલા સૂતી હતી. આગ લગાડતા પહેલા આરોપી અને મહિલા વચ્ચે કોઈ વાતચીત થઈ ન હતી. પોલીસના જણાવ્યા અનુસાર બંને એકબીજાને ઓળખતા ન હતા. સીએનએનના અહેવાલ મુજબ આરોપીએ મહિલાના ધાબળામાં આગ લગાવી દીધી હતી. આ પછી, પોલીસે બોડી કેમેરામાંથી મેળવેલા ફૂટેજને સાર્વજનિક કર્યા અને આરોપીઓને પકડવા માટે લોકોની મદદ માંગી. પોલીસે આરોપીને પકડવામાં મદદ કરવા બદલ 10,000 ડોલરનું ઈનામ આપ્યું હતું. આ પછી સ્કૂલના 3 બાળકોએ આરોપીને જોયો અને તેના વિશે માહિતી આપી. ઘટનાના માત્ર 8 કલાક બાદ જ પોલીસે અન્ય મેટ્રો ટ્રેનમાંથી તેની ધરપકડ કરી હતી.

# કોણ છે શ્રીરામ કૃષ્ણન જેને ટ્રમ્પે સોંપી મોટી જવાબદારી

## શ્રીરામ વ્હાઇટ હાઉસમાં AIની જવાબદારી સંભાળશે

**(એજન્સી) અમેરિકા તા 23**

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય-અમેરિકન મૂડીવાદી શ્રીરામ કૃષ્ણનને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પર વરિષ્ઠ નીતિ સલાહકાર તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો છે. કૃષ્ણન અગાઉ માઈક્રોસોફ્ટ, ટ્વિટર, યાહૂ, ફેસબુક અને સ્નેપમાં પ્રોડક્ટ ટીમનું નેતૃત્વ કરી ચૂક્યા છે અને તે હવે ડેવિડ ઓ. સાક્સની સાથે કામ કરશે. ટ્રમ્પે ડેવિડને 'વ્હાઈટ હાઉસ એઆઈ અને ક્રિપ્ટો ઝાર' તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી છે. કૃષ્ણનને ફેબ્રુઆરી 2021માં એન્ડ્રીસેન હોરોવિટ્ઝ (a16z)માં જનરલ પાર્ટનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. 2023માં શ્રીરામ કૃષ્ણનને ફર્મની લંડન ઑફિસનું નેતૃત્વ કરવા માટે પસંદ કરવામાં આવ્યું હતું, જે યુનાઈટેડ સ્ટેટ્સની બહાર તેનું પ્રથમ સ્થાન હતું.

### શ્રીરામ કૃષ્ણન કોણ છે

માઈક્રોસોફ્ટ, ટ્વિટર, યાહૂ, ફેસબુક અને સ્નેપ જેવી મોટી કંપનીઓમાં કામ કરી ચૂકેલા ટેક્નોલોજી ઈન્ડસ્ટ્રીના અનુભવી કૃષ્ણન, ડેવિડ ઓ. સાક્સ સાથે મળીને કામ કરશે, જેને વ્હાઈટ હાઉસ AI અને Crypto Czar નામ આપવામાં આવ્યું છે. કૃષ્ણનના અબજોપતિ ઈલોન મસ્ક સાથે સારા સંબંધો છે, મસ્કએ 2022માં કંપની હસ્તગત કર્યા પછી 'X' ને ફરી ઊભું કરવા માટે તેમની સાથે કામ કર્યું હતું.

### શ્રીરામ કૃષ્ણનની શું જવાબદારી છે?

ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે AI સાથે જોડાયેલી અનેક નિયુક્તિઓની જાહેરાત કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, 'શ્રીરામ કૃષ્ણન વ્હાઈટ હાઉસ ઓફિસ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી પોલિસીમાં AI પર સીનિયર પોલિસી એડવાઈઝર તરીકે કામ કરશે. ડેવિડની સાથે શ્રીરામ એઆઈના ક્ષેત્રમાં અમેરિકાનું વર્ચસ્વ સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. સાથે જ તે વિજ્ઞાન તથા ટેક્નોલોજી પર રાષ્ટ્રીય સલાહકાર પરિષદ સાથે કામ કરીને AI નીતિને આકાર આપવામાં તથા સંકલન કરવામાં પણ મદદ કરશે.

# ભૂખમરા અને ગરીબીથી પરેશાન નાઈજીરિયા, કપડાં અને ભોજન મેળવવા માટે નાસભાગ

**(એજન્સી) નાઈજીરીયા તા 23**

નાઈજીરીયામાં 63 ટકા વસ્તી ગરીબીનો સામનો કરી રહી છે. તાજેતરમાં જ ક્રિસમસ નિમિત્તે દેશના ત્રણ વિસ્તારોમાં ડોનેશન ડ્રાઈવ ચલાવવામાં આવી. જેમાં બે વિસ્તારોમાં લોકો આખી રાત ચર્ચની બહાર કડકડતી ઠંડીમાં પણ ડોનેશન ડ્રાઈવ માટે કપડાં અને ખાવાનું મેળવવા ઉભા રહ્યા હતા. પશ્ચિમ આફ્રિકાના દેશ નાઈજીરિયામાં ગરીબીએ લોકોને ઘેરી લીધા છે. તાજેતરમાં એક ઘટના પ્રકાશમાં આવી છે જે દર્શાવે છે કે વ્યક્તિ ખોરાક, કપડા અને આશ્રય જેવી મૂળભૂત જરૂરિયાતો માટે કેટલો લાચાર બની જાય છે. તાજેતરમાં ક્રિસમસ નિમિત્તે નાઈજીરીયામાં ત્રણ વિસ્તારોમાં દાન અભિયાન ચલાવવામાં આવી રહ્યું હતું. આ ડ્રાઈવમાં વિતરણ કરવામાં આવતા કપડાં અને ખોરાક એકત્રિત કરવા માટે લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

દાન અભિયાનમાં કપડાંનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું અને લોકો તેમને પ્રાપ્ત કરવા માટે એટલી મોટી સંખ્યામાં એકઠા થયા હતા કે, નાસભાગ મચી ગઈ હતી અને 67 લોકો મૃત્યુ પામ્યા હતા. આ અકસ્માતોમાં મોટાભાગના બાળકોના મોત થયા છે. ક્રિસમસ નિમિત્તે ત્રણ સ્થળોએ ડોનેશન ડ્રાઈવ ચાલી રહી હતી. ઓયો, અનામ્બ્રા અને રાજધાની અબુજા. બુધવારે ઓયોમાં એક ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં 35 બાળકોના મોત થયા હતા. આ પછી શનિવારે અનામ્બ્રામાં ડ્રાઈવ-બાય અકસ્માતમાં 22 લોકોના મોત થયા હતા અને રાજધાની અબુજામાં 10 લોકોના મોત નોંધાયા હતા. અબુજાના એક ચર્ચમાં 1,000 થી વધુ લોકો દાન અભિયાન માટે કપડાં અને ખોરાક મેળવવા માટે એકઠા થયા હતા.ગરીબીને કારણે આફ્રિકાના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશમાં લોકો કપડાં અને ખોરાકનું દાન લેવા માટે લાઈનો લગાવી રહ્યા છે. દેશમાં મોંઘવારી 28 વર્ષનો રેકોર્ડ તોડી રહી છે અને હાઈ લેવલ પર છે. નાઈજીરીયામાં ભૂખ છે, અબુજા શહેરમાં ડોનેશન ડ્રાઈવમાં નાસભાગ બાદ એક મહિલા રડી રહી હતી. દરેક નાઈજિરિયનને ખાવા માટે ખોરાકની જરૂર છે.જો કે આ તમામ સંજોગો અને આર્થિક સંકટ સરકારની નાણાં બચાવવા અને રોકાણકારોને ફુગાવાનો દર 34.6 ટકાની 28 વર્ષની ટોચે પહોંચવામાં ફાળો આપ્યો છે.

### તલવાર, ત્રિશૂળ અને ભાલા સાથે સંતોનો લાંબો કાફલો આગળ વધી રહ્યો છે

# નાગા સાધુઓએ કર્યાં અદભૂત કરતબ, મહાકુંભમાં પુષ્પવર્ષાં દ્વારા સ્વાગત

(એજન્સી) નવી દિલ્હી | તા. 23

ભાલા, તલવાર, ત્રિશૂળથી અદ્ભૂત કરતબ દેખાડતાં નાગા સાધુઓનું જૂલુસ રસ્તા પર નીકળ્યું તો ભક્તિભાવથી ઓતપ્રોત નર-નારી અને બાળકો ભાવવિભોર બની ગયા. સૌભાગ્યની અનુભૂતિ કરતાં તેમના દર્શન કર્યા. પુષ્પવર્ષા અને જયજયકાર કરતાં સંતો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. સાધુઓ આગળ નીકળી ગયા તો રસ્તા પરથી તેમના ચરણોની ધૂળ લઈને માથા પર લગાવી પરમ આનંદની અનુભૂતિ કરી. શ્રી પંચદશનમ આવાહન અખાડાની છાવણી પ્રવેશ શોભાયાત્રાનો અવસર હતો. જન આસ્થા અને આકર્ષણ અખાડાએ ભવ્ય અને શાહી શૈલીમાં યાત્રાનું આયોજન કર્યું હતું. વિવિધ સ્થળોએ ભક્તો અને વહીવટીતંત્રના અધિકારીઓએ સંતોનું પુષ્પવર્ષા કરીને અને જયજયકાર સાથે સ્વાગત કર્યું હતું.

13 અખાડામાં સૌથી પહેલા અસ્તિત્વમાં આવેલા શ્રીપંચ દશનામ અવાહન અખાડાના સંતોએ મડૌકા સ્થિત આશ્રમમાં વિધિથી પૂજન કર્યું. પૂજન કર્યા બાદ અસ્ત્ર-શસ્ત્ર સાથે છાવણીની પ્રવેશ યાત્રાની શરૂઆત કરી હતી. અખાડાના આરાધ્ય સિદ્ધિ વિનાયક ગણેશની પાલકી હતી. તેના પાછળ સંતોનો લાંબો કાફલો આગળ વધી રહ્યો હતો. અખાડાના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અરુણ ગિરીના નેતૃત્વમાં છાવણી પ્રવેશ યાત્રા નવા યમુના પુલ પરથી પસાર થઈને મેળા ક્ષેત્રમાં પ્રવેશી હતી. સ્વામી અરુણ ગિરીનું કહેવું છે કે, આવાહન અખાડો સૌથી પ્રાચીન છે. પ્રયાગરાજમાં અત્યાર સુધીમાં 122 મહાકુંભ અને અને 123 કુંભ કરી ચૂક્યો છે. પોતાના વિશિષ્ટ સંકલ્પ સાથે અખાડાએ મહાકુંભ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. વિભિન્ન માર્ગોથી પસાર થતાં અખાડાએ ત્રિવેણી પાંટુન પુલથી પોતાની છાવણીમાં પ્રવેશ કર્યો. અખાડાના શ્રી મહંત ગોપાલ ગિરિએ જણાવ્યું કે, મેળા ક્ષેત્ર સ્થિત શિવિરમાં લાગેલી ધર્મધ્વજા પાસે આરાધ્યની પાલકી સ્થાપિત કરીને સંતોએ ડેરો જમાવી લીધો છે.



### વૃક્ષ વાવો અને સૃષ્ટિ બચાવો

આવાહન અખાડાની છાવણી પ્રવેશ યાત્રામાં રથમાં સવાર મહામંડલેશ્વરો ઉપરાંત નાગા સંતો ઘોડા અને ઊંટ પર સવાર થઈ રહ્યા હતા. બીજી તરફ તમામ સંતો ધ્વજ લઈને પગપાળા આગળ વધ્યા હતા. અખાડાના આરાધ્ય ભગવાન ગજાનનના રથને ફૂલોથી શણગારવામાં આવ્યો હતો. ત્યારબાદ અખાડાના પંચ પરમેશ્વર અને તે પછી અખાડાના આચાર્ય મહામંડલેશ્વરનો રથ ચાલી રહ્યો હતો. સંતોએ ‘વૃક્ષ વાવો અને સૃષ્ટિ બચાવો’નો સૂત્રોચ્ચાર કરતાં પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો.

### સનાતનનો પ્રચાર અને ધર્મનું રક્ષણ

સ્વામી અરુણ ગિરી કહે છે કે અમારા અખાડાનો મૂળ ઉદ્દેશ્ય સનાતનનો પ્રચાર અને ધર્મનું રક્ષણ કરવાનો છે. પરંતુ હાલમાં સૃષ્ટિની સામે સૌથી મોટું સંકટ પર્યાવરણની રક્ષાનું છે. તેથી અમે ભક્તો અને સનાતની લોકો પાસેથી વૃક્ષો વાવો, પ્રકૃતિ બચાવો મહા અભિયાન હેઠળ વૃક્ષારોપણનો સંકલ્પ લઈ રહ્યા છીએ. મહાકુંભમાં ભક્તોને પ્રસાદ તરીકે 51 હજાર ફળોના છોડનું વિતરણ કરવામાં આવશે.

### બીએસએફ ગાંધીનગર ખાતે રોજગાર મેળાનો કાર્યક્રમ યોજાયો

# કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાના હસ્તે રોજગાર મેળા અંતર્ગત યુવાઓને નિમણૂક પત્રો પ્રદાન કરાયા

(એજન્સી) ગાંધીનગર | તા. 23

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આપેલા 10 લાખ યુવાનોને સરકારી નોકરી આપવાના લક્ષ્યને હાંસલ કરવાના ભાગરૂપે આજે દેશભરમાં રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં પણ બીએસએફ દ્વારા રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાના હસ્તે નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન 287 યુવક-યુવતીઓને નિમણૂક પત્ર એનાયત થયા હતા. દેશભરમાં આજે યોજાયેલા રોજગાર મેળા કાર્યક્રમને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે સરકારી વિભાગો અને સંસ્થાઓમાં નવનિયુક્ત યુવાનોને 71,000થી વધારે નિમણૂક પત્રોનું વિતરણ



કર્યું હતું. આ કાર્યક્રમના અનુસંધાને બીએસએફ ગાંધીનગર ખાતે આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ થયું હતું. તેમજ યુવાઓને નિમણૂંક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયા ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગરમાં અલગ અલગ વિભાગોમાં 244 પુરૂષ ઉમેદવારોને તેમજ 43 મહિલા ઉમેદવારોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. શ્રી માંડવિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પ્રથમ રોજગાર મેળામાં કહ્યું હતું કે 10 લાખ યુવાનોને સરકારી નોકરી આપવાનું લક્ષ્ય છે. ત્યારથી જ પારદર્શિતા સાથે મેરિટમાં સફળ થનારા યુવાઓને નોકરી આપવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે ભાષાના અવરોધના કારણે યુવાનો પાછળ ન રહી જાય એ માટે 11 ભાષાઓમાં પરીક્ષા લેવાની પણ શરૂઆત કરવામાં આવી છે. તેમણે યુવાનોને આહ્વાન કર્યું કે તમે નોકરી મેળવ્યા પછી કમિટમેન્ટ અને ડેડિકેશન સાથે નેશન ફર્સ્ટની ભાવના સાથે દેશને આગળ વધારવાનો સંકલ્પ લેજો. આપણે દરેક ક્ષેત્રમાં સાથે મળીને નવા ભારતના નિર્માણમાં પોતાની જવાબદારી નિભાવીએ. આજે કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે આયોજિત વિકસિત ભારત એમ્બેસેડર યુવા કનેક્ટ કાર્યક્રમને કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ સંબોધન કર્યું હતું.

### હાઈકોર્ટે પતિને છૂટાછેડાની મંજૂરી આપી

# ‘દીકરીના સાસરે લાંબા સમય સુધી ટકવું પણ ક્રૂરતા..’,

(એજન્સી) કલક્તા | તા. 23

દીકરીના પરિવારજનો અથવા મિત્રો લાંબા સમય સુધી દીકરીના સાસરે રહેવું એ પણ ક્રૂરતા છે. કોલકાત્તા હાઈકોર્ટે 19 ડિસેમ્બરના રોજ આ આધાર પર એક વ્યક્તિને છૂટાછેડાની મંજૂરી આપી દીધી હતી. કોર્ટે ચૂકાદો આપતાં કહ્યું કે, પતિની મરજી વિરુદ્ધ પત્નીના મિત્રો અથવા પરિવારજનોનું લાંબા સમય સુધી તેમના ઘરમાં રહેવું ક્રૂરતા છે. ઘણી વખત આવા સંજોગોમાં જ્યારે પત્ની પોતે ઘરમાં હાજર ન હોય ત્યારે પરિવારજનોની હાજરીથી અરજદારના જીવન પર ઊંડી અસર પડી હશે. મહિલાના પતિએ લગ્નના ત્રણ વર્ષ બાદ જ 2008માં છૂટાછેડાની ફાઈલ કરી હતી.આ બંનેના લગ્ન પશ્ચિમ બંગાળના નાબાદ્વીપમાં થયા હતા. બાદમાં વર્ષ 2006માં બંને કોલાઘાટ આવી ગયા હતા, જ્યાં પતિ કામ કરતો હતો. વર્ષ 2008માં પત્ની કોલકાત્તાના નારકેલડાંગા જતી રહી હતી. તેનું કહેવું હતું કે, અહીં રહેવું તેના માટે વધારે સુવિધાજનક હતું, કારણ કે તે સિયાલદહથી નજીક પડે છે, જ્યાં તે કામ કરે છે. જો કે, પૂછપરછ દરમિયાન તેણે દાવો કર્યો કે, હું પતિથી એટલા માટે દૂર થઈ કારણ કે, હું અસહાય બની



ગઈ હતી.વર્ષ 2008માં કોલાઘાટમાં પતિનું ઘર છોડી દીધા બાદ પણ મહિલાનો પરિવાર અને એક મિત્ર ત્યાં જ રોકાઈ રહ્યા હતા. વર્ષ 2016માં પત્ની ઉત્તરપરા જતી રહી હતી. પતિનું કહેવું છે કે તેની પત્ની તેનાથી દૂર રહે છે તે ક્રૂરતા છે. આ ઉપરાંત તેણે એમ પણ કહ્યું કે, પત્ની કોઈ પણ પ્રકારના સંબંધ રાખવા કે બાળકો પેદા કરવા નથી માગતી.

## દિગ્ગજ ફિલ્મમેકર શ્યામ બેનેગલનું 90 વર્ષની જૈફ વયે અવસાન થયું

(એજન્સી) મુંબઈ | તા. 23

ભારતીય પેરેલલ સિનેમામાં નવો ચીલો ચાતરનારા દિગ્ગજ ફિલ્મમેકર શ્યામ બેનેગલનું 90 વર્ષની જૈફ વયે અવસાન થયું છે. શ્યામબાબુ તરીકે ઓળખાતા આ ફિલ્મમેકર ઘણા લાંબા સમયથી કિડની અને ઉંમર સંબંધિત બીમારીઓથી પીડાતા હતા. તેમની દીકરી પિયા બેનેગલે આ વાતની પુષ્ટિ કરી છે. શ્યામ બેનેગલે ‘અંકુર’, ‘મંડી’, ‘સરદારી બેગમ’, ‘ઝુબૈદા’ જેવી અવિસ્મરણીય ફિલ્મો બનાવી હતી. ગુજરાતમાં સહકારી મંડળીની શ્વેતક્રાંતિ પર તેમણે ગિરીશ કર્નાડ અને સ્મિતા પાટિલને લઈને ‘મંથન’ ફિલ્મ બનાવેલી. પ્રાપ્ત માહિતી પ્રમાણે શ્યામ બેનેગલે 23 ડિસેમ્બરે સાંજે સાડા છ વાગ્યે અંતિમ શ્વાસ લીધા. હજુ નવ દિવસ પહેલાં 14 ડિસેમ્બરે જ તેમણે પોતાના 90મા જન્મદિવસની ઉજવણી કરી હતી. આ સેલિબ્રેશનની તસવીરો અભિનેત્રી શબાના આઝમીએ સોશિયલ મીડિયા પર શેર કરી હતી, જેમાં તેમની સાથે નસીરુદ્દીન શાહ અને પ્રફુલ્લિત મુખમુદ્રામાં શ્યામ બેનેગલ દૃશ્યમાન થતા હતા. શ્યામ બેનેગલની ફિલ્મોએ ભારતીય સિનેમાને મહાન કલાકારો આપ્યા હતા, જેમાં નસીરુદ્દીન શાહ, ઓમ પુરી, અમરીશ પુરી, અનંત નાગ, શબાના આઝમી, સ્મિતા પાટીલ અને સિનેમેટોગ્રાફર-ફિલ્મમેકર ગોવિંદ નિહલાની મુખ્ય છે. શ્યામબાબુને ભારત સરકારે 1976માં પદ્મશ્રી અને 1991માં પદ્મ ભૂષણથી નવાજ્યા હતા.



# ધનિકોને જાળમાં ફસાવી પૈસા પડાવતી ‘લૂટેરી દુલ્હન’ ઝડપાઈ : એન્જિનિયર, વેપારી પણ ભોગ બન્યા

(એજન્સી) નવી દિલ્હી | તા. 23

ધનિકોને જાળમાં ફસાવી પૈસા પડાવતી વધુ એક ‘લૂટેરી દુલ્હન’ ઝડપાઈ છે. જયપુર પોલીસે દેહરાદૂનમાંથી સીમા અગ્રવાલ ઉર્ફે નિક્કી નામની મહિલાની ધરપકડ કરી છે. સીમા તેના પતિઓને ખોટા અને ગંભીર આરોપોમાં ફસાવીને તેમની પાસેથી પૈસા પડાવતી હતી. દેહરાદૂનથી તેની ધરપકડ કર્યા બાદ પોલીસ તેને જયપુર લાવી અને અહીંની કોર્ટમાં રજૂ કરી હતી. કોર્ટે તેને 15 દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપી છે. આ મામલે પોલીસે જણાવ્યું કે, મહિલા મેટ્રિમોનિયલ સાઈટ્સ પર ધનિક લોકોને શોધતી હતી અને પછી તેમની સાથે લગ્ન કરતી હતી. ત્યારબાદ તેમના પર ગંભીર આરોપ લગાવી પૈસા પડાવતી હતી.

જયપુરના મુરલીપુરા પોલીસ સ્ટેશનના એસએચઓ સુનિલ કુમાર જાંગીડે જણાવ્યું કે, સીમા ઉર્ફે નિક્કી અગ્રવાલે આગરાના એક વેપારી, ગુરુગ્રામના સોફ્ટવેર એન્જિનિયર અને જયપુરના જ્વેલર સાથે લગ્ન કર્યા બાદ તેમની સામે ગંભીર આરોપો લગાવી કેસ દાખલ કર્યો હતો. ત્યારબાદ તેમની પાસેથી સેટલમેન્ટના નામે મોટી રકમ પડાવી લીધી હતી. આગરાના વેપારી સાથે લગ્ન કર્યા બાદ સીમાએ તેની સામે ગંભીર આરોપો હેઠળ FIR નોંધાવી અને સેટલમેન્ટના નામે તેની પાસેથી 75 લાખ રૂપિયા પડાવ્યા હતા.ત્યારબાદ આ લૂટેરી દુલ્હને ગુરુગ્રામના એક સૉફ્ટવેર એન્જિનિયર સાથે લગ્ન કર્યા. થોડા દિવસ બાદ તેમના પર પણ ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા અને સેટલમેન્ટના નામે 10 લાખ રૂપિયા વસૂલ્યા હતા. પોલીસ પાસેથી મળેલી માહિતી પ્રમાણે સીમા અગ્રવાલ તેના પતિઓ પર દહેજ ઉત્પીડન અને અકુદરતી સેક્સનો આરોપ લગાવીને FIR નોંધાવતી હતી. ત્યારબાદ તેણે જયપુરના એક જ્વેલર સાથે લગ્ન કર્યા. જોતવાડાના રહેવાસી જ્વેલરે મુરલીપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેણે મોબાઈલ ઍપ્લિકેશન દ્વારા સીમાનો સંપર્ક કર્યો હતો અને 2023માં તેની સાથે લગ્ન કર્યા હતા.

### છૂટાછેડા લીધેલા હોય તેવા ધનિકોને નિશાન બનાવતી



મુરલીપુરા પોલીસ સ્ટેશનના અધિકારી સુનીલ કુમાર જાંગીડ અને સબ ઈન્સ્પેક્ટર વસુંધરાના નેતૃત્વમાં રચાયેલી ટીમ દહેરાદૂન ગઈ અને સીમા અગ્રવાલની ધરપકડ કરી. પૂછપરછ દરમિયાન ખુલાસો થયો કે સીમા છૂટાછેડા લીધેલા હોય તેવા ધનિકોને નિશાન બનાવતી હતી. તે તેમની સાથે લગ્ન કરતી અને થોડા દિવસો પછી તેની સામે દહેજ ઉત્પીડન અને અકુદરતી સંબંધોના ખોટા આરોપો લગાવીને કેસ દાખલ કરતી હતી. પછી તે સેટલમેન્ટના નામે પૈસા વસૂલતી હતી. તેના ત્રીજા લગ્નમાં તેણે તેના પતિ સાથે ઝઘડો કરી દાગીના અને રોકડ લઈ જતી રહી હતી. પૂછપરછ દરમિયાન સીમાએ પોતાનો ગુનો કબૂલી લીધો છે. જયપુર પોલીસે અપીલ કરી છે કે જો આવી ઘટના અન્ય કોઈ વ્યક્તિ સાથે બને તો તેણે તાત્કાલિક સંપર્ક કરવો જોઈએ.

### દેશમાં ડોક્ટરોની ગંભીર અછતથી સુપ્રીમ ચિંતિત

નવી દિલ્હી: ભારતમાં ડોકટરોની ગંભીર અછતને ધ્યાનમાં રાખી સુપ્રીમે મેડિકલ કાઉન્સિલિંગ કમિટી (એમસીસી)ને નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ) અંડરગ્રેજ્યુએટ કોર્સની ખાલી મેડિકલ બેઠકો ભરવા માટે એક વિશેષ કાઉન્સિલિંગ રાઉન્ડ આયોજિત કરવાના નિર્દેશ આપ્યા છે. લખનઉ મેડિકલ કોલેજ વિરુદ્ધ ઉ. પ્રદેશના કેસમાં અપાયેલો આદેશ : વિશેષ કાઉન્સિલિંગ રાઉન્ડ આયોજન કરવાનાં નિર્દેશઆ આદેશ લખનઉ મેડિકલ કોલેજ વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય કેસમાં આપવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટની જસ્ટિસ બી આર ગવઈ અને જસ્ટિસ કે વી વિશ્વનાથનની બેન્ચે આ આદેશ આપ્યો છે.


**પશ્ચિમ રેલવે**

**સામગ્રી વ્યવસ્થાપન વિભાગ**

**વિવિધ સામગ્રી પુરવઠો**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નંબર :-.S/69/2024 તારીખ :- 18-12-2024

| ક્ર.સં. | વસ્તુઓનું ટૂંકું વર્ણન | જથ્થો | ટીઓડી |
|---|---|---|---|
| 748 | ઓવરલોડ બ્રેકિંગ ઉત્તેજના રિલે. (QE) | 87 નંગ | 15-જાન્યુ-25 |
| 749 | Loctite 518 સીલંટ 250ml. | 896 નંગ | 20-જાન્યુ-25 |
| 750 | એન્ડલેસ ‘V’ બેલ્ટ સાઈઝ C-122. | 20331 નંગ | 21-જાન્યુ-25 |

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો.

0861

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**SLRs કમ્પાર્ટમેન્ટ્સ લિઝીંગ પર આપવા માટેના કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી**

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા ભાવનગર ડિવિઝન થી ઉપડતી ટ્રેનોના SLRs કમ્પાર્ટમેન્ટ્સ લિઝીંગ પર આપવા માટેના કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે.હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે.વિગતો નીચે મુજબ છે.

કોન્ટ્રાક્ટનો પ્રકાર : પાર્સલ સ્પેસનું લિઝીંગ | કેટલોગ સં : LEASE-2024-10

સ્થળ અને સંપત્તિની વિગત

SLR ની 3.9/04 ટન પાર્સલ જગ્યાના લીઝ કરાર માટે હરાજી:-

| ક્ર.નં | ટ્રેન નં. | કમ્પાર્ટમેન્ટ | આવૃત્તિ | અહીં થી | અહીં સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 11087 | F/I SLR | શનિવાર | VRL (વેરાવળ) | PUNE (પુણે) |
| 2 | 20910 | FSLR | ગુરુવાર | PBR (પોરબંદર) | KCVL (કોચુવેલી) |
| 3 | 12756 | FSLR | શનિવાર | BVC(ભાવનગર ટર્મિનસ) | COA (કાકીનાડા બંદર) |

(1) ઈ-ઓક્શનની તારીખ 02.01.2024ના રોજ 11:00 કલાકથી શરૂ થશે.
(2) હરાજીમાં ભાગ લેવા માટે IREPSઈ-હરાજી લિઝીંગ પોર્ટલ પર નોંધણી જરૂરી છે.
(3) વધુ વિગતો માટે www.ireps.gov.in પર લોગ ઈન કરો.

157

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


### પ્રિયંકાએ સંપત્તિની માહિતી છુપાવી હતી : ભાજપ નેતાની હાઈકોર્ટમાં અરજી

# વાયનાડમાં રાહુલ-પ્રિયંકા લઘુમતી કોમવાદી તાકતોની મદદથી જીત્યા : સીપીએમ નેતા

(એજન્સી) વાયનાડ | તા. 23

સીપીઆઈએમના પોલિટબ્યૂરોના સભ્ય એ વિજયરાઘવને કેરળના વાયનાડમાં દાવો કર્યો હતો કે વાયનાડ લોકસભા બેઠક પર રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને કોમવાદી લઘુમતી તાકતોને કારણે જીત મળી હતી. તેમણે પક્ષના કાર્યક્રમને સંબોધતા કહ્યું હતું કે વાયનાડ પરથી બે નેતાઓ ચૂંટાયા, કોના સમર્થનથી તેમને જીત મળી? આ સમર્થન કોમવાદી લઘુમતી ગઠબંધનનું હતું, તેમના સમર્થન વગર જીત શક્ય જ નહોતી. સીપીઆઈએમના નેતાના આ નિવેદનનો બાદમાં કોંગ્રેસ અને અન્ય પક્ષોએ જવાબ આપ્યો હતો.

વાયનાડ લોકસભા બેઠક પર પ્રિયંકા ગાંધીએ સીપીઆઈના સત્થયન મોકેરી અને ભાજપના નાવ્યા હરીદાસને ચાર લાખથી વધુ મતોથી હરાવ્યા હતા. પ્રિયંકા પહેલા આ જ બેઠક પર અગાઉ રાહુલ ગાંધી પણ જીત્યા હતા જોકે તેમણે બહેન પ્રિયંકા માટે બેઠક ખાલી કરી આપતા તાજેતરમાં પેટા ચૂંટણી યોજાઈ હતી જેમાં પ્રિયંકાની



જીત થઈ હતી. વાયનાડમાં સીપીઆઈએમના નેતા વિજયરાઘવને હવે આરોપ લગાવ્યો છે કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની રેલીઓમાં કટ્ટરવાદી લઘુમતીઓ જોડાયા હતા. તેઓ પ્રચાર કરી રહ્યા હતા અને સમર્થન પણ આપી રહ્યા હતા. તેમના વગર આ બેઠક પરથી રાહુલ બાદ પ્રિયંકાની જીત શક્ય નહોતી.

કોંગ્રેસના જનરલ સેક્રેટરી કે સી વેણુગોપાલે કહ્યું હતું કે દુ:ખદ બાબત છે કે સીપીએમ પોલિટબ્યૂરો સભ્ય આ પ્રકારનું નિવેદન આપી રહ્યા છે. કેરળમાં સંઘ પરિવારને ખુશ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્ય રમેશ ચેનીથાલાએ કહ્યું હતું કે સીપીઆઈએમએ વિજયરાઘવનને પક્ષમાંથી કાઢી મુકવા જોઈએ. જ્યારે ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના યુથ સંગઠને સીપીઆઈએમના નેતાની સામે પોલીસ ફરિયાદ કરી હતી અને લોકોમાં ઉશ્કેરણી ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. જ્યારે પ્રિયંકા ગાંધી સામે ચૂંટણી હારી ગયેલા ભાજપના નેતા નાવ્યા હરિદાસ કેરળ હાઈકોર્ટ પહોંચ્યા છે. તેમણે કેરળ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને પ્રિયંકા ગાંધીની ચૂંટણીને પડકારી છે. સાથે દાવો કર્યો છે કે પ્રિયંકા ગાંધીએ ઉમેદવારીપત્રમાં ખોટી માહિતી આપી છે. પ્રિયંકા ગાંધીએ સંપત્તિ સહિતની કેટલીક માહિતી છુપાવી છે. મે આ મુદ્દે ચૂંટણી પંચને પણ ફરિયાદ કરી હતી જોકે મારી આશા મુજબ કાર્યવાહી કરવામાં ના આવી. આ અરજીની આગામી વર્ષે જાન્યુઆરી મહિનામાં સુનાવણી થઈ શકે છે.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**શુદ્ધિપત્ર-2**

વિષય :- પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર પાલનપુર સામખિયાળી ગાંધીધામ સેક્શન (300.71 કિમી) પર UHF અને OFC પર આધારિત કોમ્યુનિકેશન બેકબોનની જોગવાઈ સહિત કવચ વર્ઝન 4.0 અથવા નવીનતમ (અગાઉ ટ્રેન અથડામણ નિવારણ સિસ્ટમ - ટીસીએએસ તરીકે જાણીતું હતું) ની જોગવાઈ. **સંદર્ભ : ટેન્ડર સૂચના નંબર :** EPC ADI WR SnT 08 ઉપર મુજબ કૃપા કરીને વિગતો માટે ટેન્ડર દસ્તાવેજ EPC ADI WR SnT 08 www.ireps.gov.in નો સંદર્ભ લો.

272

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે - અમદાવાદ ડિવિઝન**

**ઓટોમેટિક ફાયર એલાર્મ સિસ્ટમ માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર**

**ટેન્ડર આમંત્રણ સૂચના નંબર: DRM-SnT-ADI-Sig 06 ( ફરીથી આમંત્રણ - 2) 2024-25** ના પ્રમુખ માટે અને તેના વતી ઈન્ડિયા વર્કિંગ ડીઆરએમ/એસએન્ડટી **ટેન્ડર નંબર:** ડીઆરએમ-એસએનટી -એડીઆઈ -સિગ 06 (ફરીથી આમંત્રિત - 2) 2024-25 હેઠળ ઈ-ટેન્ડરને આમંત્રણ આપે છે છેલ્લી તારીખ 16.01.2025 એ 15:00 વાગ્યે છે. બિડર્સ તેમની મૂળ/સંશોધિત બિડ માત્ર છેલ્લી તારીખ અને સમય સુધી સબમિટ કરી શકશે, આ ટેન્ડર માટે મેન્યુઅલ ઑફર્સની મંજૂરી નથી, અને પ્રાપ્ત કોઈપણ મેન્યુઅલ ઑફરને અવગણવામાં આવશે. (1) **કામનું નામ:** અમદાવાદ ડિવિઝનમાં રેલવે મેકની ઓટોમેટિક ફાયર એલાર્મ સિસ્ટમ માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર (ત્રણ વર્ષ માટે પુનઃ આમંત્રિત - 2). (2) **કામની અંદાજિત કિંમત:** 98,69,515.92/- (રૂપિયા અઠ્ઠાણું લાખ ઓગણસીતેર હજાર પાંચસો પંદર અને બાણુ પૈસા માત્ર) (3) **અર્નેસ્ટ મની ડિપોઝિટ:** 1,97,400/- (રૂપિયા એક લાખ સત્તાણું હજાર ચારસો માત્ર) (4) **બંધ થવાની તારીખ અને સમય:** 16.01.2025 ના રોજ 15:00 કલાક પછી નહીં (5) **ટેન્ડર ખોલવાનું તારીખ અને સમય:** 16.01.2025 ના રોજ 15:30 કલાકે ખુલશે. (6) **ઈ-ટેન્ડરીંગની વેબસાઈટ:** www.ireps.gov.in

274

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વડોદરા**

(રાષ્ટ્રીય મહત્વની સંસ્થા, શિક્ષણ મંત્રાલય હેઠળ, ભારત સરકાર)
બ્લોક નંબર 9, c/o સરકારી ઈજનેરી કોલેજ કેમ્પસ, સેક્ટર 28, ગાંધીનગર, ગુજરાત - 382 028 | URL:www.iiitvadodara.arc.in.

નંબર:IIITV/ESTT/RECT/FACULTY/24-25/001 09 ડિસેમ્બર 2024

**ફેકલ્ટીની જગ્યાઓની ભરતી**

1. IIT વડોદરા (હાલમાં ગાંધીનગર, ગુજરાત ખાતે સ્થિત છે અને ઈન્ટરનેશનલ કેમ્પસ દીવ (U.T.)) ખાતે ભારતીય નાગરિકો પાસેથી એસોસિયેટ પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર ગ્રેડ-I અને II સ્તરો પર ફેકલ્ટીની જગ્યાઓ ભરવા માટે અરજીઓ આમંત્રિત કરે છે.
2. કોમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન ઈજનેરી, ભૌતિકશાસ્ત્ર, ગણિત, સંભાવના અને આંકડા, ભાષાશાસ્ત્ર, સામાજિક વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાનના વ્યાપક ક્ષેત્રમાં આવશ્યક એપ્લિકેશનો.
3. ઓનલાઈન અરજી મેળવવાની છેલ્લી તારીખ 25 જાન્યુઆરી, 2025 છે અને તેની હાર્ડ કોપી 31 જાન્યુઆરી, 2025 સુધીમાં સંસ્થાના સરનામે મેળવી શકાશે.
4. રસ ધરાવતા ઉમેદવારો લાયકાત, અનુભવ, સામાન્ય વિગતો, એપ્લિકેશન ફોર્મ અને વિવિધ પ્રમાણપત્રોના ફોર્મેટ સંસ્થાની વેબસાઈટ (http:www.iiitvadodara.ac.in) પરથી ડાઉનલોડ કરી શકે છે.

ડાયરેક્ટર

CBC 21346/12/0011/2425

## ભરૂચ દુષ્કર્મ કેસ: દુષ્કર્મ બાદ પીડિતા ક્યારેય ભાનમાં ન આવી, 3 કલાકમાં બે કાર્ડિયાક અરેસ્ટ, PM માટે ખસેડાઈ

# હેવાનિયત સામે માસૂમિયતની હાર : ગુજરાતની નિર્ભયાનું મોત

(એજન્સી) અમદાવાદ | તા.23

ભરૂચ જિલ્લાના ઝઘડિયા જીઆઈડીસી વિસ્તારમાં 10 વર્ષની બાળકી ઉપર ક્રૂરતાપૂર્વક દુષ્કર્મ આચરવાની ઘટનામાં વધુ એક દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. આ બાળકીનું આઠ દિવસની સારવાર બાદ મોત નિપજ્યું છે. બાળકીને બે દિવસમાં ત્રણ યુનિટ લોહી ચઢાવવામાં આવ્યું હતું, તેમ છતાં ગુજરાતની નિર્ભયાએ આખરે જીવ છોડી દીધો છે. GIDCમાં આવેલી શ્રમજીવી વસાહતમાં 16 ડિસેમ્બરે 10 વર્ષની બાળકી ઉપર દુષ્કર્મની ઘટના બની હતી. પડોશમાં રહેતા જ ઝારખંડના આરોપી વિજય પાસવાને કુમળી બાળકીને પીંખી નાખી હતી. દુષ્કર્મ પહેલા વિજય પાસવાને બાળકીના મોઢા ઉપર પથ્થરથી વાર કરીને લોહી લુહાણ કરી નાખી હતી અને પીડિતાના ગુપ્તાંગમાં સળીયો નાખીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. બાળકીની હાલત ગંભીર હોવાથી વડોદરાની એસએસજી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. સમગ્ર મામલે પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી હતી.

### 12 વર્ષ બાદ નિર્ભયા જેવો કાંડ

16 ડિસેમ્બર 2024નો એ દિવસ ઝારખંડનો આ પરિવાર ક્યારેય નહીં ભૂલે... જ્યારે પરિવાર પોતાના કામ અર્થે બહાર ગયો અને એકલતાનો લાભ ઉઠાવી હેવાન તેમની 10 વર્ષની બાળકીનું અપહરણ કર્યું અને નિર્જન સ્થળે લઈ જઈ પીંખી નાખી... ત્યારે આ ઘટનાએ 12 વર્ષ પહેલાં 16 ડિસેમ્બર 2012ના દિલ્હીમાં બનેલા નિર્ભયાકાંડની યાદને તાજી કરી દીધી હતી. હેવાન વિજય પાસવાને બાળકી પર એટલી હદે ક્રૂરતા આચરી હતી કે ભરૂચની હોસ્પિટલમાં બાળકીની એકવાર તો સર્જરી કરવામાં આવી હતી, પરંતુ એ સક્સેસ ન જતાં વડોદરાની હોસ્પિટલમાં તેની ફરી સર્જરી કરવી પડી હતી. તેમ છતાં હાલ બાળકીની સ્થિતિ ખૂબ જ નાજુક હતી. આ બાળકીને ફરી બાળરોગ વિભાગમાં આવેલા પીઆઈસીયુમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેના બે DNA સેમ્પલ લેવામાં આવ્યાં હતા.





### ડોક્ટરે કહ્યું- બપોરે 2 વાગ્યે અને સાંજે 5.15 એ બાળકી પર કાર્ડિયાક અરેસ્ટ આવ્યો

આ અંગે SSG હોસ્પિટલના ડોક્ટરોએ જણાવ્યું હતું કે, બાળકીને આજે બપોરે 2 વાગ્યે પહેલો કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. જે બાદ બાળકીની સ્થિતિ ખુબ જ ગંભીર બની હતી. જે બાદ નિષ્ણાંત ડોક્ટરો દ્વારા તેને સારવાર આપવામાં આવી, જેના કારણે બાળકી થોડી સ્ટેબલ થઈ હતી. પરંતુ 5:15 વાગ્યે બાળકીને ફરીથી કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. તે દરમિયાન હાજર નિષ્ણાંત ડોક્ટરોની ટીમ તાત્કાલિક સારવાર આપી હતી. પરંતુ આશરે 6:15 વાગ્યે તેણે દમ તોડ્યો હતો જે બાદ તેને મૃત જાહેર કરી છે. પોલીસ દ્વારા આગળ પોસ્ટમોર્ટમ સહિતની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. બાળકીના મોત પાછળ ઘણા બધા કારણો ભાગ ભજવે છે. બાળકીના આખા શરીરમાં સેપ્સિસ ફેલાઈ ગયું હતું. જેના કારણે બાળકીના ઓર્ગન પણ ફેઈલ થઈ ગયા હતા. તેના કારણે પણ કાર્ડિયાક અરેસ્ટ આવી શકે છે. પીડિતાના પરિવારની હાલત દુ:ખથી ભરેલી છે. અમે તેમને સાંત્વના આપીએ છીએ.

## કલોલમાં બાળકીની ઓપરેશન બાદ તબિયત લથડી, અમદાવાદમાં વધુ સારવાર દરમિયાન થયું મોત

### બાળકીનું નાક-કાન ગળાનું ઓપરેશન કરાવ્યું હતું

શ્રીરામ કાન, નાક, ગળાની હોસ્પિટલના ડોક્ટર મેહુલ પુજારાએ દર્દીને તપાસીને જણાવ્યું કે તેને ગળામાં કાકડા છે અને નાકમાં મસા છે, તેના કારણે તકલીફ થઈ રહી છે. પાંચ દિવસની દવા આપું છું અને ન મટે તો ઓપરેશન કરવું પડશે. ત્યારબાદ તેઓ પાંચ દિવસ બાદ ફરી આવ્યા હતા અને ત્યારે ડોક્ટરે ઓપરેશન કરવાનું કહ્યું હતું, જેથી બાળકીને ઓપરેશન માટે ઓપરેશન રૂમમાં લેવામાં આવી હતી. જ્યાં તેને એનેસ્થેસિયા આપવામાં આવ્યો હતો, ત્યારબાદ તેની સર્જરી કરવામાં આવી હતી.

### ઓપરેશન બાદ ઓક્સિજન લેવલ ઘટી ગયુ

સર્જરી બાદ ડોકટરે ગળાના કાકડા તેમજ નાકના મસાનું ઓપરેશન કર્યું હતું અને ઓપરેશન કરેલા કાકડા અને મસા દર્દીની માતાને બતાવ્યા હતા અને ઓપરેશનના એક કલાક બાદ બાળકી કોઈ પ્રતિભાવ આપતી ન હતી અને તેનું ઓક્સિજન લેવલ ઘટી ગયું હતું અને ધબકારા પણ ઓછા થઈ ગયા હતા, તેના કારણે હોસ્પિટલમાં તાત્કાલિક પીડિયાટ્રિકને બોલાવવામાં આવ્યા હતા અને બાળકીની હાલત ગંભીર હોવાથી તેને વધુ સારવાર માટે અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

### ડોક્ટરની બેદરકારીથી મોતઃ પરિવારજનો

સારવાર દરમિયાન તેનું મોત થયું હતું, બાળકીના મોત બદલ તેના પરિવારજનોએ કલોલના શ્રી રામ કાન, નાક, ગળાની હોસ્પિટલના ડોક્ટર મેહુલ પુજારા સામે બેદરકારીના આક્ષેપ કર્યા હતા. પરિવારજનોએ જણાવ્યું હતું કે તેમની હોસ્પિટલમાં વેન્ટિલેટર કે ઓક્સિજન કે અન્ય કોઈપણ સુવિધા ન હતી તેમ છતાં તેણે ઓપરેશન કર્યું હતું અને દર્દીની હાલત ગંભીર થઈ ગઈ હતી અને તેનું મોત નીપજ્યું હતું. ત્યારબાદ તેઓએ પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી હતી.

## AMCની જમીન પર ગુનાખોરીનો અડ્ડો બનાવી બેઠેલાં ઝુંપડાંઓ તોડી પડાશે

# ગુનેગારોના અડ્ડાઓ પર ફરશે 'દાદા'નું બુલડોઝર

(એજન્સી) અમદાવાદ | તા.23

અમદાવાદના રખિયાલ અને બાપુનગર વિસ્તારમાં જાહેરમાં તલવારો સાથે આતંક મચાવી પોલીસકર્મીઓને ડરાવનારા લુખ્ખાઓ રખિયાલ ગરીબનગર ચાર રસ્તા પાસે આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (ACP) ઓફિસની પાછળ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના પ્લોટમાં આવેલાં અકબરનગરના છાપરામાં રહેતા હતા. આરોપીઓએ સરકારી જમીન પર ગેરકાયદે મકાનો બનાવી દીધાં હોવાની સ્થાનિક કોર્પોરેટરની રજૂઆત બાદ મહાનગરપાલિકાએ બંને આરોપીનાં ઘર પર બુલડોઝર ફેરવી દીધું હતું. અકબરનગરમાં મોટેભાગે ગેરકાયદેસર ઝુંપડાંઓમાં કોમર્શિયલ ગોડાઉન બનાવી દેવામાં આવ્યા છે. તે તમામ જગ્યાનો 2016માં સર્વે કરવામાં આવ્યો હતો જે અનેક કારણોસર બે વાર અટક્યો હતો. જે બાદ હવે ફરી મનપા દ્વારા નોટીસ પાઠવી બે દિવસની અંદર સર્વે હાથ ધરવામાં આવશે અને ગુનાખોરીનો અડ્ડો બનાવી બેઠેલા ઝુંપડાંઓને તોડી પાડવામાં આવશે.



### સંપૂર્ણ એરિયામાં માત્ર 15થી 20 પરિવાર જ રહે છે

મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના પ્લોટમાં આવેલા અકબરનગરના છાપરાઓમાં ત્રણથી ચાર ગલીમાંથી પ્રવેશ કરી શકાય છે. ACP ઓફિસની પાછળ જ રોડ તરફ આગળના ભાગે આખું પૂંઠાનું મોટું ગોડાઉન બનાવેલું છે. સંપૂર્ણ એરિયામાં માત્ર 15થી 20 પરિવાર જ રહે છે. બાકી કોમર્શિયલ તરીકે ઝુંપડાંઓનો ઉપયોગ કરી દેવામાં આવ્યો છે. દારૂથી લઈને જુગાર જેવી પ્રવૃત્તિઓ હાલમાં ધમધમી રહી છે.

**એક જ વ્યક્તિના પાંચથી સાત ઝુંપડાં :** ગરીબ નગર ચાર રસ્તા પાસે ACP ઓફિસની પાછળના ભાગે આવેલા અકબરનગરના છાપરાને લઈને સરકારી તપાસમાં બહાર આવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના પ્લોટમાં અકબરનગરના છાપરામાં અંદાજિત 500થી વધુ ઝુંપડાંઓ આવેલા છે. છાપરાઓમાં ગેરકાયદેસર રીતે દીવાલ સાથેની ઓરડીઓ અને ઝુંપડાં ઉભા કરી દેવામાં આવ્યા છે, પૂંઠા-પસ્તીનું ગોડાઉન બનાવી દેવામાં આવ્યું છે. જેમાં એક જ વ્યક્તિના પાંચથી સાત ઝુંપડાંઓ આવેલા છે. આ છાપરામાં મોટાભાગે દારૂ-જુગાર અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થાય છે અને કેટલાક અસામાજિક તત્વોએ કબજો પણ કરી લીધો છે.

## કાર્તિક પટેલ સામે PMJAY યોજના કૌભાંડમાં નોંધાઈ શકે છે ફરિયાદ

(એજન્સી) અમદાવાદ | તા.23

ખ્યાતિ હોસ્પિટલ કેસમાં મુખ્ય આરોપી કાર્તિક પટેલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી છે ત્યારે આજે સુનાવણીમાં કાર્તિક પટેલ તરફે સિનિયર એડવોકેટ જાલ ઉનવાલા ઉપસ્થિત થયા હતા. તેમને કાર્તિક પટેલ સામે વસ્ત્રાપુર પોલીસ મથકે નોંધાયેલી ત્રણેય ફરિયાદોને ક્લબ કરવાની માંગ કરી હતી. આ સાથે જ સમયની પણ માંગ કરી હતી. જેથી, તે અરજી ઉપર હવે 26 ડિસેમ્બરે વધુ સુનાવણી યોજાશે. બીજી તરફ આ કેસમાં ઝડપાયેલા બે આરોપી પંકિલ અને પ્રતીક ભટ્ટે પણ ગ્રામ્ય કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. જેની સુનાવણીમાં અરજદારના વકીલે જણાવ્યું હતું કે, એક ફરિયાદમાં જે મૃતક છે તેની પાસે PMJAY યોજનાનું કાર્ડ નહોતું. વર્તમાન બંને અરજદારો ડોકટર નથી. પંકિલ મેડીક્લેમ એક્ઝિક્યુટિવ અને પ્રતીક માર્કેટિંગ આસિસ્ટન્ટ છે. આરોપીઓના પોલીસ ફરિયાદમાં નામ નથી. તેમને આ ઘટના વિશે કોઈ ખબર નથી. આરોપી ચિરાગ રાજપૂત સાથે તેમને પોલીસે ઝડપી પાડયા હતા. આ કેસ મીડિયા ટ્રાયલ બની ચૂક્યો છે. આરોપીઓના ફક્ત ત્રણ દિવસના જ રિમાન્ડ મેજિસ્ટ્રેટે આપ્યા હતા.

## હાઈકોર્ટે BZના કૌભાંડમાં ઝાલાની આગોતરા જામીન અરજી ફગાવી

(એજન્સી) અમદાવાદ | તા.23

લોકોને એકના ડબલ કરવાની લાલચ આપીને 6 હજાર કરોડ રૂપિયા સેરવી લઈ ભાગી જનારા સાબરકાંઠાના BZ ગ્રૂપના 6000 કરોડના કૌભાંડ મામલે ભૂપેન્દ્રસિંહ ઝાલાની આગોતરા જામીન અરજી હાઈકોર્ટે ફગાવી છે. ભૂપેન્દ્ર ઝાલાની ગમે ત્યારે પોલીસ ધરપકડ કરી શકે છે. ભૂપેન્દ્રસિંહ ઝાલા સામે 6 હજાર કરોડના કૌભાંડનો કેસ ભૂપેન્દ્રસિંહ ઝાલાના આગોતરા જામીન અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી છે. હવે BZ કૌભાંડમાં ભૂપેન્દ્રસિંહ ઝાલા હવે છટકી નહીં શકે કારણ કે, પોલીસ ભૂપેન્દ્ર ઝાલાની ગમે ત્યારે ધરપકડ કરી શકે છે. પોન્ઝિ સ્કીમની CID ક્રાઈમ હજુ પણ તપાસનો ધમધમાટ યથાવત રાખ્યો છે. હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન બન્ને પક્ષો વચ્ચે દલીલો થઈ હતી. તપાસ એજન્સીને 360 કરોડના ટ્રાન્ઝેક્શન મળ્યા છે. સિલેક્ટેડ લોકોના ખાતામાં જ પૈસા રિટર્ન થયા હોવાનું સામે આવ્યું છે. અત્યાર સુધી 100 પીડિત સામે આવ્યા છે. રેડ દરમિયાન એક જ બ્રાંચમાંથી 52 કરોડની રોકડ મળી છે. ગ્રોમોરમાં વર્ષ 81 લાખની ગ્રાન્ટ ફાળવી છે. ગ્રાન્ટમાંથી 75 લાખ BZના એકાઉન્ટમાં ગયા, ગ્રોમોરે રીપેરીંગ કામ માટે 10 કરોડની લોન લીધી છે.

## દારૂની પેટીઓ ઉતારવા બૂટલેગરો બાળકોને રાખતા

(એજન્સી) અમદાવાદ | તા.23

ગુજરાતમાં દારૂની 'બદી'ના કારણે અનેક લોકો પરેશાન છે. જેમાં ખાસ કરીને બૂટલેગર અમદાવાદમાં દારૂ ઘૂસાડવા અવનવા રસ્તા અજમાવી રહ્યા છે. તાજેતરમાં કેટલાક સોશિયલ મીડિયા પર રાજસ્થાનથી ગુજરાતના દારૂના ડિલિવરીના વીડિયો વાઈરલ થયા હતા. આ સંદર્ભે સ્ટેટ મોનિટરિંગ સેલે તપાસ કરતા ચાર લોકોની ઓળખ થઈ છે જેમાં બે તો નાના બાળકો છે. આ બાળકો દારૂની ડિલિવરી કરવા જતા સમયે બૂટલેગરો તેમની સાથે રાખતા હતા અને તેમને નાની મોટી મજૂરી આપતા હતા તેઓ પાસે દારૂની બોટલો લોડ અનલોડ કરાવાનું કામ કરાવાતું હતું, પરંતુ પોતાને ફેમસ થવા માટે આ લોકોએ ભેગા મળીને સોશિયલ



મીડિયા પર વીડિયો બનાવ્યા જેમાં બે સગીર સહિત ચારની અટકાયત કરીને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં વિદેશી દારૂના જથ્થા ભરેલી ગાડી સાથે કારચાલકે વીડિયો બનાવ્યો હતો. આ વીડિયો અલગ અલગ ચાર ઈન્સ્ટાગ્રામના એકાઉન્ટ પર અપલોડ થયો હતો. આ મામલે SMC દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી. ત્યારે SMCએ ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મથી માહિતી મંગાવી છે. જેમાં ચારે આઈડી ધરાવતા વ્યક્તિઓ સામે ગુનો નોંધી તપાસ કરવામાં આવી રહી છે. ચાર આરોપીઓમાં બે આરોપી સગીર છે. રાજ્યમાં દારૂબંધી હોવા છતાં પોલીસને પડકાર ફેંકતો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ વીડિયોમાં એક શખ્સ ગાડી ચલાવી રહ્યો હતો અને ગાડીમાં પાછળની સીટે દારૂનો જથ્થો રાખેલો હતો.

# શહેરમાં બાબા સાહેબની પ્રતિમાનું નાક તોડ્યું.....

## શાહના નિવેદન વચ્ચે આંબેડકરની મૂર્તિ ખંડિત, આરોપીઓ નહીં પકડાય તો 6 વાગ્યાથી અમદાવાદમાં આંદોલનોની ચીમકી

(એજન્સી) અમદાવાદ | તા.23

કેન્દ્રીય ગૃહમંત્રીએ સંસદમાં ડો. બાબાસાહેબ આંબેડકર પર આપેલા વિવાદાસ્પદ નિવેદન લઈને ચાલતા વિવાદ વચ્ચે અમદાવાદના ખોખરા વિસ્તારમાં તેમની મૂર્તિ ખંડિત થઇ છે. ખોખરામાં કે.કા. શાસ્ત્રી કોલેજની સામે જયંતી વકીલની ચાલીની બહાર ડો. બાબાસાહેબ આંબેડરની પ્રતિમાના નાકને અસામાજિક તત્ત્વોએ તોડી નાખતાં લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં છે. વહેલી સવારે સ્થાનિકોએ પોલીસને જાણ કરતાં ખોખરા પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. આ ઘટના બનતાં ચાલીના રહીશો બહાર રોડ ઉપર ધરણાં પર બેસી ગયા છે. મોટી સંખ્યામાં લોકો એકઠા થતાં એક તરફનો રસ્તો બંધ કરી ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. તો અમરાઈવાડીના કોંગ્રેસના કોર્પોરેટરે પણ ઘટનાસ્થળે પહોંચીને આવાં અસામાજિક તત્ત્વોની તાત્કાલિક ધરપકડ કરી તેમનો વરઘોડો કાઢવા માગ કરી છે. તો ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

### આરોપીઓ નહીં ઝડપાતાં સ્થાનિકોમાં રોષ

હજુ સુધી આરોપીઓ નહીં ઝડપાતાં સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જયંતી વકીલની ચાલીના રહીશોએ ચીમકી આપી છે કે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ખંડિત કરનાર આરોપીઓ જો આજ સાંજ સુધીમાં નહીં પકડાય તો અમદાવાદમાં 6 વાગ્યાથી બધે આંદોલનો શરૂ થઈ જશે. એક રોડ અત્યારસુધી બંધ કર્યો છે. હવે બંને રોડ બંધ કરવામાં આવશે. પોલીસને અમે વિનંતી કરીએ છીએ કે અમારી ધીરજ ખૂટી રહી છે, જલદીથી જલદી આરોપીને પકડીને અમારી સામે રજૂ કરો. દરમિયાન પશ્ચિમ લોકસભા બેઠકના સાંસદ દિનેશ મકવાણા, અસારવાના ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા, અમરાઈવાડીના ધારાસભ્ય ડો. હસમુખભાઈ પટેલ, મણિનગરના ધારાસભ્ય અમુલ ભટ્ટ સહિતના નેતાઓ ખોખરા ખાતે પહોંચ્યા હતા, જ્યાં તેમની હાજરીમાં સ્થાનિકોએ રોષ વ્યક્ત કર્યો હતો.



### ખોખરા વિસ્તારમાં મૂકવામાં આવેલી આંબેડકરની પ્રતિમાનું નાક તોડ્યું

ખોખરા વિસ્તારમાં કે.કા. શાસ્ત્રી કોલેજની સામેના ભાગે જયંતી વકીલની ચાલીના બહારના ભાગે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા મૂકવામાં આવેલી છે. આજે વહેલી સવારે જ્યારે સ્થાનિક લોકો ત્યાંથી પસાર થતા હતા ત્યારે આંબેડકરની પ્રતિમાના નાકને તોડી નુકસાન કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. આ વાત વાયુવેગે ફેલાતાં સ્થાનિકોનાં ટોળેટોળાં ભેગાં થઈ ગયાં હતાં. કોઈ અજાણી વ્યક્તિઓ દ્વારા આ કાવતરૂં રચી નુકસાન કર્યું હોવાથી પોલીસને જાણ કરવામાં આવી હતી. આ મામલે ખોખરા પોલીસ દ્વારા અજાણ્યા શખસ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

### જિજ્ઞેશ મેવાણીએ ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી



કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે, આ ગુજરાત અને દેશની શાંતિને ડહોળવાનો પ્રયાસ છે. દલિતોને જાણીજોઈને તેમની મશ્કરી કરીને તેમને ઉશ્કેરવાનો પ્રયાસ છે, એટલે હું માગણી કરૂં છું કે ખોખરામાં બાબાસાહેબની પ્રતિમાને નુકસાન કરનારા અસામાજિક તત્ત્વો વિરૂદ્ધ 24 કલાકમાં એફઆઈઆર કરીને ધરપકડ કરવામાં આવે, નહીંતર અમારે ઉગ્ર આંદોલન કરવા માટે મજબૂર બનવું પડશે.